Date of Publication 10th Posted on Every Month

ડિસેમ્બર : ૨૦૧૫
વર્ષ : ૧૦, અંક : ૫

₹ 20

समानो मन्त्रः । (ઋગ્વેદ)
समानी प्रपा । (અથર્વવેદ)

# પરબ

તંત્રી : યોગેશ જોષી



समानो मन्त्रः (ऋग्वेद) समानी प्रपा (अथर्ववेद)

# પરબ


સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૧૦ ડિસેમ્બર : ૨૦૧૫ અંક : ૫


---


**પરામર્શનસમિતિ**

| | | |
|---|---|---|
| **ધીરુ પરીખ** | **રતિલાલ બોરીસાગર** | **ઉષા ઉપાધ્યાય** |
| પ્રમુખ | મધ્યસ્થ સમિતિના સભ્ય | પ્રકાશનમંત્રી |

તંત્રી

**યોગેશ જોષી**



## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ .00 ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

# પરબ

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ _ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ _ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક _ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક _ ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક _ ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી _ ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા ᴅ૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

**'પરબ' સંવર્ધક : ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ ઍન્ડ કેમિકલ્સ લિ., વડોદરા**

E-mail : gspamd@vsnl.net ફોન અને ફેક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com

ISSNO250-9747 **પરબ** છૂટક કિં. _ ૨૦/-

માલિક : ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : **ઉષા ઉપાધ્યાય** (પ્રકાશનમંત્રી), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, અમદાવાદ ૩૮૦૦૦૯ □ તંત્રી : યોગેશ જોષી □ મુદ્રણસ્થાન : **શારદા મુદ્રણાલય**, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૯ ૨૬૫૬ ૪૨૭૯

વર્ષ : ૧૦ ડિસેમ્બર : ૨૦૧૫ અંક : ૫

## †Ãh~ÏU

**પ્રમુખપદેથી** : સાહિત્ય અને સ્વાયત્તતા, ધીરુ પરીખ, ૬

**કવિતા** : કોઈ ભેદ નથી, નિરંજન ભગત ૯, જીવી ગયાં, નીતિન વડગામા ૯, મિત્રોપનિષદ : હરિકૃષ્ણ પાઠક, મનોહર ત્રિવેદી ૧૦, ત્રણ લઘુકાવ્યો, રમણીક સોમેશ્વર ૧૧, કાળની પીઠ પર, અશ્વિની બાપટ ૧૨, વનપ્રવેશે, મહેન્દ્ર જોશી ૧૩, જ્યેષ્ઠે, મયંક પટેલ ૧૩, બે ગઝલ, કિશોર જીકાદરા ૧૪, બે ગઝલ, ભાવિન ગોપાણી ૧૫

**વાર્તા** : રક્ષણ, પન્ના ત્રિવેદી ૧૬, ઉઘાડ, પૂર્વી એન. ઉપાધ્યાય ૧૯

**નિબંધ** : હીંચકો, રમેશ કોઠારી ૨૪

**ભારતીય સાહિત્ય** : દહીં વેચનારી મંગમ્મા, લે. માસ્તિ આયંગર; અનુ. રસીલા કડીઆ ૨૭

**આસ્વાદ** : પિતૃપ્રેમની અમૂંઝણનું ગીત, યોગેન્દ્ર વ્યાસ ૩૯

**અભ્યાસ** : રાજેન્દ્ર શાહની કવિતામાં જીવનદર્શન, પ્રવીણ દરજી ૪૩

**અભ્યાસ** : વાર્તા ક્યાંથી મળે છે ?, રજનીકુમાર પંડ્યા ૫૨

**ગ્રંથસમીક્ષા** : નારીવાદી અભિગમ સાથે દમિત પાત્રો પ્રત્યે સહાનુભૂતિ..., રાધેશ્યામ શર્મા ૬૦, હેઠેથી ખસી ભોંય, હિમાંશી શેલત ૬૩, અવકાશ રચતી વાર્તાઓ, ઇલા નાયક ૬૬, એકવીસમી સદીનાં અનોખાં બાળ-કિશોરનાટકો, નટવર પટેલ ૭૦, કવિની અંદર અંદર ‘તેજ લિસોટા ત્રાડ’ અહો ! કેવું આશ્ચર્યમ્, રમેશ પટેલ ૭૪

**આવરણચિત્ર** : સંદર્ભનોંધ : પીયૂષ ઠક્કર ૭૮

**આપણી વાત** : સંકલન : પ્રફુલ્લ રાવલ ૮૦

**પત્રસેતુ** : નરોત્તમ પલાણ, ડંકેશ ઓઝા, ૮૫

**આ અંકના લેખકો** : ૮૭

# સાહિત્ય અને સ્વાયત્તતા

ધીરુ પરીખ

કોઈ પણ કલા તેના કલાકારના સ્વાતંત્ર્યને સ્વીકાર્યા વગર આગળ વધી શકતી નથી. પ્રાચીન કાળથી દેશવિદેશમાં કલાકાર સમાજમાં વિશિષ્ટ સ્થાન ધરાવતો આવ્યો છે. આપણે ત્યાં દેશી રાજ્યો-રજવાડાં પોતાના પ્રદેશના કલાકારને પોષક બની રહેતાં હતાં. હા, પણ એનો અર્થ એ નહીં કે કલાકાર પોતાને પોષનારનો ગુલામ બનીને રહે. જ્યારે સમાજ પૂર્ણ વિકસિત નહોતો, શિક્ષિત નહોતો, સ્વસ્થ નહોતો ત્યારે કલાકારને કોઈનો આશ્રય લઈને ચાલવું પડતું કે ચલાવવું પડતું. આથી જ બારોટો પોતાના આશ્રયદાતાની શબ્દઆરતી ઉતારતા હતા. ભાટચારણો અન્યોના આશ્રયે જીવનવ્યવહાર ચલાવતા હતા. એ સંજોગોમાં કોઈ પણ આશ્રયદાતાની અવહેલના સર્જક કરી શકતો નહોતો. હા, સર્જન તો એણે કરવું જ રહ્યું, પણ વિવશતા એને ભાટાઈ તરફ દોરી જતી હતી. સર્જકના જીવનની આ જ મોટી કરુણતા હતી.

આવા વાતાવરણમાંથી ધીમે ધીમે સર્જક કલાકાર બહાર નીકળતો થયો ત્યારે તેને અનેક પ્રકારે ભૌતિક કિંમત ચૂકવવી પડતી. સુંદર નૃત્યાંગનાઓ તેના માલિકની દયા પર જાણે જીવન ચલાવતી હતી. ચિત્રકારો-શિલ્પીઓ પોતાના આશ્રયદાતાના અમુક અંશે ગુલામ હતા. પણ ઉપર જણાવ્યું તેમ કલાકારો સ્વનિર્ભર બની સ્વમાનભેર જીવવાનું પસંદ કરવા લાગ્યા. સાહિત્ય પણ એક કલા હોઈ તેના સર્જકે પણ સ્વમાનપૂર્વક અને સ્વ-રુચિ પ્રમાણે જીવનવ્યવહાર કરવો ઇષ્ટ ગણ્યો. ઇટલીમાં ત્યાંના મહાન કવિ ડૅન્ટિને રાજ્યની દખલગીરી પોતાના જીવનમાં પસંદ ન પડતાં તે ઇટલી છોડીને જતો રહ્યો અને ત્યાર પછી જ એણે એનું વિશ્વપ્રસિદ્ધ મહાકાવ્ય 'ડિવાઈન કૉમેડિ' સર્જ્યું. એણે બધી જ મુશ્કેલીઓ વચ્ચે શબ્દની સાધના કરી. એણે એના શબ્દને કોઈનો ગુલામ ના થવા દીધો. જાણ્યે-અજાણ્યે પણ એણે સાહિત્યકલાની સ્વાયત્તતા જાળવી રાખી છે.

બ્રિટનમાં 'પોએટ લૉરિએટ'ની પ્રથા હતી, જેમાં કોઈ કવિને રાજ્ય પોતાનો બધો જ સહકાર આપે અને તેને સન્માનનીય ગણે, પણ તેણે કોઈ મહત્ત્વના રાજકીય પ્રસંગે પોતાના રાજાને અર્ઘ્ય આપતી કે તેની પ્રશંસા કરતી સાહિત્યિક રચના કરવી પડે, પણ કાયમ માટે એને આ પ્રકારે સર્જન કરવાનું રહેતું નહીં. એ પોતાની મરજીનો તો માલિક હતો જ. આવો પ્રથમ 'પોએટ લૉરિએટ' બનનાર હતો જૉન ડ્રાઇડન કે જેણે આ હોદ્દો ૧૬૬૮થી ૧૬૮૮ એમ બે દાયકા સુધી સ્વીકાર્યો હતો. આવા રજવી કવિનું સ્થાન અમેરિકામાં પણ જન્મ્યું. આમ છતાં વૉલ્ટ વ્હિટમન પોતાની ઇચ્છાનુસાર જ સર્જન કરતો.

આ રીતે શું અહીં ભારતમાં કે વિશ્વમાં અન્યત્ર સર્જક સાથે સરકારનો નાતો સંકળાયેલો રહેતો આવ્યો છે. આપણે ત્યાં તાનસેન જેવો ગાયકસમ્રાટ રાજ્યના માનીતા કલાકારોમાંનો એક હતો. પણ એ રાજ્યાશ્રયી હોવા છતાં પોતે સ્વતંત્ર રીતે પોતાના સૂરની કલાને સમર્પિત હતો. બિથોવનનું સંગીત તેને પોતાને વશ હતું અથવા કહો કે બિથોવન પોતાના સંગીતને વશ હતો. એ પોતાના સૂરાલાપ માટે પોતાની સ્વતંત્ર રીતિભાતિ નિપજાવતો અને એને માટે કોઈની પણ સલાહ કે કોઈનાં સૂચન પર તે અવલંબિત રહેતો નહીં. આમ, જગતના ઉત્તમ સંગીતકારોમાંનો એક બનવા તે માત્ર ને માત્ર સ્વાયત્ત હતો.

જ્યારે અહીં સાહિત્યકારની વાત કરું છું ત્યારે આ જ સ્વયંનિર્મિત સિદ્ધાન્ત તેના સર્જનનું ચાલકબળ છે. સાહિત્ય શબ્દની કલા છે અને શબ્દનો ઉપયોગ મનુષ્ય પોતાના વિચાર-ભાવ-લાગણીને અભિવ્યક્ત કરવા કરે છે. આ લાગણીનું મૂળ કોઈ સામાજિક ઘટનામાં, રાજકીય ઘટના-વિચારમાં હોય, અંગત કે પારિવારિક પ્રસંગમાં હોય પણ જ્યારે તે શબ્દબદ્ધ બને છે ત્યારે તે તેના વાપરનારને અધીન છે.

સર્જકના મન-હૃદયમાં જ્યારે કોઈ ભાવ નિષ્પન્ન થાય છે ત્યારે તે નિરાકૃત છે. એનો પ્રથમ ભોક્તા સર્જક પોતે જ છે. એ ધારે તો પોતાના ભાવાનુભવ તેના નિરૂપણ માટે કે તેને શબ્દબદ્ધ કરવા માટે કલમ ના પણ ઉપાડે. વળી, જો અને જ્યારે તે પોતાના ભાવસંવેદનને શબ્દબદ્ધ કરવા ઇચ્છે ત્યારે શબ્દપસંદગી, વાક્યરચના, લય ઇત્યાદિ પોતાની સૂઝસમજ પ્રમાણે તે પસંદ કરતો હોય છે. કોઈ તેને પરાણે લખાવી શકતું નથી. એની આ સ્વયંપર્યાપ્ત અવસ્થા છે એટલે કે તે સ્વાયત્ત છે. પણ પોતાના લખાણને તે પ્રકટ કરે છે ત્યાર બાદ તે રચના સર્વાધીન બની જાય છે. અલબત્ત, એના મૂળ સ્વરૂપમાં કોઈ ફેરફાર કરી શકતું નથી. વળી, સર્જકે પોતાનું લખાણ પ્રકટ કરવું કે નહિ, પ્રકટ કરવું તો ક્યાં પ્રકટ કરવું તે તેનો અબાધિત અધિકાર છે.

આપણે જાણીએ છીએ કે કવિ કાન્તે 'પૂર્વાલાપ' પ્રકટ કરતાં પૂર્વે પોતાની અનેક રચનાઓનો નાશ કર્યો હતો. આમ, કવિ-સર્જક શું કરવું, શું ન કરવું તેને માટે તે પોતાને જ વશવર્તીને ચાલે છે. હા, એવું બને કે જ્યારે એ સર્જન કરતો હોય કે કોઈ કૃતિનું સર્જન કરી ચૂક્યો હોય ત્યારે પોતાના મત પ્રમાણે કોઈ સમર્થ સર્જક-વિવેચક પાસે તે કૃતિ નાણવા કે પ્રમાણવા મૂકે ત્યારે તે જેની પાસે એ કૃતિ મૂકી છે તેના અભિપ્રાયની અપેક્ષા રાખે તે એક વાત છે અને તે અન્યનું સૂચન ન પણ સ્વીકારે કે સ્વીકારે તે તેની સ્વાયત્તતાનો પ્રશ્ન છે. ટી. એસ. એલિયટે પોતાના કાવ્ય 'ધ વેસ્ટ લૅન્ડ'નો કાચો મુસદ્દો એઝરા પાઉણ્ડને વાંચવા આપ્યો ત્યારે પાઉણ્ડે એમાં અનેક સુધારા સૂચવ્યા હતા. એલિયટને એ સુધારાઓ માન્ય લાગ્યા તેથી તેનો સ્વીકાર કર્યો તે પણ તેમની સ્વાયત્તતા છે. જો સુધારાઓ માન્ય ન હોત તો તેનો અસ્વીકાર કરવાની પણ તેમની

સ્વાયત્તતા અબાધિત રહે છે.

કવિ ન્હાનાલાલે ગાંધીજીની આઝાદીની ચળવળના કાર્યક્રમથી અસંતુષ્ટ થઈ કાવ્ય લખ્યું : ‘વર્ધાનો વંઠેલો’. પણ એ કાવ્ય એમણે પ્રકટ ના કર્યું એ એમની સ્વાયત્તતા. ત્યાર પછી એ જ ગાંધીને વધાવતું કાવ્ય રચ્યું ‘ગુજરાતનો તપસ્વી’ જે એમણે પ્રકટ કર્યું. આમ, પોતાના સર્જનનું શું કરવું તે તેના સર્જકની સ્વાયત્તતા પર નિર્ભર છે.

લોકસાહિત્યની બાબતમાં આ સ્વાયત્તતાનો પ્રશ્ન ઊભો થતો નથી. લોકસાહિત્ય આરંભે કંઠોપકંઠ આગળ વધતું રહ્યું. એના સર્જક વિશે કોઈ વિશેષ વ્યક્તિનું નામ નહિ તેથી તે લોકસાહિત્ય કહેવાયું. આમ જે સાહિત્યના સર્જક વિશે કશી જાણકારી ના હોય ત્યાં સર્જકની સ્વાયત્તતાનો સવાલ જ ઊભો થતો નથી. આથી જ એમાં પાઠાંતરો પણ થતાં રહ્યાં છે. મધ્યકાલીન સાહિત્યના સર્જકોની કૃતિઓની હસ્તપ્રતો મળે છે તો ખરી, પરંતુ એ જુદા જુદા લહિયાઓને હાથે લખાઈ હોવાથી એમાં પણ પાઠાંતરો જોવા મળે છે. આવા સંજોગોમાં સંપાદક કે વિવેચકે પોતાની બુદ્ધિમત્તાનો આધાર લેવો પડે છે. આથી ત્યાં પણ સ્વાયત્તતાનો પ્રશ્ન ઊભો થતો નથી. પરંતુ અર્વાચીન કાળમાં જ્યારથી સર્જક પોતાના નામ સાથે પોતાની રચનાઓ સર્જતો થયો ત્યારથી તો સર્જકની સ્વાયત્તતાનો પ્રશ્ન અચૂક મહત્ત્વનો બની રહે છે.

સર્જક જે સ્વરૂપ અને જે નિરૂપણરીતિ અખત્યાર કરવી હોય તે બાબતમાં તે સ્વતંત્ર છે, સ્વાયત્ત છે. પણ તેના પ્રકાશનના કૉપીરાઇટ અને સ્વાયત્તતા વચ્ચેનો તફાવત સમજી લેવો જોઈએ. કૉપીરાઇટ પૂરો થતાં જે તે સર્જકની કૃતિનો કોઈ પણ ઉપયોગ કરી શકે છે, પણ એની સ્વાયત્તતા કાયમી રહે છે. કૉપીરાઇટ પૂરો થયા પછી પણ કોઈ જે તે સર્જકની કૃતિમાં કશો જ ફેરફાર કરી શકતો નથી તે સર્જકની સ્વાયત્તતાનો નિર્દેશ કરે છે. આ રીતે જોવા જઈએ તો કોઈ પણ કળામાં તેના કલાકારની સ્વાયત્તતા મહત્ત્વની બને રહે છે. પોતાની સર્જનકૃતિનું શું કરવું કે શું ન કરવું તે સર્જકનો અબાધિત અધિકાર છે અને આ પરિપ્રેક્ષ્યમાં સાહિત્યસર્જન પરત્વે સાહિત્યસર્જકની સ્વાયત્તતા સર્વસ્વીકૃત છે.

18

## કોઈ ભેદ નથી / નિરંજન ભગત

હવે તમે મને ચાહો કે ન ચાહો એમાં કોઈ ભેદ નથી,
હવે તમે નિકટ હો કે દૂર હો એનો કોઈ ખેદ નથી.

તમે મને ચાહ્યો'તો એ કથા શું શૂન્યમાં શમી જશે ?
આયુષ્યના અંત લગી એ તો સ્મરણોમાં રમી જશે.
અતીત અને અનાગત એ બેની વચ્ચે કોઈ છેદ નથી.

મારા અસ્તિત્વને તમે ક્યારેય તે નહિ હરી શકો,
જે હતું તેને ન હતું એવુ તમે નહિ કરી શકો;
જે મિથ્યાનેયે સત્ય માને એવો પાંચમો કોઈ વેદ નથી.

## જીવી ગયાં | નીતિન વડગામા

હું, તમે ને આપણે જીવી ગયાં,
બંધ એવા બારણે જીવી ગયાં.

સાવ કોરા ઓરડા ને ઉંબરા,
સાવ સૂના આંગણે જીવી ગયાં !

હાડ તો થીજી ગયું'તું, આખરે –
આંસુઓના તાપણે જીવી ગયા.

એમનો ભેટો ફરીથી ના થયો,
છેવટે સંભારણે જીવી ગયાં.

જે ટહુકતું એ ટપકતું આંખથી,
એમ ભીની પાંપણે જીવી ગયાં.

શ્વાસની સરહદ સુધી પ્હોંચ્યાં હતાં,
તોય પણ શા કારણે જીવી ગયાં ?

આમ અવલંબન હતું ક્યાં કાંઈ પણ ?
એક કાચા તાંતણે જીવી ગયાં !

# મિત્રોપનિષદ : હરિકૃષ્ણ પાઠક | મનોહર ત્રિવેદી

સાંભળશો ને ?
સાંભળશો હરિકૃષ્ણ ?
ક્યાંથી, બોલો ક્યાંથી લાવ્યા દરેક ટેરવે આંખ ?
નાનીસરખી રેખા
કાગળ પર જ્યાં પડી અમસ્થી
થઈ સજીવન ત્યાં તો આલ્લે, પતંગિયાની પાંખ.

ખૂણેખાંચરે હશે લપાઈ હજીય આરસલગ્ગી
'ઉતાવળી' પણ રાંક
સડકને કાંઠે સંકોડાઈ દિયે છે આછો આછો સાદ :
જીવતું કર પાછું બોટાદ.

પ્રસંગ ને ઘટનાઓ
ચહે ઊતરવા વ્યથા-કથાઓ
વીલે મોઢે અવાવરું ઘાંચીનાં ઘર
લુવારની કોઢે બે પગ જાવા સારુ વળે
વળગશે તે સૌ તત્ક્ષણ ગળે.

લૅપટૉપ, કમ્પ્યૂટર, ટીવી વિડિયો મોબાઇલ હોય ત્યાં
કોણ કરે છે સ્પૃહા ?
દૂર દૂર વાડી-ખેતરમાં વાસુ કરતા બોલાવે છે
ગળતી રાતે ભજન સળુકા દુહા.

ગાંધીનગર-
હા, ગાંધીવગર શું ગોઠે ?
સાચ્ચું કહેજો : કોણ હીંચતું હોઠે ?
અહીંની ચપટીક ધૂળ આપતી ચૈતરમાં શીતળતા
પોષમાં થૈ જાતી જે ઉષ્ણ
ક્યાં છો ? ક્યાં છો ? બોલો ને, હરિકૃષ્ણ !

# ત્રણ લઘુકાવ્યો | રમણીક સોમેશ્વર

(૧)
આકાશમાંથી
ટપકતું પાણી
માટી ભેદી
ભૂગર્ભમાં પહોંચી
મૂળિયાંના રેષા પકડી
પાછું
પહોંચી જાય છે
આકાશે.

(૨)
આકાશ સામે
જોતાં જોતાં
ઝાડ
નદી બની ગયું
અને
આકાશ દરિયો;
હું
બની ગયો વાદળ;
પછી
ધીમે ધીમે
મારું રૂપાંતર
કાગળમાં થવા લાગ્યું
અને
કાગળનું
કવિતામાં.

(૩)
અંગૂઠે
તર્જની ટેકવી
લખોટીની જેમ
છુટ્ટો મૂકું શબ્દને
શબ્દ
ગબડતો ગબડતો
ગબી સુધી પહોંચવા મથે
ને
ગબી તો
દૂર ને દૂર થતી જાય.

# કાળની પીઠ પર | અશ્વિની બાપટ

(૧)

ખબક ખબક
ખાબકે છે
દિવસરાત
રાતદિવસ.

ખચોખચ
ભરાતું જાય છે
વિગતાશય
રચાતાં જાય છે
વીજાણુ-જાળાં
અનંતતામાં.

લોપી નાખું
કોઈ એકાદ વિગત
મારા પૂરતી
તોય
ભમતી રહેવાની
મારી કોઈ તે અંગત વાત
અવકાશમાં.

(૨)

આમ તો
પસાર થઈ જવાય છે
કાળની પીઠ પર
સડસડાટ
સરકી જવાય છે આગળ
જાણે તે હોય જ નહીં તેમ
સદૈવ ઝગમગતા શહેરના
શ્વેતરવ
ગણકાર્યા વગર
પોતાનાં પગલાંની છાપ
અનેક દરેકનાં પગલાં વચ્ચે
જોયા વગર
નીકળી જવાય છે

પણ ક્યારેક
કોઈ એકાદ દિવસ
માથે એવો અફળાય
કે થોભી જવાય છે
ક્ષણ-બે-ક્ષણ
સંભળાય છે
કાળનો નાભિસ્વર.

સંચારની અખિલાઈમાં
હું
ગતિહીન
જોઉં છું આસપાસ
હાથીઘાસ
જેવાં ઊગી આવેલાં
વિગતવનમાં
વણઊકલી કોઈ વાત શોધતાં

સરી પડું છું
હાથપગ વિનાની
જમા થઈ ગયેલી
ક્ષણો વચ્ચે.

## વનપ્રવેશે | મહેન્દ્ર જોશી

શાલિની

તે સંક્રાંતિ ઉત્તરે આભ મ્હોરે
પંખી જેવા ઊડતા કૈં પતંગો
ગીતો મીઠાં ગુંજતી ફિલ્મનાં હું
(પિયા, જૈસે પતંગ સંગ દોર)
ત્યાં તો સ્મૃતિ-વાયરે હું તણાઈ.

તારામૈત્રી નેત્રના કર્ષણોથી
ગૃહે આવી એમ આકાશિકાથી
ખેંચી લાવ્યો તું મને ઓરડામાં
વૃષ્ટિ સૃષ્ટિ પુષ્પની ચુમ્બનોમાં.

મોંઘી ભેટો ગાઢ આશ્લેષ ઘેરો
જાણે મારા દેહપુષ્પે પુરાયો
ન્હાતી નિત્યે ગંધના એ ફુવારે
હું ક્યાં આજે મુક્ત છું સ્મૃતિપાશે ?

વીત્યાં વર્ષો, પાસ આવે હજી તું
હું કાપેલી કો પતંગે પડી છું !

## જ્યેષ્ઠે | મયંક પટેલ

ખેતરે,
જ્યેષ્ઠની બળબળતી બપોરે,
શેઢો સૂકો ખર ખર ખરતો.

ઊની હવાને
ખૂણે ઊભેલો બળદ રેઢો
ઢીંક ઘડી ઘડી મારતો.

કોયલકંઠેથી છૂટેલો ટહુકો
તમ્મર ખાઈને
નભેથી પળમાં હેઠે પડતો.

કોરાધાકોર ધોરિયે
કાળઝાળ આ બપોરે
રેલો રેતીનો વહેતો.

પૂગવા ઢેલ કને એણી પેર
ઢેફાં ઉપર
દોડતો મોર અધવચ્ચે પછી ફસડાતો.

સ્થિર થઈને થોરે
કાચિંડો પીળો
બપોર આખી અધખૂલી આંખે ગાળતો.

વખડા હેઠ
બેઠો બેઠો ક્યારનો
ક્ષિતિજે વાદળ શ્યામ હું શોધતો.

# બે ગઝલ | કિશોર જીકાદરા

## ૧. ચૂંટો ત્યારે...

ચૂંટો ત્યારે હાથ તમારો કેમ ધ્રૂજે છે ?
અઘરા પ્રશ્નો કાયમ અમને ફૂલ પૂછે છે !

સાચેસાચો ઉત્તર તમને ઝરણું દેશે,
પૂછો એને, આંખો તારી કોણ લૂછે છે ?

એક સવારે ભીના કંઠે ઝાકળ બોલ્યું,
માનો છો ને, રાતે રાતે આભ રૂએ છે !

જે રસ્તેથી ઘૂસે છે આ ઘરમાં શ્રાવણ,
દાધારંગો સૂરજ ત્યાંથી રોજ ચૂવે છે !

કારી એની નહીં ફાવે, સપનાને કે'જો,
રાતોની રાતોથી અહીંયાં કોણ સૂવે છે ?

ગળચટ્ટાં વખ આંખોથી પીધાં છે એણે,
મારણ એનું તમને સાજણ કોઈ સૂઝે છે ?

સમય નામનું બાળક હમણાં વંકાયું છે,
હળવા હાથે તેડું તોયે પોક મૂકે છે !

## ૨. સાદ કરું તો...

સાદ કરું તો કામ બધાં છોડીને આવે,
પડઘો મારા સરનામે દોડીને આવે !

પ્હેલી નજરે પોપટ એ પરદેશી લાગે,
બચકારો તો સરહદ એ તોડીને આવે !

તોરતરીકા અસ્સલ એના તારા જેવા,
ખુદને મળવા દર્પણ એ ફોડીને આવે !

પૂરેપૂરો માવડિયો લાગે છે અમને,
હડસેલું તો પડછાયો ચોંટીને આવે !

ચોમાસાની લાજશરમ નડતી લાગે છે,
નૈ તો સૂરજ વાદળ કાં ઓઢીને આવે ?

છેદ કરું હું દરિયામાં તો દરિયો ડૂબે,
સપનું આવું નાનકડી હોડીને આવે !

## બે ગઝલ | ભાવિન ગોપાણી

### ૧. ઊંચો થયો છે ઉંબરો

જ્યાં વિચાર્યું કે હવે પગલું ભરો,
છત સુધી ઊંચો થયો છે ઉંબરો.

માનવીમાં છે નવી ફૅશન હવે,
જેમ ફાવે એમ ઈશ્વર ચીતરો.

ડૂબતાને હાથ જો આપી શકાય ?
હાથમાં ઊગી શકે છે મોગરો.

કંઈ ખરીદું જાતને વેચ્યા વગર,
એટલી તો વ્યાજબી કિંમત ભરો.

આપનું આ આવવું ટોળે વળી !
આપણે મળવું નથી પાછા ફરો.

સ્હેજ ફાવ્યું ઘર મને વર્ષો પછી,
ત્યાં જ માલિકે કહ્યું ખાલી કરો.

### ૨. શું લઉં હું આ નદીમાંથી ?

હવે તો તું જ કહે કે શું લઉં હું આ નદીમાંથી ?
તરસને કોઈ પણ કાઢી શક્યું છે માછલીમાંથી ?

ગયા’તા જે, થયાં વર્ષો છતાં પાછા નથી આવ્યા,
ક્ષણો બેત્રણ ઉછીની લાવવા આખી સદીમાંથી.

અમારી જિંદગીમાં આવશે વૈભવ ખરેખર, જો,
અમે પામી શકીશું કંઈ તમારી સાદગીમાંથી.

નથી મેં હાથ ઈશ્વરથી મિલાવ્યો આ જ કારણથી,
ઉતારી ના શક્યો એ પણ સુદર્શન, આંગળીમાંથી.

અમારા અંગનું આ સૈન્ય આજે શાંત શાને છે ?
થયો લાગે છે રાજા ગુમ અમારી છાવણીમાંથી.

18

## રક્ષણ | પન્ના ત્રિવેદી

'પછી શું થયું ?' પત્ની એકીશ્વાસે બોલી ગઈ. તેની પહોળી થઈ ગયેલી આંખ પતિના તંગ ચહેરાને તાકી રહી.

-'થવાનું શું હતું ? જ્યાં હતો ત્યાં તો પળેપળે એમ જ લાગતું હતું કે આજે જીવતા પાછું નહીં જવાય ઘેર. એક તો સાંકડી ગલી, ગલીની અંદરેય પાછી કેટલીય ગલીઓના છેડા અડે. ને પાછી મુખ્ય રસ્તા પરની ગલી, બંને બાજુ જાહેર રસ્તા... કયા રસ્તેથી, કયા ખૂણેથી કોણ કેવું ઘૂસી આવે ? શું ખબર ? એક-એક ક્ષણ એવી ભારઝલ્લી હતી કે ક્ષણે ક્ષણે છાતી ભીંસાતી હતી. દીવાલે ચોંટીને ક્યાંય લગી ફફડ્યા કર્યું... ચારે તરફ શોરબકોર, ચિચિયારીઓ, મારો-કાપો-સળગાવો. પાછું વચ્ચે વચ્ચે એકદમ ભયંકર સન્નાટો, અને ઘડીકમાં કોઈ પણ પળે સન્નાટાને ચીરતી ભયાનક ચીસો... લુંગી પહેરેલો એક માણસ તો કસાઈની જેમ જ ઉઘાડો છરો લઈને જે દોડેલો... બકરો કાપવાનો હતો કે માણસ ? ક્યાંક ક્યાંક આગના કાકડાઓ છુટ્ટા ફેંકાતા હતા. મને તો એવું જ લાગતું હતું કે આજે જ, જીવતેજીવ મારો અગ્નિદાહ દેવાઈ જશે. હું જ્યારે કોઈક સુરક્ષિત ખૂણો શોધતો હતો ત્યારે કોઈકે એક છુટ્ટો કાકડો મારી ઉપર પણ ફેંકેલો. પણ હું તરત જ નીચે બેસી પડ્યો. માંડ બચ્યો.'

-'હે ભગવાન ! મેં તો દેવી મા પાસે આખી રાત તમારા નામનો અખંડ દીવો રાખ્યો. પણ ખરું કહું તો હું જ રાત આખી દીવાની જેમ બળતી રહી. પછી ?' પત્નીની આંખો છલકાઈ ઊઠી. તેની આંખો ચમકવા માંડી.

-'સાંજ પડવા જ આવેલી, ઑફિસ છૂટવાને થોડી જ વાર હતી કે એકદમ અમને કહી દેવામાં આવ્યું કે શહેરમાં તોફાનો ફાટી નીકળ્યાં છે. પરિસ્થિતિ એકદમ જ એટલી હદે વણસી ગઈ છે કે કાબૂબહાર થઈ પડી છે. ઘરે ચાલ્યા જાવ. આટલું કહીને કહેનાર પોતે જ નાસવા માંડ્યો... પણ એકદમ નીકળી કઈ રીતે પડાય ? ઘર કંઈ એટલું નજીક હતું કે બે પગલાંમાં ભરાઈ જવાય મંઈ ! કેટલા રસ્તા ક્રૉસ કરવાના ? રસ્તે કેટલાં માણસો મળવાનાં ? એકથી બચો, બીજાથી બચો પણ મળનારો ત્રીજો મારનારો નહીં હોય તેની શું ખાતરી ? નાસભાગ કરતાં કોઈ બોલ્યુંય ખરું કે થોડેક દૂર છેવાડે જ રૂપાલી ગેસ્ટહાઉસ છે. આપણાવાળાનું જ છે. એ લોકો આપણને ચોક્કસ અંદર લઈ લેશે. બસ, ત્યાં સુધી પહોંચવું પડે. મેં દોડતા-નાસતા માણસોમાં હરપાલને શોધવાનો પ્રયાસ કર્યો પણ તે કશે દેખાયો નહીં. એનો વિચાર મને આવ્યો. પણ તેને મારો વિચાર સુધ્ધાં નહીં આવ્યો હોય. એટલે જ તે મને મારી પૂછપરછ કરતો કશે દેખાયો નહીં. આવા પાડોશી શું કામના, જે ખરે ટાંકણે આપણો વિચાર ન કરે ! ટોળાની સાથે હુંય

વછૂટ્યો. લાગલો જ દોડ્યો. ડર... ડર... ને ડર ! લુપાતા-છુપાતા... જ્યાં જરીક સરખી અંધારી-અવાવરી કે નિર્જન જગા મળી કે ભરાઈ રહ્યો. લાગ મળે કે બંધ દુકાનોના શટરને અડી અડીને ચાલતો રહ્યો અને ગલી પાસે પહોંચી ગયો. થયું કે આપણાવાળો કોઈક ઘરમાં લઈ લે. પણ બધાં ઘરોએ બીકના માર્યા આંખ મીંચી દીધેલી. આંખ ખોલે તો સામે કોઈકની ઉઘાડી આંખની શરમ ભરવી પડે ને ! .... ને ગલી ? સન્નાટો પાથરતી જાણે મરવા પડેલી. મને થયું કે આજે સાચે જ જીવતા નહીં જ પહોંચાય ઘેર.'

-'દેવીમાની કૃપા.' પત્નીએ આંખ મીંચી દઈ, નમન કરી, મંગળસૂત્રના કાળા મણકાઓ પોતાની મુઠ્ઠીમાં લઈ બે ઘડી દાબી રાખ્યા. તેની આખી હથેળી પરસેવો થઈ ગઈ. ગભરાટભર્યા ચહેરે તેણે પૂછ્યું : 'પછી ? કોણે લીધા તમને અંદર ?'

-'કોઈ કરતાં કોઈએય નહીં. મેં જાતે જ એક ત્રિકોણિયો ખૂણો શોધી નાંખ્યો. એટલી જ વારમાં મેં કોઈકનો તીણો તીણો અવાજ સાંભળ્યો. મેં જોયું કે એક સ્ત્રી ઝીણું-ઝીણું રડતી હતી. તે બે જ શબ્દો બોલ્યે જતી હતી : 'મારાં છોકરાં... મારાં છોકરાં...' એના હાથમાં એક કાગળનું પડીકું હતું. રડતાં રડતાંય તેણે તે કચકચાવીને પકડી રાખ્યું હતું. મેં ધીમેથી એને કહ્યું કે રડવાનું બંધ કર ! હાથે કરીને આપણા અહીં હોવાની ખબર આપવાની શી જરૂર ? તું તો મરીશ પણ મનેય મારતી જઈશ કમબખ્ત ! તે વખતે મને એકદમ ગુસ્સો આવી ગયેલો એટલે અપશબ્દ નીકળી પડ્યો. બાકી તું તો જાણે જ છે કે સ્ત્રીઓને હું કેટલા આદરથી જોઉં છું. પણ તે તો રડતી જ રહી. જોકે થોડી વારે મારો અવાજ સાંભળીને તેના જીવમાં જીવ આવ્યો અને મદદ માટે તેણે મારી તરફ હાથ લંબાવ્યો. હું થોડેક નજીક સર્યો. મેં જોયું કે તેને પથ્થર વાગ્યો હતો. માથું લોહીલુહાણ હતું. પેલા પડીકામાંથી રોટલાના થોડાક ટુકડા દેખાતા હતા. દેખાવમાં થોડીક ગંધાતી-ગોબરી હતી. કોઈક કામવાળી કે મજૂરણ જેવી લાગતી હતી. શક્ય છે કે રોટલા કોઈકે આપ્યા હશે તેને કદાચ. પણ ત્યાં જ તેની પાછળ થોડે દૂર મેં એક બીજી સ્ત્રી જોઈ. પહેલી સ્ત્રીને ઓળંગીને હું તે તરફ ગયો. મારાં પગલાંના અવાજથી જ એ એકદમ હેબતાઈ ગઈ. મેં જોયું, જમીન પર ચત્તીપાટ થઈને પડેલી તે એક સુંદર છોકરી હતી. પાતળી કમર, ગોરો વાન... જાણે કોઈક નાજુકડી વેલ કાંપતી કાંપતી રસ્તે પડી હોય !'

પત્નીનો હાથ કાળા મણકા પરથી ખસી ગયો. તેણે પતિના ચહેરા તરફથી નજર ખસેડી લીધી. તે ફક્ત એટલું જ બોલી શકી : 'હમમમ...'

પતિની નજર તેની પત્નીના ચહેરા પર નહોતી. એટલે જ તેણે આવી કોઈ નોંધ લીધી નહીં. તે તો આગળ બોલતો જ રહ્યો : 'તેનો દેખાવ જ કહી આપતો હતો કે તે ભદ્રવર્ગની હતી. દોડતા દોડતા પડી ગયેલી અને પછી બીકની મારી ઊભી જ ન થઈ. તેને કશું જ સમજાતું નહોતું તે શું કરે, ક્યાં જાય, કોનો ભરોસો કરે ! તેની બુદ્ધિ

જ બહેર મારી ગયેલી. કદાચ ભાનમાં જ નહોતી. મેં કહ્યું કે ડર નહીં. હું છું તારી સાથે. ક્યાં જવું છે તારે ? પણ આ સાંભળી તે તો વધારે હેબતાઈ ગઈ. તે થરથર કાંપવા લાગી. મેં તેનો હાથ પકડી લઈ ઊભી જ કરી લીધી. તે મારો હાથ છોડાવવાનો પ્રયાસ કરતી રહી. પણ મેં પણ તેનું કાંડું જોરથી પકડી રાખ્યું હતું. કેમ કે તેને શું ખબર આ દુનિયાના લોકોની ! એક તો તે હતી જ એવી કે કોઈને પણ ભાન ભુલાવે ! મેં તેને કહ્યું કે મારાથી ડરવાની જરૂર નથી. જો, તું પણ આપણા લોકોમાંની જ છે. થોડીક હિંમત રાખી મારી સાથે આ ગલી પસાર કરી લે. થોડે આગળ જ રૂપાલી ગેસ્ટહાઉસ છે. રાત ત્યાં જ રોકાઈ જવાય. સવારે તને ઘેર પહોંચાડવાનો કશો ને કશો બંદોબસ્ત થઈ જ જશે. શક્ય હશે તો ત્યાંથી જ તારા પરિવારને કંઈક ખબર પહોંચાડવાની વ્યવસ્થા પણ થઈ શકશે. આ આખો વિસ્તાર ખૂબ સંવેદનશીલ છે અને આવી પરિસ્થિતિમાં વધારે જોખમ લેવું બરાબર નથી. એ પછી તે મારી સાથે, મારી પાછળ ચાલવા માંડી.'

-'... તો તે આપણાવાળી હતી ?' પત્નીએ એકદમ જ અધીરાઈથી પૂછ્યું.

પતિએ જરા ચિડાઈને જવાબ આપ્યો : 'ના, મને શું ખબર ? મને તો એટલી જ ખબર હતી કે તે સ્ત્રી હતી.'

'ઓહહહ !' પત્નીએ એક ઊંડો નિસાસો નાંખ્યો. પણ તેના હૈયામાં એકાએક પીડા ઊઠી. તેણે થોડાક રૂંધાયેલા સ્વરે બીતાં બીતાં પૂછ્યું : '... પણ પછી પહેલી સ્ત્રીનું શું થયું ? તમે એને સાથે ન લીધી ?'

પતિએ વધારે અકળાઈને કહ્યું : 'કેવી રીતે લેવાય ? જ્યાં જાત બચાવવાના જ ફાંફાં હોય ત્યાં જેને ને તેને સાથે લઈને થોડું જ દોડાય !'

'... પણ પેલી... પહેલી પણ એક સ્ત્રી હતી...' પત્ની બોલતાં તો બોલી ગઈ પણ તરત જ પતિની લાલ આંખ જોઈ સવાલ ગળી જઈ બોલી : 'પછી શું થયું ?'

-'જેમતેમ અમે રૂપાલી ગેસ્ટહાઉસ પર પહોંચ્યા. તેનું બારણું પણ બંધ જ હતું. પણ મેં જોઈ લીધું હતું કે એક અધખૂલી બારીમાંથી કોઈક માણસ ડોકિયાં કરતું હતું. તેણે અમને જોઈ લીધાં. મેં ઇશારાથી બારણું ખોલવા કેટલીય આજીજી કરી, કંઈ-કેટલાય કાલાવાલા કર્યા પણ તે એકનો બે ન થયો. દૂર દૂરથી આવતી ચીસો અમને ઊભા ઊભા જ થથરાવતી હતી. છેવટે હતા તેટલા બધા રૂપિયા અને મારી કીમતી ઘડિયાળ દેખાડી ત્યારે તેણે તરત જ બારણું ઉઘાડી નાંખી અમને અંદર ખેંચી લીધાં.'

-'આ આપણાવાળા !' એક પળ પત્નીની આંખો ક્રોધથી સળગી ઊઠી. પણ તરત બીજી જ પળે તેણે કરુણ અવાજે કહ્યું : 'ભગવાન ભલું કરે એ બંદાનું. જેણે મારા સુહાગનું રક્ષણ કર્યું. પછી ?' પત્ની એકધારી પતિના ચહેરાને તાકી રહી.

'હું જેવો અંદર પેઠો કે અવાક જ થઈ ગયો. મારા બૉસ ત્યાં સોફા પર બેઠા

હતા અને સાથે હરપાલ બેઠો હતો. મને જોઈને હરપાલની આંખો ઢળી ગઈ. ઢળી જ જાય ને ? કયું મોં લઈને ઊભો રહે એ મારી સામે ! હરામખોર ! મારી સાથે એક છોકરી હતી ને તે પણ પાછી ગેસ્ટહાઉસમાં. શું ખબર, ઘેર આવીને તારી આગળ મસાલો ભભરાવી ભભરાવી શુંય બકત ? એટલે જ તને આટલી વિગતે વાત કરું છું. રજ્જે રજ્જ... સમજી ?'

આ વખતે પત્ની કંઈ ન બોલી. તે કેવળ તેના પતિની આંખોને જોઈ રહી.

-'ખરે રીતે જોવા જાવ તો મારે માથે એક ધર્મસંકટ જ હતું. પણ મેં પણ નક્કી કરી લીધેલું કે હું મારો માનવધર્મ જ નિભાવીશ. મારે તો પેલી છોકરીને એક રાત સાચવવાની હતી. શું થાય, નાછૂટકે ગેસ્ટહાઉસમાં પરાઈ છોકરી સાથે રહેવું પડ્યું. છોકરીના સંકોચનો અને ડરનો કોઈ પાર નહોતો. થોડી વાર તો બધાં જ પૂતળાં થઈને બેસી રહ્યાં. પણ મારા બૉસ મારા જેવા જ દયાવાન નીકળ્યા. તે મને હરપાલથી થોડે દૂર લઈ ગયા અને કહ્યું કે તું જાનનું જોખમ લઈને આ છોકરીને છેક અહીં સુધી લઈ આવ્યો છે એટલે તેને સાચવવાનો પહેલો હક તારો. તું એને રાત સુધી સાચવી લે પછી વહેલી સવારથી હું સાચવી લઈશ. સવાર સુધીમાં શહેરની હાલત કૈંક સામાન્ય થઈ જાય તો તું પણ ઘેર પહોંચી શકે અને આને હું સ્વસ્થ કરીને ઘેર પહોંચાડી દઈશ.'

-'પછી ?' આ વખતે પત્નીના અવાજમાં કશાક અજાણ્યા ડરનો થડકો સ્પષ્ટ સંભળાતો હતો. તેની અધીરી આંખો પતિના ચહેરા પર કશુંક ઉકેલવા મથતી હતી. પણ પતિ મોઢું ફેરવી લેતાં બોલ્યો : 'પછી... અમ... અમ... પછી તો મેં રાત આખી તેને સાચવી લીધી. અને પરોઢ થતા પહેલાં જ એને બૉસને સોંપી હું અંધારામાં જ નીકળી આવ્યો.'

પત્નીએ જોયું કે છોકરીને સાચવી લેવાની વાત કરતી વખતે પતિનું આખું શરીર પરસેવે નીતરી રહ્યું હતું. અને તેનાં હોઠ ધ્રૂજતા હતા.

જો પતિએ પાછળ વળીને જોયું હોત તો તેણે પાસે બેઠેલી જીવતી લાશની આંખોને વરસી પડતી જોઈ હોત !!

□

## ઉઘાડ | પૂર્વી એન. ઉપાધ્યાય

શહેરના એક પોશ વિસ્તારમાં આવેલા 'કૉફી કાફે ડે' સામે એક રિક્ષા ઊભી રહી.

''કેટલા થયા ?''

''ચાલીસ.''

ઘડીભર તુલસીને થયું ના ઊતરું. 'હું કૉફી શોપમાં !!' થોડું મન મક્કમ કર્યું.

રિક્ષામાંથી ઊતરી પૈસા ચૂકવ્યા. ભાદરવાની સાંજ, કાળાં-ભૂખરાં-સફેદ વાદળોથી છવાયેલું આકાશ અને ભીની માટીની સુગંધથી તુલસીને થોડો રોમાંચ થયો. પણ સાથે સાથે 'સીસીડે'નાં પગથિયાં ચડતાં થોડો સંકોચ પણ થયો. બપોરે આવેલાં ઝાપટાં પછી ઉઘાડ નીકળતાં લોકો બહાર ઊમટી પડ્યાં હતાં. જોકે આકાશ હજીયે ગોરંભાયેલું હતું. આ જગ્યા લોકોની હૉટફેવરિટ ગણાતી.

'રીનાને પણ અહીં વારંવાર આવવું ગમે છે.'

દીકરી યાદ આવતાં તેના પગ આપોઆપ બાજુની લોન પર ગોઠવાયેલાં ટેબલખુરશી તરફ વળ્યા. ત્યાં બેસવાનું મન થયું.

'રીનાએ ઘરે પણ આવી જ લોન ગાર્ડનમાં વાવી છે.'

'... પણ... ના... ના... આ તો ખુલ્લી જગ્યા છે... ને બરાબર રોડ પર જ છે... કોઈ જોઈ જશે તો...?' કંઈક ગડમથલ સાથે તેણે કૉફીશોપમાં અંદર જ બેસવાનું નક્કી કર્યું. પ્રવેશતાં પહેલાં તેણે થોડા ગભરાટ સાથે આમતેમ જોઈ લીધું. કંઈ ખચકાટ સાથે તે થોભી ગઈ.

''ગુડ ઇવનિંગ ઍન્ડ વેલકમ મૅડમ.''

તુલસી ચમકી. એક વેઇટર ઔપચારિક સ્મિત સાથે બારણું ખોલી ઊભો હતો. આસમાની રંગની સાડીના પાલવને સરખો કરતાં તે અંદર પ્રવેશી. કૉફીશોપમાં સુંદર મજાનું લાઇટ ઇન્સ્ટ્રુમેન્ટ વાગી રહ્યું હતું. બેસવા માટે જગ્યા શોધવા તુલસીએ આમતેમ નજર કરી.

'હાશ... અહીં એટલી તો ભીડ નથી...' વિચારતાં તેણે ખૂણાનાં એક ટેબલખુરશી પસંદ કર્યાં. ટેબલની બરાબર બાજુમાં એક મોટી બારી હતી. ઢળતા સૂરજનો આછો તડકો બારીના કાચમાંથી થઈ ટેબલ પર પથરાતો હતો. તુલસીએ તડકાની હૂંફને રોકતી એ સ્લાઇડિંગ વિન્ડો ખસેડી અડધી ખોલી. કંઈક ગભરાટને લીધે કંઈક વરસાદી ઠંડા વાતાવરણને લીધે તેના હાથપગ ઠરતા હતા. ટેબલ પર પથરાયેલા તડકાની હૂંફ લેવા તુલસીએ હાથ લંબાવ્યા. કંઈક ગરમાવો મળવાથી તેને સારું લાગ્યું. થોડી વારે સ્વસ્થ થયા પછી તેણે કૉફીશોપમાં ચારે તરફ નજર કરી.

રેડ-બ્લૂ કૉમ્બિનેશનની થીમથી કૉફીશોપની સજાવટ કરવામાં આવી હતી. ફરી દીકરી યાદ આવી ગઈ.

'મમ્મી... મારે મારા રૂમમાં બ્રાઇટ કલર જ કરાવવો છે...'

વળી કૉફીશોપની લાઇટ્સ તરફ તુલસીનું ધ્યાન ગયું. રેડિયન્ટ લાઇટથી પળવાર માટે તેની આંખો અંજાઈ ગઈ. તેની આંખોને આ પ્રકાશમાં સેટ થતાં થોડી વાર લાગી.

'જીવનમાં ઘણું એવું છે જેમાં સેટ થવાતું જ નથી...' – એક ઊંડા નિસાસા સાથે તેણે ફરીથી આ વાતાવરણમાં પોતાને ગોઠવવાનો પ્રયત્ન કર્યો. મન બીજે પરોવવા તેણે

કૉફીશોપની ગોઠવણ, વેઇટરના ડ્રેસ, રંગો... વગેરે તરફ ધ્યાન આપ્યું. તેણે નોંધ્યું કે વેઇટરના ડ્રેસથી લઈને ટેબલખુરશીનો રંગ તેમજ મેનુકાર્ડની ડિઝાઇન પણ આકર્ષક હતી. તુલસી એ રંગોમાં સરી પડી.

'આ રંગો... મને હમણાંથી કેમ આટલી આકર્ષે છે... !?'

ટેબલના લાલ રંગ તરફ ધ્યાન જતાં તે ટેબલને પસવારવા લાગી... અને એ રંગ તેના હાથમાં રેલાતો લાગ્યો. જાણે કે રંગોમાંથી પણ એક હૂંફ મળતી હોય તેમ તેણે હાથના પંજાઓને આખ્ખા ખોલી ટેબલ પર થોડી વાર સુધી એમ જ રહેવા દીધા. પોતાના અડવા હાથ ઉપર નજર પડતાં એકદમ જ તેણે આંગળીઓને સંકોરી મુઠ્ઠી વાળી લીધી અને ધીમેથી બંને હાથને ટેબલ પરથી લઈ ખોળામાં મૂકી દીધા. ગળું સુકાવા લાગ્યું. પાણીનો ગ્લાસ ઝડપથી ઉપાડી એકીશ્વાસે પીવા લાગી.

ઘટક... ઘટક... ઘટક...

''મે'મ... વ્હૉટ ડુ યુ લાઇક ટુ હેવ ?''

એક વેઇટર થોડો ઝૂકીને મેનુકાર્ડ તુલસી તરફ લંબાવી ઊભો હતો. તેની હાજરીથી તુલસીને આસપાસનું ભાન થયું. પોતાની અસ્વસ્થતા છુપાવવા તેણે મેનુકાર્ડ હાથમાં લીધું અને તેમાં જોયા વગર જ ઑર્ડર આપ્યો :

'... અમ્મઅઅ... અ કપ ઑફ કૉફી... રેગ્યુલર ઍન્ડ લાઇટ...'

'મે'મ... હૉટ ઑર કોલ્ડ ?'

'અ હૉટ વન...'

'ઓ. કે. મે'મ...'

તુલસીને થયું કે તેણે નક્કી કરેલા સમય કરતાં ઘણી વહેલી અહીં પહોંચી ગઈ છે. અશોકને આવવાને હજુ અડધો કલાક જેવું તો થશે. તેને થયું કે કૉફી મંગાવું તો સમય ઝડપથી પસાર થાય.

ઑર્ડર આપ્યા છતાં વેઇટર હજી પણ ત્યાં જ ઊભો હતો. તુલસીએ તેની સામે જોયું. તેની આંખોમાં રહેલા પ્રશ્નને પામી જઈને તુલસીએ દરેક શબ્દ પર ભાર મૂકી ગંભીર સ્વરે કહ્યું :

''ઓન્લી... વન કપ...' – બોલતાં જ તેનામાં થોડો આત્મવિશ્વાસ જાગ્યો. ઊંડો શ્વાસ ભરી તે ખુરશીમાં અઢેલીને થોડી આરામથી બેઠી. પર્સ ખોલી અશોકનો પત્ર ફરી વાંચવાનું તેને મન થઈ આવ્યું. છેલ્લાં બે વર્ષથી જેને તે ઠેલવી રહી હતી તેનો આજે તેણે નિર્ણય લીધો હતો. અનેક મથામણો અને મૂંઝવણો પછી તેણે આજે અશોકને મળવાનું નક્કી કર્યું હતું. પર્સ ખોલી પત્ર હાથમાં લીધો. કંઈ-કેટલાય રંગો તેને ઘેરી વળ્યા.

'આ... ઘણું અઘરું છે... અશોક... અને હું... !?'

''આન્ટી, કેન આઇ ટેઇક ધિસ ચેઅર્ ?''

એક ફૂટડો યુવાન તુલસીની બાજુની ખુરશીના હાથાને પકડીને ઊભો હતો.

'આન્ટી' – શબ્દ કાને પડતાં તુલસીને આસપાસનું વાતાવરણ કંઈક અપરિચિત લાગવા માંડ્યું. તેની આંખો કૉફીશોપમાં ચારે તરફ ફરવા લાગી. તેની બરાબર સામેના ટેબલ પર કોઈના બર્થ-ડેનું સેલિબ્રેશન ચાલી રહ્યું હતું. બાજુના ટેબલ પર બેઠેલા થોડા યુવાનો એકબીજાના મોબાઇલ જોવા-બતાવવામાં મશગૂલ હતા તો ક્યાંક એકલદોકલ યંગ કપલ એકબીજામાં ખોવાયેલું બેઠું હતું.

''આન્ટી...! .... કેન આઇ...?'

''....અઅ... હુંઅઅ...? ... હમમઅ....''

આ ઉદ્‌ગારો સાથે માત્ર સ્મિત કરી માથું હલાવીને તુલસીએ મંજૂરી આપી, પરંતુ એ સ્મિતમાં ક્ષોભ ભળેલો હતો. થોડી પળો પહેલાં અનુભવેલી હળવાશમાં અચાનક તેને મૂંઝારો થવા લાગ્યો. 'શું આ મેં યોગ્ય જગ્યા જ પસંદ કરી છે ને?' – પોતાની જાતને પ્રશ્ન કરતાં તેને હવે અહીં વધુ સંકોચ થવા લાગ્યો. સાડીના છેડાને જમણી બાજુના ખભા પરથી લઈ ડાબી બાજુના ખભા સુધી ખેંચીને વીંટાળ્યો. જાતને સંકોરતી હોય તેમ તે ગભરાતી બેસી રહી.

સાંજ હવે વધુ ઘેરી થવા લાગી હતી. વાતાવરણમાં બફારો વધતો લાગ્યો. કૉફીશોપની લાઇટ્સથી સ્લાઇડિંગ વિન્ડોના કાચમાં હવે પોતાનું પ્રતિબિંબ વધુ સ્પષ્ટ દેખાવા લાગ્યું. ચહેરાની કરચલીઓ... આસમાની રંગની સાડી... અડવા હાથ... અને કપાળ પર કરેલી સાવ નાની કાળી બિન્દી.

''મેં'મ... યોર કૉફી...''

'શું હું આ બરાબર કરી રહી છું ? જીવનના આ પડાવે મને આ નિર્ણય શોભનીય તો છે ને ? શું મેં 'નો મેન્સ લૅન્ડ'માં તો પગ નથી મૂકી દીધો ને ?' તુલસીનો શ્વાસ ઝડપથી ચાલવા લાગ્યો. વેઇટરે મૂકેલા કૉફી-કપમાંથી ઊઠતી વરાળમાં તેને બધું ધૂંધળું થતું લાગ્યું. આંખો ચપોચપ ભિડાઈ ગઈ.

''મેં'મ... યોર કૉફી...''

વેઇટર તુલસીના ગભરાટને પામી ગયો હોઈ ત્યાં જ ઊભો રહ્યો પણ તેનાથી બેધ્યાન તુલસીને તો દૂરદૂરથી પડઘા સંભળાતા હતા :

'મમ્મી... કૉ... ફી... મમ્મી... કૉ... ફી...'

બંધ આંખોમાં રીનાનો ચહેરો તરવરી ઉઠ્યો ને સાથે છેલ્લા બે દાયકાઓમાં પથરાયેલો રંગહીન ભૂતકાળ એક હળવા ડૂસકા સાથે બહાર આવ્યો.

''મેં'મ... આર યુ ઓ.કે.? ... યુ વોન્ટ એનીથિંગ ?'' વેઇટર હજી ત્યાંથી ખસ્યો નહોતો. તેની હાજરીથી તુલસી વધુ વિહ્વળ બની ગઈ છતાં સ્વસ્થ અવાજે બોલી :

''નો... નો... થેંક્સ... આઇ ઍમ ફાઇન...''

વેઇટરના ગયા પછી તુલસીએ ફરીથી એક આખો ગ્લાસ ભરીને પાણી પીધું, છતાં શોષ વધતો હોય એમ તેને લાગ્યું. કૉફીની સામે શૂન્યમનસ્કભાવે જોવા લાગી. કપની બાજુમાં જ અશોકનો લખેલો પત્ર પડ્યો હતો. વ્યવસ્થિત ગડી કરેલા એ પત્રમાંથી એક વાક્ય ઉપર ઊઠતું દેખાયું : 'ચાલો તુલસી જીવી લઈએ...' ને તુલસીના ચહેરા પર આછી ગુલાબી ઝાંય છોડતું ગયું. પણ સાથે અનેક અવાજોએ તેને ઘેરી લીધી :

'મમ્મી.... એમ.બી.એ.નું રિઝલ્ટ આવે પછી મારે જોબ કરવી છે...'

'તુલસીબહેન, રીના માટે એક સારું ઠેકાણું છે... કહો તો, વાત આગળ ચલાવીએ...'

કૉફીનો રંગ બદલતો જતો હતો. તેની સપાટી ઉપર ક્રીમથી કરવામાં આવેલી ડિઝાઇન આકાર બદલતી હતી.

'તુલસી, ક્યારે નિર્ણય લઈશ હવે... ? બે વર્ષથી રાહ જોઉં છું...'

'વિચાર કરી લે... આ તો સમાજ છે... ઘણું બોલશે...'

કૉફીના મગમાંથી નીકળતી વરાળ હવે ઓછી થતી જતી હતી. ફરી અવાજ.

'દીકરી પરણવાલાયક થઈ છે ને માને ઘરડેઘડપણ...'

'આ ઉંમરે...?'

ઘાટ્ટા બ્રાઉન રંગમાંથી કૉફી છેક જ આછા બદામી રંગમાં ફેરવાઈ ગઈ.

'તુલસી, શું જવાબ છે તારો ?'

કૉફી એકદમ જ ઠંડી પડી ગઈ હોવા છતાં તુલસીએ કપ ઉપાડ્યો. તેમાંથી ઊઠતી કડવી સુગંધથી તેનું માથું ભમવા લાગ્યું. આ... આટલા અવાજ ક્યાંથી આવે છે...?

'આખરે એકલતા ન જીરવાણી...'

માંડ માંડ કૉફી હોઠ સુધી પહોંચી પણ એક ઘૂંટડો તે ગળે ન ઉતારી શકી.

'મમ્મી... મારે હમણાં લગ્નનો કોઈ જ વિચાર નથી...'

'તુલસી, આપણે બાકીનું જીવન લગ્ન કરીને સાથે ન જીવી શકીએ ?

અવાજો વધુ ઘેરા થવા લાગ્યા. શોર વધતો લાગ્યો. એકદમથી તેણે કૉફીનો કપ ટેબલ પર મૂકી દીધો. 'ઓહ... પ્લીઝ... પ્લીઝ...'

તેણે બંને હાથથી પોતાના કાનને દબાવી દીધા. આંખો ભીંસીને બંધ કરી. પેલા વેઇટરને કંઈક અજુગતું લાગતાં તે નજીક આવ્યો.

'મે'મ...આર યુ રીઅલી ઓ.કે. ?'

અવાજો આવતા બંધ થઈ ગયા. તુલસીએ માત્ર એટલું કહ્યું : 'વિલ યુ બ્રિંગ અનધર કપ ઑફ કૉફી ?... ઍન્ડ સી... મેઇક ઇટ સ્ટ્રૉન્ગ ધિસ ટાઇમ.'

આખરે હવે ઉઘાડ નીકળ્યો.

18

# નિબંધ

## હીંચકો | રમેશ કોઠારી

શ્રાવણ-ભાદરવાની પ્રત્યેક સાંજે પગ અનાયાસ હવેલી તરફ વળી જાય છે. વૈષ્ણવજન માટે તો હિંડોળા-દર્શનનો ભારે મહિમા. નિતનવા શણગાર ધારણ કરતી લાલજીની મૂર્તિને હિંડોળામાં ઝૂલતી જોતાં જોતાં, ચંચળ મન ત્યાંથી ખસીને વતનના ઘરમાં ઓસરીમાં સ્થિત હીંચકા પર જઈ ચડે છે. અસલ સાગનો, વર્ષો પહેલાં વડવાઓએ બનાવડાવેલો, એ હીંચકો આજે પણ અણનમ યોદ્ધાની જેમ ટકી રહ્યો છે. તેની સાથે જોડાયેલી અનેકવિધ સ્મૃતિઓને કારણે, તેના સ્પર્શમાત્રથી રોમાંચિત થઈ જવાય છે.

ક્યારેક વાદળછાયું આકાશ હોય, ઉદાસી મનને અકારણ ઘેરી વળી હોય, કોઈની સાથે વાત કરવાનીય ઇચ્છા ન થતી હોય ત્યારે, આંખો મીંચીને ઘડી ભર હીંચકા પર આડા પડતાંની સાથે વિષાદનું બાષ્પીભવન થઈ જાય છે. આ ક્ષણોમાં હીંચકો જાણે જનનીનું સ્વરૂપ ધારણ કરે છે, જેની ગોદમાં દિવ્ય શાતાનો અનુભવ થાય છે. આપણા કવિ રમેશ પારેખને હતાશાની પળોમાં જ આ પંક્તિઓ સ્ફુરી હશે :

**"આવ, પાંસળીમાં હીંચકા બાંધી દઉં, મા ઝળઝળિયા,**
**તને હીબકે હીબકે ઝુલાવી દઉં, મા ઝળઝળિયા."**

હીબકે હીબકે ઝુલાવવાની વાત તો આ ગજાનો કોઈ સમર્થ કવિ જ કરી શકે. હીંચકો આંદોલિત થાય છે અને મનમાં વિવિધ પ્રકારનાં આંદોલનો જગાડી જાય છે.

હજી નજીકના ભૂતકાળમાં જ હીંચકો ઘરની વિશિષ્ટ ઓળખ હતી. ભાગ્યે જ એવું કોઈ ઘર તમને જોવા મળે જ્યાં તેની અનુપસ્થિતિ હોય. શક્ય છે કે, સમયના બદલાતા વહેણમાં તેને સોફાસેટ જેટલું માનભર્યું સ્થાન ન મળ્યું હોય પણ હીંચકો એટલે હીંચકો. જે લાડ, જે શાંતિ, જે વિસામો તમને અહીં મળે છે તે અન્યત્ર દુર્લભ છે. સોફા પર જડતાનો અનુભવ થાય છે. હીંચકો એટલે સાક્ષાત્ ચૈતન્ય. પરિવારના પ્રત્યેક સભ્યને આવકારવા એ તત્પર હોય છે. શિયાળાની વહેલી સવારે કુમળો તડકો હીંચકા પર પડી રહ્યો હોય ત્યારે ત્યાં બેસીને લેસન કરવાની મઝા લૂંટનાર બાળક ભાગ્યશાળી. મોટેરાં માટે છાપાં વાંચવાની અને કૌટુંબિક પ્રશ્નોના ઉકેલ માટે ચર્ચાવિચારણાની તો વાર્ધક્યના આરે પહોંચેલાં પતિ-પત્ની માટે વહેલી સવારે સાથે ચા પીવાની અને આગલા દિવસની ઘટનાઓ કે એકબીજાંને રાત્રે આવેલાં મઝાનાં સ્વપ્નો વિશે વાત કરવાની એ જગા.

ક્યારેક ગુજરીમાં જવાનું થાય છે અને કોઈ ભલો માણસ હીંચકાની સાંકળો

લઈને વેચવા બેઠેલો નજરે પડે છે ત્યારે એના મૂળ માલિક વિશે વિચાર કરતાં ખિન્ન થઈ જવાય છે. કયા સંજોગોમાં તેને આ સાંકળો કાઢી નાખવાની ફરજ પડી હશે ? તેનો જીવ કઈ રીતે ચાલ્યો હશે ? પરિવારજનોના દબાણ સામે નમતું જોખવું પડ્યું હશે ? કોને ખબર ? નાનકડી જિંદગીમાં માણસે કેટકેટલાં સમાધાન કરવાં પડે છે !

હિંડોળો, હીંચકો, ઝૂલો – નામ ગમે તે આપવામાં આવે પણ હીંચવાની મઝા તો એ જ. કોઈ ભવ્ય મકાનના દીવાનખંડમાં લગાડેલ હોય કે કોઈ શ્રમજીવી પરિવારે પોતાના બાળકને સુવાડવા, ઝાડની ડાળીએ સાડી કે ધોતિયાનો ઉપયોગ કરી, ગાંઠ મારીને બનાવેલો હીંચકો હોય – તેનું કામ તો અપાર શાંતિ આપવાનું જ. અહીં બેસવાનું કોને ન ગમે ? સાર્વજનિક બગીચામાં કોઈ જિદ્દી બાળક હીંચકા પરથી ઊતરવાનું નામ જ ન લેતું હોય ત્યારે રાહ જોઈને ઊભેલાં અન્ય બાળકોની વ્યથા જોવા જેવી હોય છે.

બાપદાદાના ઘરમાં અંબાજી માતાનો એક મોટો ફોટો હતો તેવું આછુંપાતળું સ્મરણ છે, જેમાં માતાજી હીંચકા પર ઝૂલતા બતાવેલા હતા. ‘માડી તારો હિંડોળો ઝાકમઝોળ’ તો અનેક વાર સાંભળવા મળ્યું છે.

જૂનાં સિનેમાગૃહો, જૂની હોટેલો, જૂની દુકાનોની જેમ હીંચકો પણ ધીમે ધીમે લોકનજરથી અદશ્ય થતો જાય છે. ખોળામાં પાનની પેટી રાખી, હીંચકા પર બેસી, સૂડી વડે સોપારી કાતરતી કોઈ નાગર ગૃહિણીનું દશ્ય હવે કદાચ જોવા ન પણ મળે. જીવનના વિવિધ સ્તરે, એક યા બીજા સ્વરૂપમાં હીંચકા વિના આપણને ચાલવાનું નથી. ‘કદી ન છોડું બ્રહ્મને, બ્રહ્મ ન છોડે કદી મને’ની જેમ નથી આપણે હીંચકાને છોડી શકવાના, નથી તે આપણને. તાઓ માટે કહેવાયું છે, ‘તાઓ પોતે કશું કરતો નથી પણ તેની મારફતે જ બધું થાય છે.’ આવું જ કંઈ હીંચકાની બાબતમાં. તેની મારફતે ન જાણે કેટલાંય કાર્યો સિદ્ધ થાય છે.

અંગત વાત માંડું તો મારી સદ્ગત બા, જેને અમે ‘બેન’ કહેતાં હતાં. દિવસનો મોટો ભાગ હીંચકા પર જ ગાળતી હતી. હીંચકો એને પ્રાણપ્રિય. છાપું વાંચવું, શાક સમારવું, કપડાં વાળવાં, કામવાળી સાથે અલકમલકની વાતો કરવી, ત્યાં જ બેસી એની પાસે માથું ઓળાવવું, નાસ્તો કરવો – બધું જ હીંચકા પર. એની હાજરીમાં કોઈની તાકાત નહોતી કે એ સ્થાન પડાવી શકે. ત્યાં બેઠાં બેઠાં નજરે પડે એટલાં મકાનો અને લોકો એ જ એનું મર્યાદિત વિશ્વ. હીંચકા પર બેઠી હોય તોય જાળી બંધ જ જોઈએ. ‘જોતાં નથી, કેવો કળજુગ આયો છે ? ધોળે દહાડે ઘરમાં પેહી છરી બતાઈ લૂંટી જાય છે’ એનું ધ્રુવવાક્ય - એના મૃત્યુ સમયે જગાની મોકળાશ માટે થોડા સમય માટે હીંચકો છોડ્યો ત્યારે એના દેહત્યાગ જેટલી જ પીડા થયેલી.

આજે વતનમાં જવાનું થાય છે ત્યારે ખાલી હીંચકા પર બેનને શોધવા પ્રયત્ન

કરું છું. મારી જેમ કેટકેટલા લોકો હીંચકા પર ક્યારેક બેસવા ટેવાયેલા પોતાના સ્વજનોને શોધવા મથતા હશે ! હીંચકાને વાચા હોત તો કેટલાય પરિવારોના ભૂતકાળમાં ડોકિયું કરી શકાત.

લાલજીની મૂર્તિવાળો હિંડોળો શોભાયમાન હોય તો મારા જેવા સામાન્યજનનો હીંચકો શા માટે બાકાત રહી જાય ? એના પર તકિયો, ભરતકામ કરેલાં પાથરણાં, બધું જ બિછાવીએ છીએ.

મોડી સાંજે પરિવારજનો ટેલિવિઝન સામે કે કમ્પ્યૂટર સામે ગોઠવાઈ ગયા હોય ત્યારે મને બંનેમાંથી કશામાં રસ ન હોવાના કારણે, એમની ખફગી વહોરીનેય બહાર હીંચકા પર લંબાવું છું. મઝા આવી જાય છે. આ હીંચકાએ મને ઘણું આપ્યું છે, મને અને મારા પરિવારજનોને સાચવ્યા છે.

જ્યાં ક્યારેક બહેન બેસતી હતી ત્યાં આજે અમે બેસીએ છીએ અને એના કાલ્પનિક ભયોની, એણે અમારી સેવેલી ચિંતાઓની, અમારાં સંતાનો અને તેમના મિત્રો સાથે કરેલી વાતોની યાદો વાગોળીએ છીએ.

હીંચકો તો ચડતીપડતીનું પ્રતીક. એણે પરિવારની જાહોજલાલી જોઈ છે તો પાતળા દિવસો પણ જોયા છે. એને જો આંખો હોત તો નિશ્ચિતપણે ક્યારેક હરખના તો ક્યારેક દુ:ખના કારણે આંસુ વહાવ્યાં હોત. હીંચકો સ્વયં ભલે જડ જણાતો હોય પણ એના પર બેસીને કેટલાય સંવેદનશીલ સર્જકોએ સર્જનકાર્ય કર્યું છે.

દરેકને પોતપોતાનાં આગવાં કારણોસર હીંચકો ગમે છે. અલબત્ત, ફોડ પાડીને એ ન જણાવે. અન્ય લોકો પોતપોતાનાં કામોમાં વ્યસ્ત હોય ત્યારે પોતાની વાગ્દત્તા સાથે મોબાઇલ પર લાંબા સમય સુધી વાત કરવાનું એ ઉત્તમ સ્થળ - તો અલી ડોસા જેવો કોઈ પિતા અહીં બેસીને દીકરીના પત્રની રાહ પણ જોતો હોય.

વ્યક્તિઓની જેમ અમુક વસ્તુઓ માટે પણ આપણા હૃદયમાં એક વિશિષ્ટ ખૂણો હોય છે – પછી તે હીંચકો હોય, બાંકડો હોય કે આરામખુરશી. ગુમાવેલા સ્વજનોની સ્મૃતિઓ સજીવન રાખવાની આ જ તો કડીઓ છે. જે રીતે મનના અજ્ઞાત સ્તરે સચવાઈને પડેલી, કોઈ મઝાની કાવ્યપંક્તિ બધાં આવરણો હટાવી ક્યારેક પ્રગટી જાય, મનને તરબતર કરી નાખે એ જ રીતે થાકેલો, હારેલો, સંતપ્ત માનવી હીંચકા પર આસન જમાવી પગ વડે જમીન પર સહેજ હળવો ધક્કો મારી, દુન્યવી બંધનોથી જાતને અલગ કરી ઉપલી ભૂમિકાએ જવા મથે છે ત્યારે નિર્જીવ હીંચકો કાવ્યનું સ્વરૂપ ધારણ કરી એને અલગ સૃષ્ટિમાં પ્રવેશ કરાવે છે. આ સંદર્ભમાં, હીંચકો – તેનામાં સમાવિષ્ટ આરોહ અને અવરોહનો વિચાર કરતાં – જીવનનું કાવ્ય જ છે.

18

## દહીં વેચનારી મંગમ્મા | લે. માસ્તિ આયંગર; અનુ. રસીલા કડીઆ

ઘણાં વર્ષોથી અમે મંગમ્મા પાસેથી જ દહીં લેવાનું રાખ્યું હતું. રોજ અચૂકપણે દહીં આપવું અને એના પૈસા મહિનાને અંતે ચૂકવાય. પણ અમારી સાથે એનો સાદો વ્યવહાર. ''દહીં લેવું છે બા ? સરસ દહીં લાવી છું'' બોલતીકને મારે ઘેર આવે. અમને જો ખપ હોય તો દહીં દઈએ અને તે જ સમયે કે બીજે દિવસે જ પૈસા થયા હોય તે આપી દઈએ.

આવલૂર નજીકના કોઈક ગામડામાં મંગમ્મા રહેતી હતી. એના ગામનું નામ વેંકટાપુર કે કંઈક એવું જ છે. તેના આવવા-જવાના રસ્તે મારું ઘર પડે. તેની સાથે હું સારી રીતે વાતચીત કરતી હોવાથી મંગમ્મા રોજ આવતી. ક્યારેક તે ગામડેથી આવતી વખતે તો ક્યારેક ઘેર જતી વખતે આવે. આવીને થોડી વાર આંગણામાં બેસે. અમારી સાથે થોડીક વાતો કરે. મોંમાં પાનસોપારી નાંખે. ના હોય તો પાનસોપારી માંગી લે. મને એ સમયે જો નવરાશ હોય તો તેની વાતો સાંભળું. પોતાની વાતો કરીને મને પૂછે : ''તમારે આવું કંઈ છે ?''

''મને શું દુઃખ છે ? ભગવાને બધું આપ્યું છે. કશી કમી નથી. જોકે પછી મારાં નાનાં નાનાં દુઃખો એની આગળ રડતી. ક્યારેક કહું કે ''આજે તો બિલાડી દૂધ પી ગઈ.'' ક્યારેક કહું, ''ઉંદર કેળું ખાઈ ગયો.'' હું એને મારા ઘરસંસારની આવી સામાન્ય વાતો કરું એટલે મંગમ્મા તરત જ બોલી ઊઠતી :

''સંસાર છે. એમ જ ચાલ્યા કરે એ તો.'' પછી એ સ્વાનુભવની વાતો કહીને સંસાર કઈ રીતે ચલાવવો તે અંગે સલાહસૂચન આપે. ગમે તેમ, પણ મને મંગમ્મા ખૂબ જ ગમતી. અમારી વચ્ચે એક પ્રકારની મૈત્રી બંધાઈ હતી.

લગભગ એક મહિના પહેલાંની આ વાત.

''દહીં લેશો, માડી ?'' કરતીકને સવારના પહોરમાં એ આવી ત્યારે હું અંદર કામમાં હતી. મારો છોકરો ''હં... લેશે'' કહીને તેની પાસે ઊભો રહ્યો. 'દહીં આપો', કરીને એણે હાથ ધર્યો'તો. પાટિયામાંથી તેણે સરસ મઝાની એકલી મલાઈ તેના હાથમાં નાંખીને કહ્યું : ''માને કહે, જરા જલ્દી આવે. મારે ઉતાવળ છે.'' એટલામાં હું આવી. મંગમ્મા બોલી :

''માડી, તેં રતન જેવો દીકરો જણ્યો છે. તારા જ ગુણો એનામાં ઊતર્યા જણાય છે, પણ... શું કામનું, માડી ? મોટા થયા નથી એ ત્યાં લગીનો જ આ હરખ છે. મોટો થાય અને વહુ આવે એટલે બધું ખતમ. અત્યારે મા, મા કહેતો છોકરો પેલી આવે એટલે મા જીવે છે કે નહિ એનીય ફિકર નહીં કરવાનો.''

‘‘કેમ મંગમ્મા, શું થયું છે ? છોકરો તારી સાથે બોલતો નથી ?’’ મેં પૂછ્યું.

‘‘અરે ! શી વાત કરું માડી ? હાથ ઝાલનાર ધણીએ જ ક્યારેય બોલાવી નથી તો દીકરાની તો વાત જ શું કરવી ?’’

‘‘તારો વર તારી સાથે બોલતો નથી, મંગમ્મા ?’’ મેં વચમાં જ પૂછ્યું. એ બોલી :

‘‘ના નથી બોલતો. શું કહું મારી બાઈ ! જિંદગીમાં ક્યારેય સારું લૂગડુંય મેં પહેર્યું નથી પણ પેલીએ તો બનીઠનીને એના પર એવી ભૂરકી નાંખી છે કે એ આંધળોભીંત થઈ ગયો છે એની પાછળ. મરશે, એને ફાવે એમ કરે. ‘મારી સ્ત્રી છે, મારું ઘર છે એવું સમજતો મરદ હોય તો ને ? હશે. જેવું મારું નસીબ. હું મૂંગી જ રહું છું. અમૃત વેચું છું. અને મારો સંસાર નભાવું છું. આ થોડા પૈસા મળે છે એટલે રાહત છે, માડી. તું પણ ધ્યાન રાખજે. પુરુષ માણસનાં મન બહુ ચંચળ હોય છે. બીજે જતાં વાર ન લાગે. એની નજરને ગમે તેવાં સારાં કપડાંલત્તાં પહેરવાં. અંબોડે ફૂલ નાંખવું, સુખડ લગાવવું. ધણીનો ઘેર આવવાનો સમય થાય એટલે સારી સાડી પહેરી, ટાપટીપ કરી, એની આગળ-પાછળ ફરવું. એનું મન રાજી રહે એમ રહેવું. આજે માડી, તેં જે સાડી પહેરી છે ને તે કામ કરતી હોય કે એકલી હોય ત્યારે ચાલે. સાંજે કોઈ સરસ સાડી પહેરજે.’’

મને જરા હસવું આવી ગયું, પણ તેના સ્વાનુભવે જ આ શાણપણ તેને આપ્યું છે તે મારા ધ્યાનમાં આવ્યું. તેનો અનુભવ કેટલો તો દુઃખદાયી હશે એની કલ્પના કરતાં મને એને માટે લાગી આવ્યું. હું બોલી :

‘‘તારી વાત સાચી છે.’’ મારા અનુમોદનને કારણે આવેશમાં આવીને એ ફરી કહેવા લાગી :

‘‘જો માડી, પુરુષોને મુઠ્ઠીમાં રાખવાના ચાર ઉપાય છે. કેટલાક લોકો બાધા-આખડી રાખવાનું કહે છે. કેટલાક કશુંક મંત્રેલું ખવડાવી દેવાનું કહે છે. કહેવત છે કે ‘ઔષધ આપીને મસાણ ભેગો કરવો.’ પરંતુ સાચું કહું તો આવી એકે વાત કાને ધરવી નહિ. એને બદલે વારંવાર ભાવતાં ભોજન બનાવવાં. મનમાં ગમે તે દુઃખ હોય તોયે એની નજરે, ચઢે તેવો શણગાર કરી, હસી હસીને વાતો કરવી. ઘરમાં વસ્તુઓ સામટી ભરી દેવી જેથી ઘડી ઘડી આ નથી, પેલું લાવવાનું થયું છે એમ કહેવું ન પડે. વળી, બેચાર પૈસા બચાવી, ભેગા કરવા અને કોક વાર ખપ પડ્યે એને રૂપિયો આપવો. આ જ સાચી બાધાઆખડી છે. ગૃહિણી જો આ પ્રમાણે વર્તે તો એનો વર પાળેલા કૂતરાની જેમ રહેશે. આમ ન કરે તો રસ્તે ભટકતો ફરશે.’’

મંગમ્માની આવી ચાતુરીભરી વાતોથી મને આશ્ચર્ય થયું. ત્યાર બાદ તે એક-બે ફાલતુ વાતો કરીને જતી રહી.

પંદર દિવસ પહેલાં આવેલી મંગમ્મા ખૂબ જુદી લાગતી હતી. ખૂબ જ ઉદાસ જણાતી હતી.

‘‘કેમ આજે ઉદાસ લાગે છે, મંગમ્મા ?’’ મેં આમ પૂછ્યું કે તરત પાલવથી આંખો લૂછતી તે બોલવા લાગી :

‘‘શું કહું બા, મારો કોઈનેય ખપ નથી.’’ એને છાની રાખતાં મેં પૂછ્યું :

‘‘કેમ, શું થયું ? છોકરાએ કશું કહ્યું ?’’

‘‘હા માડી, એના નાનકો છે ને એણે કંઈક કર્યું એટલે પેલી – એની બૈરીએ એને માર્યું. મારાથી રહેવાયું નહીં. મેં કહ્યું :

‘‘કેમ રાક્ષસી, ડાકણ આ નાના અબુધ છોકરાને મારે છે ?’’ એ તો મારી સામે થઈ ગઈ, અને ગાળો ભાંડવા લાગી. મને ઝાળ લાગી ગઈ. મેં કહ્યું,

કેમ રે ? આટલી બધી શાને ચડીચડીને બોલે છે ? તારા વરને મેં જણ્યો છે એટલું તો સમજ. કશું ભાન બાન છે કે નહિ ? આવવા દે એને.

સરદાર ઘેર આવ્યો કે મેં એને ફરિયાદ કરી : ‘‘જો ભાઈ, તારી બૈરી છોકરાને ખાલીપીલી પીટે છે. મેં મને ગાળો દીધી. હવે તારી બૈરીને જરા શિખામણના બે શબ્દો કહે.’’ હું આટલું કહું છું ત્યાં તો એ ભભૂકી ઊઠી.

‘‘એ શું શિખામણ આપવાના હતા. આ રોયો ધાંધલ કરે તો મને ના પાડવાનીય સત્તા નથી શું ? જો તેં મારા વરને જણ્યો છે તો મેં આ છોકરાને જણ્યો નથી ? એમાં તો વળી તું કંઈ મોટી શિખામણ અપાવવા બેઠી છે ?’’

ગમે તેમ તોયે એ એની બૈરી. હું મા. આટલો ફરક તો રહેવાનો જ ને ? તેને કહે તો સામી થાય. મને કહે તો હું ડોશી શું કરવાની હતી ? એટલે છોકરાને પોતાની તરફ ખેંચીને બોલ્યો :

‘‘બા, તેણે છોકરાને જનમ આપ્યો છે એટલે તે મારેય ખરી. તું શા માટે વચ્ચે આવે છે ? તારે કશું કહેવું હોય તો મને કહે.’’

‘‘એનો અર્થ એ કે હું બોલી એ મારી ભૂલ, નહિ ?’’

‘‘ભૂલ કહેવાય કે નહિ એની તો મને ખબર નથી પણ જણનારી છોકરાને શિક્ષા ન કરી શકે એમ કહી શકાશે ખરું ?’’

મારો પિત્તો ગયો. ઊકળીને હું બોલી :

‘‘વાહ ભાઈ વાહ ! બૈરીએ સારી ભૂરકી નાંખી છે. એ છોકરાને મારે એ બરાબર અને મારી સામું એ બોલે એ પણ બરાબર. બંને સરખી વાત કહેવાય ? બહુ સારું, ભાઈ.’’

‘‘તો શું કરું ? બૈરી હોય તો માને ફાવે નહિ. મા હોય તો બૈરીને ફાવે નહિ. આ પરિસ્થિતિમાં એને એકલીને ક્યાં મૂકી આવું, તું જ કહે.’’

મેં નરમ થઈને કહ્યું :

“મારેય તારો સ્તો આધાર છે.”

“તારી પાસે ગાયો છે. વાછરડાં છે. માલમત્તા છે. તને પોષવાનો સવાલ જ ક્યાં ઊભો થાય છે ?”

“એટલે મને જુદા જવાનું તું કહે છે ?” મેં સંતાપ પામીને કહ્યું.

“તારી જો એવી ઇચ્છા હોય તો હું આડખીલીરૂપ નહિ બનું. તમારી બંનેની કીટકીટથી હું કંટાળી ગયો છું.”

“સારું ભાઈ, જો એમ હોય તો આજે બપોરથી જ હું જુદી રહીશ. તું અને તારી બૈરી બેઉ સુખેથી રહેજો.” આમ સંભળાવી દઈને, દહીં લઈને હું અહીં આવી. આટલું બોલીને મંગમ્માએ રડવાનું શરૂ કર્યું.

“આમાં વળી કઈ મોટી વાત છે ? રોજની જેમ જ ઘેર જજે. બધું ઠીક થઈ જશે. રડ નહિ. શા માટે જીવને ક્લેશ આપે છે ?”

દિલાસાનાં બેચાર વાક્યો સંભળાવીને મેં તેને ઘેર પાછી મોકલી.

બીજે દિવસે મંગમ્મા આવી ત્યારે આગલા દિવસ જેટલી વ્યથિત ન હતી. જોકે પહેલાં જેવી ખુશ પણ ન હતી.

“કેમ મંગમ્મા, કજિયો પત્યો ને ?” મેં પૂછ્યું.

“કેવી રીતે પતે, માડી ? એ બધા મને શું સુખે રહેવા દેવાના છે ? કાલે દહીં વેચીને ઘેર ગઈ તો મારો બધો સામાન બાજુએ કાઢીને મૂક્યો હતો. સાથે એક માટલી રાગી, થોડું મીઠું, મરચું વગેરે હતું. પોતે અને ધણીએ જમી લીધું હતું, તેથી લાંબા પગ કરીને બેઠી હતી. હવે તમે જ કહો, કજિયો કેમનો ટાઢો પડે ? મેં તો મારા પૂરતો લોટ રાંધીને ખાઈ લીધું. મારા પેટ માટે આટલું પૂરતું. એક વાર લગન થાય એટલે છોકરો આપણો રહે, બા ? ઠીક છે. એને જો મારી જરૂર નથી તો ઉપર પડતી હું શા માટે જઉં ? હું જુદી જ રહું છું. રોજ નાનકાને થોડું દહીં આપ્યા પછી જ દહીં વેચવા નીકળું. આજે એ વાત કરું નહિ ને એટલે, કંઈ સમજાતું નથી મને.”

આવડી અમથી વાતમાંથી કેવું રામાયણ ઊભું થયું એનું મને આશ્ચર્ય થયું, પણ આમાં હું કશું કરી શકું તેમ ન હતી. ગમે તેમ સમજાવી તેને વિદાય કરી. એકબે દિવસ એણે કશી વાત કાઢી નહિ આ પછી એક દિવસ તેણે પૂછ્યું :

“માડી, તારું આ પોલકું મખમલનું છે ? એના એક વારના કેટલા પૈસા પડે ?”

“એ જાણીને તારે શું કામ છે ?”

“અત્યાર સુધી તો છોકરા વાસ્તે પૈસા બચાવતી હતી, બા, હવે શાને માટે બચાવવા ? થાય છે કે લાવ, મખમલનું પોલકું પહેરીને ચાર દહાડા હુંયે ફરું.”

“સાત-આઠ રૂપિયા તેના પડે, મંગમ્મા.”

તે દિવસે મારે ત્યાંથી પાછી ગઈ ત્યારે એણે મખમલનું કાપડ ખરીદીને તે સિવડાવવા સુધ્ધાં નાખી દીધું હતું. એક-બે દિવસ પછી તે આવી ત્યારે એણે મખમલનું પોલકું પહેર્યું હતું. મને કહે :

“જો તો માડી, કેવું લાગે છે ? મારો ધણી હતો ત્યારે એક પણ સાડી ન લીધી. તેણે બીજી કરી, છોકરા વાસ્તે પૈસા ભેગા કર્યા ત્યારે તેનુંય આવું થયું. થાય છે કે હવે મારે માટે જ જીવું. જુઓ પડે છે ને મારો વટ ?

છોકરા સાથે ઝઘડો થવાથી તેનું મગજ ઠેકાણે ન હતું. ગુસ્સો આવે તો કોઈને પણ આવું જ થાય. તેથી આ ઉંમરે પહેરેલા પોલકા વિશે હું કશું બોલી નહિ પણ આ પોલકાને કારણે તે ખૂબ જ વગોવાઈ ગઈ. પોલકાને કારણે એક બીજો ઝઘડો ઊભો થયો.

બન્યું એવું કે તેના જ ગામનો એક છોકરો બૅંગ્લોરમાં ભણતો હતો. વિલાયતી લોકો કે આપણા ભણેલાગણેલા લોકો પેઠે હમણાંનો ટાઈ, કોલર વગેરે પહેરતો થયો હતો. મંગમ્માને જોઈ તે બોલ્યો :

“વાહ ! મખમલનું પોલકું પહેર્યું છે ને કાંઈ ?”

આવી મશ્કરીથી ચિડાઈને મંગમ્મા ગુસ્સામાં બોલી : “સાલા હલકટ ! બોલતા આવડે છે કે નહિ ? આ ડોશીની મશ્કરી કરવા બેઠો છે, નહિ ? જોને તેં આ ગળે ફાંસો બાંધ્યો છે તો હું કેમ પોલકું ન પહેરું ? બોલ તો...”

આમાંથી બોલાચાલી વધી ગઈ. તમાશો જોવા લોકો ભેગા થઈ ગયા. સૌ હસવા લાગ્યા. બીજે દિવસે આખી ઘટના મને કહી સંભળાવી. બહારનાની વાત તો જવા દો, પાડોશીઓ પણ ઝપ્યા (જંપ્યા) નહિ. એમણે સાસુની વાત વહુને અને વહુની વાત સાસુ પાસે પહોંચાડી. વહુએ પાડોશીને કહ્યું હતું : “જોઈ ને મારી સાસુ ? વહુને એક પોલકું સરખું આપવાનું સૂઝ્યું છે ! અને આ જુદાં રહેતાંની સાથે જ નવું પોલકું પહેરીને રોફ મારે છે !

મંગમ્માએ વહુને લગ્નમાં લટકણિયાં, સાંકળાં, કડલાં, માઈડો, કીડીઆસર, ટૂંપીઓ, વેઢ, નથની એવા બધા જ દાગીના કર્યા હતા. પછી દર વર્ષેય વહુને એકેક દાગીનો લઈ દીધો હતો. વહુને આ કશું યાદ નથી ?

પહેલાં તો વહુની આ વાત સાંભળીને એ શાંત રહી. એક રાત્રે દીકરા પાસે જઈને કહેવા લાગી :

“તારી બાયડી મને બહાર વગોવે છે. મેં પોલકું સિવરાવ્યું અને પહેર્યું એમાં તો જાણે મેં શુંયે કરી નાંખ્યું હોય ? કહે છે કે મેં એને કશું દીધું નથી. મેં શું એને દાગીના કરાવી આપ્યા નથી ? એ બધા શું ખોટા છે ? સાંકળા, કલ્લાં, લટકણિયાં, ટૂંપિયો, નથની – બધું જ તે કરાવી આપ્યું છે.”

છોકરાને કશું બોલવા ન દેતાં વહુ વચ્ચે ટપકી પડી અને બોલવા લાગી : ''ધણી તો છે નહિ અને ડોકરી થઈને આવું પહેરવું છે ? મને જે આપ્યું છે તે લઈ જા બધું અને એ બધું પહેરીને ભટકજે બધે.''

''આટલું બધું ચપ ચપ કેમ બોલે છે ? કોઈ કહેનાર નથી, એમ ?''

પછી મને કહેવા લાગ્યો :

''મને તારો આ કકળાટ ન જોઈએ. જોઈએ તો દાગીના લઈ જા.''

આ બધી વાતો મને સંભળાવી મંગમ્મા બોલી : ''આવી રીતે બહાર વાત ન કરાય એમ ઓલીને તો કીધું જ નહિ. ઉપરથી મને કહે છે કે જોઈએ તો તારા દાગીના લઈ જા. કહો મને, હવે જીવીને પણ શું કરું ?''

આ સાંભળી મને ખૂબ દુઃખ થયું. બાપડી ઘરડી મંગમ્મા. તેને એક જ છોકરો. વહુ પણ એના વરને અને એની માને સારી રીતે રાખી શકતી નથી ! શાને માટે આ ટંટો ? મંગમ્માએ પૌત્રને મારવાની મના કરી એટલા વાસ્તે ? માણસોય કેવા હોય છે ? આટલા અમથા નજીવા કારણમાંથી આવડું મહાભારત ?! – હું વિચારવા લાગી. પછી ધ્યાનમાં આવ્યું કે આમ તો કોઈ પણ ઝઘડાનું કારણ નજીવું જ હોય છે. લોકોને જ્યારે એકબીજા સાથે બનતું નથી ત્યારે જ રજનું ગજ થતું હોય છે. પાણીમાંથી પણ પરપોટા શોધીને ઝઘડાનું નિમિત્ત બનાવાય છે. પરિણામે, સંડોવાયેલા સૌને દુઃખ થાય છે.

થોડા દિવસ પછી મંગમ્મા એક વાર મને કહેવા લાગી : ''માડી, તું વિશ્વાસુ છે એટલે તને એક વાત કરવા માંગું છું. છે ને તે મારી પાસે ઘણી મૂડી છે પણ લોકોનો ડોળો એના ઉપર છે. એટલે બૅંક કે પેલું શું કહેવાય – એમાં જરા મૂકી આપો ને.''

''કેમ કંઈ થયું ?''

''હા માડી, અમારા ગામમાં રંગપ્પા કરીને એક માણસ છે. રંગીલો માણસ છે. જુગાર-બુગાર રમનારો. કાલે હું દહીં લઈને આવતી હતી ત્યારે મારા રસ્તામાં ક્યાંકથી એ ફૂટી નીકળ્યો. કહે કેમ મંગમ્મા શું ચાલે છે ?''

''ચાલવાનું શું હતું ? તને બધી ખબર તો છે.'' તો રંગપ્પાએ મને કહ્યું :

''હા, મને ખબર છે તો ખરી. આ જો ને. આજકાલનાં છોકરાંવને કેમ વર્તવું તેનું કશું ભાન નથી. વડીલોને ફાવે તેમ બોલે, આપણા જેવા ઘરડાઓ 'આજે આમ થયું ને કાલે આમ થયું' એમ બોલતા રહેવાના.

આમ વાત કરતાં કરતાં અમે પેલી ઝાડી અને કૂવો છે ને ત્યાં આવી પહોંચ્યાં. હવે સુમસામ રસ્તો શરૂ થતો હતો. મારા ગુંજામાં ઘણા પૈસા હતા. એટલે મને બીક લાગી. આવો આ કંઈક કરી બેસશે તો ? એ વખતે તો એણે મારી પાસે ચૂનો માંગ્યો અને મેં આપ્યો. ચૂનો લઈને તો એ એના રસ્તે પડ્યો. પણ, આજે જ્યારે હું આવતી હતી ત્યારે એ જ જગ્યાએ આવીને મને ભેગો થયો. પહેલાં તો આડી-અવળી વાતો

કરી. પછી કહે : ''હું જરા મુશ્કેલીમાં છું. થોડા પૈસા ધીરીશ મને ? આ સાલની રાગી વેચતાં જ પાછા આપી દઈશ.''

''મારી પાસે પૈસા જ ક્યાં છે, ભઈલા ?'' મેં કહ્યું તો તે બોલ્યો :

''રહેવા દે, રહેવા દે મંગમ્મા, મને શું ખબર નથી કે તારી પાસે કેટલા પૈસા છે ? આમ-તેમ દાટીને મૂક્યા છે એને બદલે મને ધીરીશ તો મારુંય કામ થશે ને તને વ્યાજ મળશે, એ નફામાં.''

થોડી વાર પછી ફરી બોલ્યો :

''તારો છોકરો જો તારી સાથે રહેતો હોત તો મેં તને પૂછ્યુંય ન હોત. હુંય સમજું ને કે વહુ માટે આછો-પાતળો દાગીનો કરાવવા પૈસાની જરૂર તો હોય. હવે એ તો તારે કરવાનું નથી એટલે મેં વાત નાંખી.''

''બાઈ માણસ એકલું હોય ત્યારે લોકોની નજર કેવી બગડે છે માડી, જુઓ ને'' – કહી મંગમ્માએ વાત પૂરી કરી.

''મારા વરને પૂછીને તને જણાવીશ.'' મેં કહ્યું.

મેં આ બાબતે મારા વરને કશી વાત કરી નહિ. બીજે દિવસે દહીં વેચીને પાછા ફરતાં મંગમ્મા ગજવામાં હાથ નાંખતાં બોલી :

''માડી, ચાલો અંદર, ગણી લો.''

''અરે ! મેં હજુ એમને પૂછ્યું નથી. આજે રહેવા દે. ફરી – ક્યારેક વાત.''

રડવા જેવી થઈને મંગમ્મા બોલી : ''ના માડી, તારી પાસે જ રહેવા દે. મને બહુ બીક લાગે છે. રંગપ્પા આજે પણ આવેલો. કહે : બેસને મંગમ્મા, જવાશે. આટલી ઉતાવળી કાં થા ?'' મારી પાસે પૈસા હતા. છાતી તો ધક્ ધક્ થવા લાગી. બેસીશ નહિ તો જબરદસ્તી એ બેસાડવાનો એમ લાગતાં બેઠી. ગામની આડીઅવળી વાતો કરી એકદમ મારો હાથ ઝાલ્યો અને બોલ્યો :

''મંગમ્મા, શું કહું તને ? તું કેટલી બધી સુંદર દેખાય છે ?''

''સાંભળ્યું બા ? ભરજવાનીમાં ધણીએ હાથ ઝાલીને છોડી દીધી પછી કોઈએ હાથ પકડ્યો નથી. આજે આને પકડ્યો ! હાથ છોડાવતાંક મેં કહ્યું :

''આ શું કરે છે રંગપ્પા ? કાંઈ ભાનબાન છે કે નહિ ? એકદમ પ્રેમ ઊભરાઈ આવ્યો ? મને પ્રેમ કરનારો તું કોણ મારો પરણ્યો થાય છે ? છોડ –'' એમ કહીને એનાથી છૂટી જલદી મારમાર કરતી અહીં આવી છું. બા, કાલે પૈસા માંગ્યા, આજે મૂવાએ હાથ ઝાલ્યો. મારી જગાએ બીજી હોત તો પરણ્યો છોડીને ગયો ત્યારે જ બીજું ઘર કર્યું હોત. હું કાંઈ એવી વંઠેલ નથી. જુઓ તો ખરા – આ સાલો મવાલી જાણે કે ચાર ફેરા ફર્યા હોય તેમ મારો હાથ પકડવા લાગ્યો ?''

મંગમ્માની સ્થિતિ હવે વિકટ બનવા લાગી હતી. મેં તેને સમજાવી :

“આ શો ભવાડો ઊભો કર્યો છે, મંગમ્મા ? ઝઘડા-રગડા છોડીને છોકરા સાથે રહેવા જતી રહે હવે છાનીમાની.”

“હું તો જવા તૈયાર છું પણ પેલી તૈયાર હોય તો ને.”

“છોકરાને બધી વાત કરી જો.”

“બાપ રે બાપ ! એમ ન થાય. જાણો છો પેલીને – ઓછી નથી. ધાંધલ કરી મેલી, મને નાત બહાર મુકાવે. ઓહ ! આજ તો મોડું થઈ ગયું. સારું ત્યારે, તમે સાહેબને પૂછી જોજો. આવતી કાલે આવું છું.”

એક કલાક પછી તે પાછી આવી. તેનું મોં પડી ગયું હતું. કહેવા લાગી :

“બા, ગરબડ થઈ ગઈ.”

“કેમ રે, શું થયું ?”

“છોકરા માટે મેં થોડી મીઠાઈ લીધી હતી.” છોકરાને પોતાની પાસે આવવા દેતી નથી એમ એણે પહેલાં જણાવેલું તેથી હું કંઈ સમજી નહિ કે કયા છોકરાની આ વાત કરે છે ? તેથી મેં પૂછ્યું :

“કયા છોકરા માટે ?”

“બીજો કોણ હોય ? મારા નાનકા વાસ્તે સ્તો.”

‘તું તો કહેતી હતી કે એ એને તારી પાસે ફરકવા પણ દેતી નથી.’

“એની મા તો ના પાડે છે પણ છોકરો કંઈ આવ્યા વિના રહે ? એ તો એના માબાપની નજરને ચૂકવીને ક્યારેક ક્યારેક આવી જતો હોય છે. આવીને ક્યારેક દૂધ પીએ છે તો ક્યારેક વળી દહીં માંગે છે. કંઈ પણ એને આપું તો રાજીનો રેડ થઈ જાય. મસ્તી કરવા લાગે તો ‘તારી મા સાંભળી જશે’ એમ કહું મોં પર હાથ મૂકી તો ચૂપ રહેવાનો ચાળો કરે. છોકરાં કોને કહ્યાં છે ? થયું કે ‘લાવ આજે તેને માટે મીઠાઈ લઈ જાઉં’ એમ કરીને મીઠાઈ ખરીદી, એને ટોપલીમાં મૂકીને આ શંકરપુર લત્તામાં આવતી હતી ત્યારે વચ્ચે ત્યાં આંબાનું ઝાડ છે ને એના ઉપર બેઠેલો એક કાગડો ઝાપટ મારીને મીઠાઈનું પડીકું લઈ ગયો. બોલ માડી, કેવું થઈ ગયું ?” મંગમ્માની આંખોમાં પાણી આવ્યાં.

“બસ, આટલું જ કની ? જવા દે, જરા અમથી મીઠાઈ ગઈ તો ગઈ. ફરી લેવાશે.”

“એમ નથી બા, કાગડો માણસને અડે તે સારું નહિ એમ કહે છે.”

“અડે તો શું થઈ જાય ?”

“કહેવાય છે કે તો માણસને માથે ઘાત આવે. મારા દહાડા હવે પૂરા થયા છે એમ વિચારીને પહેલાં તો થથરી ગઈ પણ પછી રાજી થઈ. સૌને માટે હવે હું નકામી થઈ પડી છું, હવે તો ભગવાન જલદી બોલાવી લે એ જ સારું છે. આવું થયું તેથી હું પાછી આવી. મને કશુંય ગમતું ન હતું.”

"ગાંડી થઈ કે શું, મંગમ્મા ? કેવી નાંખી દેવા જેવી વાત કરે છે ? કાગડો સહેલાઈથી લઈ જઈ શકે એવી રીતે મીઠાઈનું પડીકું તેં મૂકેલું એટલે એ લઈ ગયો. એથી કાંઈ ઘાત આવે એમ કહેવું એ કંઈ અક્કલની વાત છે ? જા, સીધી ઘરે જા, કશુંયે થવાનું નથી." આમ મેં સમજાવી. તેના મનની શંકા હજુ પૂરી થઈ ન હતી. અચકાતી અચકાતી તે બોલી :

"એમ હોય તો કોઈ બીક નથી, એમ જ ને ?"

"બીક-ફીક જેવું કંઈ જ નથી. જેટલું તું ઝઘડે છે તેટલું આયુષ્ય વધતું હોય છે માટે હવે ફરી એનો વિચાર કર્યા વિના હસતા મોંએ ઘેર જા." હું જરા ચીડમાં મોટેથી બોલી.

મંગમ્મા જતી રહી. હું તેની માનસિક દશાનો વિચાર કરવા લાગી. વિચારતાં વિચારતાં મને આશ્ચર્ય થયું :

"કેવી છે એ ? એને છોકરો જોઈએ, વહુ જોઈએ, પોતરો જોઈએ. એટલું જ નહિ પણ પોતે જ ઘરની રાણી-ધણી છે એમ સમજીને સૌએ એને માન પણ આપવું જોઈએ ! માણસની તૃષ્ણાને અંત નથી પણ જો જીવતરમાં કંઈક ન ગમવા જેવું થાય તો વળી મરવાનીય ઇચ્છા કરે ! ખરેખર મરવું ગમતું હોતું નથી. આ ગામડિયા લોક અબુધ, અણઘડ ! ઢાંકપિછોડો કરતાં આવડે નહિ એટલે તેમના મનની સ્થિતિની આપણને જાણ થાય છે. પડદા પાછળ પડદો, પાટલી પાછળ પાટલી, માટલી પાછળ માટલી – જીવનનાટકનું આ સૂત્ર આવું છે !"

મંગમ્મા ફરી આવી ત્યારે એક સમાચાર લાવી. કહેવા લાગી કે તેનો નાનકો એના માબાપને છોડીને એની સાથે રહેવા આવી ગયો છે. છોકરાના આ પરાક્રમથી એ રાજી થઈ હતી. કહેવા લાગી :

"માડી ! આ વેંત જેવડા છોકરાની હિંમત તો જુઓ ! માને છોડીને આવવું એ કાંઈ જેવીતેવી વાત છે ? કાલે મારી પાસે આવીને કહી દીધું કે હું બા પાસે જવાનો નથી. આટલા દિવસો ચોરીછૂપીથી આવતો છોકરો જ્યારે એના ઘરે ગયો નહિ એટલે એની માએ કકળાટ કરી મેલ્યો. 'ચાલ ઘેર, નહિ મારું' કહી લઈ જવા આવી અને કેટલુંય સમજાવ્યો પણ એ તો 'હું નહિ આવું' એમ બોલીને મારા પગ પકડીને જોરથી રડવા લાગ્યો. એનો બાપ પણ લેવા આવ્યો પણ આ પીટ્યો મારી કને જ રહ્યો. દસ દિવસ જુદા ઘરમાં એકલા સૂતાં થોડી બીક લાગતી હતી. કાલે આ છોકરો હતો એટલે હિંમત રહી. ગમે તેમ તોયે ભાયડો તો ખરો ને ? માડી, ભગવાને જ એને આ સુઝાડ્યું. પેટનો જણ્યો ન સંઘરે તો કાંઈ નહિ. એના નાનકાએ તો મને છોડી નથી ને. મને કોઠે ટાઢક વળી. વહુએ આખી રાત રામાયણ કરી, નાનકાને મેં ઘણું કહ્યું પણ એ ગયો જ નહિ. અહીં આવવા નીકળી ત્યારે 'એ એકલો કેવી રીતે રહેશે' એમ વિચારી, એને એની

માના ઘરના બારણા પાસે લઈ જઈને ઊભો રાખ્યો. તે અંદર ગયો અને હું આ બાજુ આવી.''

''છોકરાને તે જો હવે મારશે તો શું કરીશ, તું ?''

''હવે શેની મારે ? છોકરો થોડી વાર ઘેર આવ્યો એનો આનંદ નહીં હોય શું ? આખો દા'ડો પોતાની પાસે હોય તો મારે પણ અત્યારે તો એ થોડી વાર માટે જ ગયો છે એટલે શેની મારે ? મારી જ વાત લો ને. હું ભેગી હતી ત્યારે મારી વહુ કેટલી સુંદર છે તે જાણતી ન હતી. હવે માથે ઓઢેલી એને દૂરથી જોઉં છું ત્યારે એ એવી તો નમણી લાગે છે ! તેથી તો મારો દીકરો એને જ જોઈ રહ્યો છે. વહુનું પણ એમ જ છે. હું જ્યારે પહેલાં ભેગી હતી ત્યારે સરદાર ખેતરે ક્યારે ગયો ? ક્યારે ઘેર આવ્યો ? એનું ધ્યાન એ રાખતી ન હતી. હવે તો મારી જેમ જ એ પણ 'આટલો જલ્દી કેમ નીકળી પડ્યો ?' અથવા 'આ હજુ પાછો કેમ આવ્યો નથી ? હં... નાનકાને વહુ ન મારે. હવે જો એ એને મારવા જાય તો આવતી કાલે એ મારી સાથે દહીં વેચવા આવવાની જીદ કરશે. અને તમે માનો છો કે નવ મહિના ભાર વહીને જનમ દેનારી એને એમ રજા આપશે ? પેટનાં જણ્યાંને એ એમ તો કેમની છોડવાની હતી ?''

મંગમ્માના વિચારો ક્યાંના ક્યાં દોડે છે ? મને એનું આશ્ચર્ય થયું. આ લોકોનો ઝઘડો હવે બહુ જ જલદીથી સુખાંતમાં પરિણમશે એની મને ખાતરી થઈ ગઈ. અને થયું પણ એમ જ. મા પાસે બે દિવસ રહ્યા પછી ત્રીજે દિવસે છોકરાએ દાદી સાથે દહીં વેચવા બૅંગલોર સાથે જવાની જીદ પકડી વૃદ્ધ મંગમ્મા દહીંનો પાટિયો માથે અને કૂખમાં પૌત્રને તેડીને ત્રણ માઈલ ચાલવું એ શું સહેલી વાત છે ? તો શું કરવું ? વહુ-દીકરો એની પાસે આવીને કહેવા લાગ્યાં :

''અમારી જરા અમથી ભૂલમાં તું આટલી ચિડાઈ જાય તે કેમ ચાલે ? ગામના ચાર માણસો વચ્ચે પડ્યા અને સુલેહ થઈ. માન ખોયા વિના પોતાની ઇચ્છા પ્રમાણે વહુ સાથે રહેવા ગઈ. પૌત્રે તો દાદી સાથે જવાનો જ એવી જીદ પકડી. આને કારણે એક નવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી.''

દૂધ-દહીંનો ધંધો પહેલેથી જ મંગમ્માના હાથમાં હતો. વહુ આવ્યા પછીયે મંગમ્માએ આ કામ પોતાના હાથમાં રાખ્યું હતું. કારણમાં વહુને રસોડું સંભાળવાનું હોય ને ? ખરેખર તો ધંધામાંથી મળતા પૈસા પોતાના હાથમાં જ રહે એવી મંગમ્માની ઇચ્છા. હવે પૌત્રે જીદ પકડી એટલે વહુ કહેવા લાગી :

''તમારી હવે ઉંમર થઈ, હવે કેટલા દિવસ કામ ખેંચશો ? આ તડકામાં ખાલીપીલી આવવું ને જવું. તમે રસોડું અને ઘર સંભાળીને ઘેર રહો. દહીં વેચવાને હું જઈશ.'' ''ભલે તું જજે. કોઈ કોઈ વાર હું જઈશ. રોજનું તું સંભાળજે.'' આમ ધંધાનો દોર વહુને સોંપી દીધો.

એક દિવસ સાસુ અને વહુ બંને આવ્યાં. એકના હાથમાં છોકરો, બીજીના માથે દહીંનો પાટિયો.

‘‘બા, આ જુઓ મારી વહુ. બિચારી ડોશી એકલી શા માટે પકાવે ? તેથી એને ભેગી બોલાવી લીધી અને હવે આ ઉંમરે ખાલીપીલી તડકે ન ફરો એમ એણે કહ્યું એટલે મેં કહ્યું : ‘ભલે’. એટલે હવે પછીથી એ જ દહીં લાવશે, હં.’’ આમ જણાવી એણે અમને પોતાની વહુ સોંપી. મેં બંને સાથે વાતો કરી. સુલેહસંપથી બંનેએ એકબીજા સાથે રહેવું એમ શિખામણ આપી તથા પાનસોપારી આપીને બંનેને વિદાય આપી. આજકાલ મારે દહીંનો વારો વહુનો ચાલે છે.

આટલા દિવસો સાસુની વાતો સાંભળી, વહુ શું માનતી હશે એનું કુતૂહલ થવાથી એક દિવસ મેં તેને પૂછ્યું :

‘‘અરે ! નંજમ્મા. તું લાગે છે તો સમજુ. સાસુને ઘરમાંથી કેમ કાઢી મૂકી હતી ?’’

નંજમ્મા : ‘‘સાસુને કાઢી મૂકું એવી હું શું રાક્ષસી છું ? ના બેન, ના, પોતે સાસુ એટલે હર એક બાબતમાં પોતાનો જ કક્કો ખરો કરવા જાય એ ચાલતું હશે ? પોતાનો છોકરો હવે નાનો કીકલો નથી, ઘરનો માલિક છે એમ ન સમજે તો આદમીની કિંમત કેટલી રહે ? ઠીક છે મારા ભાઈ. એમણે મારા ધણીને જનમ આપી મોટો કર્યો એ બધી વાત સાચી પણ લગન કરાવ્યા પછી અમારો બૈરી-ભાયડાનો સંસારેય હશે ને ? નહિતર પછી એ ધણી થયા તોયે શું અને હું ધણિયાણી થઈ તોયે શું ? તમે જ કહો.’’

‘‘છોકરો તારો જણેલો એ વાત સાચી, પણ એથી કરીને તું એને મારે એ કાંઈ સારી વાત છે ?’’

‘‘મારું કે રમાડું, દરેક બાબતમાં એ બોલ્યા વિના રહે નહિ. મારું તો કહેશે ‘કેમ મારે છે ?’ રમાડું તો કહેશે ‘કેમ રમાડે છે ?’ જવા દો બેન. એમની આવી બધી વાતોના જવાબ કોણ આપે ? મારે પણ ઘર છે, દીકરો છે એમ લાગવું તો જોઈએ ને ? વહુ થઈ એટલે શું થઈ ગયું ? ક્યારેક એને બોલવાનું થાય કે ક્યારેક મારુંય ખરી. જો આટલીય સ્વતંત્રતા ન હોય તો જખ મારવા સંસાર માંડ્યો’તો ?’’

મંગમ્મા વાત કરતી હતી ત્યારે એની વાત સાચી લાગતી હતી. આજે નંજમ્મા વાત કરે છે તો એનીય વાત સાચી લાગે છે. હવે કેવી પરિસ્થિતિ હશે એ જાણવાનું મન થતાં મેં પૂછ્યું :

‘‘તો હવે ઘરમાં સ્વતંત્રતા મળી ગઈ ?’’

‘‘પહેલાં કરતાં સારું છે. થોડું તો સહન કરવું પડે. અને એક બીજી વાત, જો થોડુંય સહન ન કરું તો કોઈ બીજો મારી સાસુનો દલ્લો હડપ કરી જાય. અમારા ગામનો એક રંગપ્પા નામનો માણસ છે. જ્યારે સાસુ જુદા રહેતાં હતાં ત્યારે રંગપ્પાએ મારી સાસુ પાસે ઉછીના પૈસા માંગેલા. કહેવાય છે કે મારી સાસુએ હા ભણેલી. રંગપ્પાએ

પોતે જ આવીને આ વાત કહી હતી. મારા બોલાવ્યા વિના તારે આવવું નહિ એમ ભણાવીને મેં જ નાનકાને દાદી પાસે મોકલ્યો હતો. અમારી વચ્ચે મેળ થઈ જાય એવી ઇચ્છા હતી અને બધું સમું ઊતર્યું.''

''એટલે તું એમ કહેવા માંગે છે કે તારો બાબો એની જાતે જ દાદીમા પાસે ગયો ન હતો ?''

''એને જવું તો ગમતું હતું પણ મારી ધાકથી જ જતો ન હતો. જેવું મેં જવા માટે કહ્યું કે એ ખુશીખુશી ગયો.''

''આ બધું કર્યું તેની જાણ તારા વરને છે ?''

''અરે ! આવું બધું તો કહેવાતું હશે ? આદમીને એમાં શું ગતાગમ પડે ?''

મંગમ્મા કરતાં નંગમ્મા જાય એવી ન હતી. હવે બેઉ વચ્ચે સ્વતંત્રતા બાબતે ગજગ્રાહ ચાલે છે. જાણે કૂતરું તાણે ગામ ભણી અને શિયાળ તાણે સીમ ભણી. આનું ઉદાહરણ આ ડોશીનો છોકરો એટલે કે આ સ્ત્રીનો ધણી. એક બાજુ મા એને પકડી રાખવા માંગે છે તો બીજી બાજુ વહુ એને જકડી રાખવા ઇચ્છે છે. આ તો સમાજનો સર્વસામાન્ય વ્યવહાર છે. આ ગજગ્રાહમાં કોણ હારશે, કોણ જીતશે, કંઈ કહેવાય નહિ. સાસુ-વહુની આ ખેંચતાણમાં છોકરાની માઠી દશા થાય છે. પાણીમાં પડેલ મગરની જેમ એક બાજુ વહુ ખેંચી રહી છે તો બીજી બાજુ કિનારે ઊભેલી મા એને બચાવવાને નિમિત્તે એનો હાથ પકડી ખેંચી રહી છે. ગામડું હોય કે શહેર, ગામડામાં દહીં વેચનારી મંગમ્મા હોય તોયે આ સ્થિતિ અને શહેરમાં દહીં લેનારી તંગમ્મા હોય તોયે આ સ્થિતિ. જેને છેલ્લો અંક છે જ નહિ તેવું આ નાટક બસ ચાલ્યા જ કરે છે.

18

---

## સાભાર નોંધ

## (નિબંધ)

(૧૮૭) માણસ હોવાનો મને વહેમ : કેશુભાઈ દેસાઈ, ૨૦૧૪, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૪+૧૮૬, રૂ. ૨૦૭/- (૧૮૮) તેઓ : મનોહર ત્રિવેદી ૨૦૧૪, લટૂર પ્રકાશન, ભાવનગર, પૃ. ૧૦+૧૭૦, રૂ. ૨૨૫/- (૧૮૯) ઘરવખરી : મનોહર ત્રિવેદી બીજી-૨૦૧૪ લટૂર પ્રકાશન, ભાવનગર, પૃ. ૧૪+૧૦૨, રૂ. ૧૫૦/- (૧૯૦) તોરણમાળ : મણિલાલ હ. પટેલ, ૨૦૧૪, લટૂર પ્રકાશન, ભાવનગર, પૃ. ૮+૧૭૬, રૂ. ૨૨૫/- (૧૯૧) માણસ એ તો માણસ (ચરિત્રનિબંધ) પ્રફુલ્લ રાવલ, ૨૦૧૪, કૃતિ પ્રકાશન વીરમગામ, પૃ.૧૨ + ૧૪૦, રૂ. ૧૫૦/- (૧૯૨) રમેશ પારેખની કાવ્યકલા : વર્ષા એલ. પ્રજાપતિ ૨૦૧૪, ૧૭/૩૪, શક્તિનગર સોસાયટી, બાપુનગર, અમદાવાદ, પૃ. ૩૦૧, રૂ. ૩૦૦/-

## પિતૃપ્રેમની અમૂંઝણનું ગીત | યોગેન્દ્ર વ્યાસ

### ઝુરાપો

(ગીત)

આકુળ-વ્યાકુળ થઈ મરિયમના કાગળની
          અલી જેમ રોજ રાહ જોતો
બેટા, તારી કાંઈ ખબરું ના આવે ને
          મારું હું સાન-ભાન ખોતો !
                    -આકુળ-વ્યાકુળ...

મોતિયાળી આંખે હું નજરું લંબાવતો કે
          વરસશે વ્હાલપની હેલી,
ઠાલાં વાદળ આવી આભલામાં ઊમટીને
          જાય મુંને તરફડતો મેલી,
શિવો ટપાલી મૂઓ શેરીમાં ઘૂમરાતો
          ઓળંગી જાય મારી ડેલી,
એકલો અમૂંઝાતો અથડાતો આમતેમ,
          મારામાં હું જ નથી હોતો !
                    -આકુળ-વ્યાકુળ...

ઢૂંકડું નથી તારું રે'વાનું એટલું કે
          હડિયું કાઢીને આવું મળવા,
કોયલ-શા ટહુકાને સાંભળવા હેવાયા
          કાન આજ મંડી ગ્યા કળવા,
ક્યારે આવીશ કહે પાછી તું અહીં, હવે
          ક્યારે થાશું રે બેઉ હળવા ?
આડોશ-પાડોશને અણસારો ના'વે ઈમ
          હીબકાં ભરીને રહું રોતો...
                    -આકુળ-વ્યાકુળ...

('કવિલોક' માર્ચ-એપ્રિલ, ૨૦૦૭)

– દેવેન્દ્ર દવે

પચાસેક વરસ પહેલાં એક કવિતા વાંચેલી. 'નીંદ' કવિ – અલી સરદાર જાફરી. એ કવિતાની કેટલીક પંક્તિઓ મનમાંથી ખસતી નથી. 'નીંદ નહીં આતી. રોજ રાત કો યૂં હી, નીંદ મેરી આંખો સે બેવફાઈ કરતી હૈ. જેલ સે નીકલતી હૈ. દૂર બમ્બઈ કી બસતિ મેં ચૂપચાપ જાતી હૈ. જા કે ઘર કા દરવાજા યૂં હી ખટખટાતી હૈ. એક નન્હે સે બચ્ચે કો ઝૂક કે પ્યાર કરતી હૈ. નર્મ નર્મ ગાલોં કો, ગર્મ ગર્મ આંખોં કો યૂં હી થપથપાતી હૈ.'

સાદા છતાં હૃદયસ્પર્શી શબ્દોમાં જે ચિત્ર ઊપસે છે તે સીધું અંદર ઊતરી જાય છે. એનું વિવરણ કરવાની, સમજૂતી આપવાની, આસ્વાદ કરાવવાની કોઈ જરૂર નથી.

એવું જ એક ગતિશીલ, આપણી નજર સામે ભજવાતું હોય તેવું, પિતૃપ્રેમની અમૂંઝણનું એક ચિત્ર 'ઝુરાપો' નામના ગીત રૂપે હમણાં વાંચ્યું. ચિત્ર જોવાય પણ ખરું અને વંચાય પણ ખરું – ખાસ તો એને સમસંવેદન રૂપે એટલી જ તીવ્ર લાગણીથી અનુભવાય, સંભળાય.

ગીત લખાયું છે આઠેક વરસ પહેલાં અને ૨૦૦૭ના માર્ચ-એપ્રિલના 'કવિલોક'ના અંકમાં છપાયેલું. પણ કવિશ્રી દેવેન્દ્ર દવે છે...ક જુલાઈ, ૨૦૧૫માં એમનો કાવ્યસંગ્રહ 'ખંજન' મોકલ્યો તેના સત્યાશીમા પાના પર એ વાંચ્યું.

**'આકુળ-વ્યાકુળ થઈ મરિયમના કાગળની**
**અલી જેમ રોજ રાહ જોતો.'**

એવી ઉઘાડની પહેલી પંક્તિમાં જ ઘણા સંદર્ભો ઊઘડતા અનુભવાય છે. મરિયમ અને તેના પિતા કોચમેન અલી ડોસાને ન ઓળખતો હોય તેને ગુજરાતી ભાષક કેમ કહેવાય ? 'પોસ્ટઑફિસ' ગુજરાતી સાહિત્યમાં વાર્તા તરીકે ભલે ઓળખાય પણ એ છે બાપ-દીકરીના પ્રેમનું એક અમર વિરહ-ગીત. મિલન કરતાં વિરહમાં જ પ્રેમને વધુ તીવ્રતાથી વધુ નિર્મળતાથી, વધુ ઉત્કટતાથી પમાય છે એ તો સૌનો અનુભવ છે.

બીજો સંદર્ભ છે 'કાગળ'નો. અલી ડોસો તો મરિયમના પત્રની વાટ જુએ છે. અહીં કવિ એક ડગલું આગળ વધે છે. પત્ર નહીં, માત્ર કાગળ. દીકરી પરદેશ છે અને સમય ન મળે તો કંઈ નહીં, કાગળ ઉપર ચાર અક્ષર લખે તો પત્ર થાય – એય ન લખે ને માત્ર કાગળ મોકલે, કોરો કાગળ, પણ તોય આ બાપનું હૈયું ભીંજાશે, થોડી તરસ ઓછી થશે. દીકરીનો તો કોરો કાગળ પણ બાપને ભીંજવી શકે, દીકરીના કોરા કાગળનેય બાપ બસો વખત, બે હજાર વખત, અનેક વખત માત્ર સ્પર્શથી જ વાંચી શકે, સંવેદી શકે. ઓશીકાની નીચે રાખીને ઊંઘી શકે ને સપનાં જોઈ શકે.

ત્રીજો સંદર્ભ છે, 'આકુળ-વ્યાકુળ' થવાનો. આકુળ અને વળી વિશેષ રીતે આકુળ એટલે વ્યાકુળ. કોશમાં ગભરાયેલું, અસ્વસ્થ, મૂંઝાયેલું એવા અર્થો આપ્યા છે. કાગળ

નથી તેથી અસ્વસ્થ છે, કંઈક 'શું થયું હશે ?'ની આશંકાથી ગભરાયેલો છે પણ સૌથી વધુ તો મૂંઝાયેલો છે. 'મૂંઝાવું' શબ્દ આવે એટલે ગુજરાતી રસિકજનને 'મહામૂંઝારો મારો, હરિ ટાળજો રે'વાળી પ્રાર્થના યાદ આવે. મૂંઝાવાનું બને છે મોહને કારણે. સંસ્કૃતમાં તો મુહ્-મોહના બેહોશી, મૂર્છા, મૂઢતા, મૂર્ખતા, મૂંઝવણ એવા અર્થો થાય છે. મુહ્યતિ ઉપરથી જ મૂંઝાવું શબ્દ આવ્યો છે. આવા તીવ્ર-ઉત્કટ પિતૃપ્રેમનાં મૂળ 'મોહ'માં છે એની તો ના કેમ પડાય ? એ મોહને કારણે જ,

**'બેટા, તારી કાંઈ ખબરું ના આવે ને.**
**મારું હું સાન-ભાન ખોતો.'**

સાન-ભાન ખોવાની, બેહોશ થવાની સ્થિતિ તે મોહ-મૂંઝાવું.

અને રસિકજનોએ નોંધ્યું હશે કે ઉપાડની એ પંક્તિ, 'આકુળ-વ્યાકુળ' એ આ ગીતની ધ્રુવપંક્તિ છે. 'મોહો નષ્ટવા, સ્મૃતિ લબ્ધ્વા'ની સ્થિતિ નથી આવવાની એ જ સંસારીનું મોટું સુખ છે.

કોરો કાગળ તો કોરો કાગળ એનું રહસ્ય બીજી કડીની પહેલી પંક્તિમાં સ્પષ્ટ થાય છે. 'મોતિયાળી આંખે' કાગળરૂપી વ્હાલપની હેલી વરસવાની આશામાં આ પિતા બેઠો છે. આંખો ઉપર મોહના મોતિયાનાં પડળ છે એમ કહેવામાં વાંધો નથી. મોહ એ તો સંસારીનું ઘરેણું છે, શ્વાસ અને પ્રાણ છે. મોહ નથી તો મોહન નથી, મોહન (મોહ પડમારનાર) નથી તો સંસાર નથી. 'વ્હાલપની હેલી' એ પણ મોહનો જ એક પ્રકાર છે. કોઈ કવિ ભલે ગાય કે 'મોહ-માયા વ્યાપે નહીં જેને, દઢ વૈરાગ્ય જેના મનમાં રે' પણ એ તો 'વૈષ્ણવજન'ની વાત છે. આ તો પાકો સંસારીજણ છે. મોહ જ એની જણસ છે.

'શિવા ટપાલી'ને મૂઓ કહ્યો છે તેમાં રોષભર્યું વ્હાલપ છલકાય છે. કારણ કે ''શેરીમાં ઠાલાં વાદળની જેમ ઘૂમરાતો'' આ જ ટપાલી પેલી વ્હાલપની હેલીને લઈને આવવાનો છે એવી આશા છે અને આશા અમર છે, આશા છે તો જીવવાનું લંબાવાય છે. દષ્ટાંત અલંકારનું આવું ચોટદાર ઉદાહરણ અભ્યાસીએ નોંધી રાખવા જેવું છે.

''મારામાં હું જ નથી હોતો !'' અમૂંઝાતા કવિની સ્થિતિની પરાકાષ્ઠા છે. અહીં 'હું' એટલે અહમ્ નહીં, હુંપણું નહીં પણ હું એટલે અસ્તિત્વ. કાગળ રૂપે જ 'વ્હાલપની હેલી' વરસવાની આશા છે એ હેલી તો છે હજુ દૂર–સુંદર. હેલી. એટલે એકાદ ઝાપટું નહીં, માત્ર ઝરમર નહીં, એક-બે દિવસની વાત નહીં પણ મૂશળધાર-અનરાધાર, સાંબેલાધાર, તાણી જાય, ખેંચી જાય, ડુબાડી દે તેવી હેલી અને અહીં તો ડૂબવાની જ તમન્ના છે, હેલી હોય ત્યારે પણ 'મારામાં હું જ નથી હોતો' અને ન હોય ત્યારે પણ તેનાં સપનામાં ખોવાયેલો હોવાને કારણે, એ જ્યાં છે ત્યાં જ મારું અસ્તિત્વ હોવાને કારણે પણ, 'મારામાં હું જ નથી હોતો.' જાતનું આવું ઓગળી જવું બહુ ઓછાના

નસીબમાં લખાયેલું હોય છે.

આ 'અમૂંઝાતો' શબ્દ આ ગીતમાં કયા સ્થાને છે એ નોંધ્યું ? ધ્રુવપંક્તિના શબ્દોને પણ ગણતરીમાં લઈએ તો લગભગ એકસો વીસ શબ્દોનું ગીત થાય છે. લગભગ સાઠમા શબ્દે (અને કદાચ સાઠમા વરસે ?) ગીતની લગભગ વચ્ચે, જીવનના ગીતના કેન્દ્રમાં આ શબ્દ અલબત્ત, અનાયાસ આવી ગયો છે.

કવિ અમૂંઝાતો છે તેથી કવિની અમૂંઝણનું આ ગીત છે. 'આકુળ-વ્યાકુળ' સાથેનું એનું અનુસંધાન અહીં પડઘાય છે, પકડાય છે. પમાય છે.

છેલ્લી કડી એટલી સહજ રીતે નથી આવી એ પણ ભાવક અનુભવી શકશે. 'મળવા' સાથે કવિએ થોડોકે પ્રયાસ કરીને 'કળવા'નો પ્રાસ મેળવવો પડ્યો છે અને 'ક્યારે થાશું રે બેઉ હળવા'માં 'હળવા' ઉપરનો અનુસ્વાર પ્રાસ મેળવવા જ કાઢી નાખવો પડ્યો છે (તો જ મળવા-કળવા-હળવાનો પ્રાસ થાય) એ પણ અભ્યાસીની નજર બહાર જાય એમ નથી. બાકી આખા ગીતમાં ક્યાંય પણ, એક પણ વ્યાકરણની ભૂલ ન કરનાર આ કવિ-બાપ-દીકરી ભેગાં થાય ત્યારે 'ક્યારે થાશું રે બેઉ હળવાં' એવી જ કાવ્યપંક્તિ થાય એટલુંય ન જાણતો હોય એમ કંઈ માની શકાય નહીં.

જોકે દીકરીની દશા પણ પોતાના જેવી જ હશે એવી સાધાર કલ્પના કવિ કરી શકે છે. પોતે અહીં 'હીબકાં ભરીને રુવે' છે તો ત્યાં દીકરીની દશા પણ કંઈ વધુ સારી નહીં જ હોય. એને કાગળ તો જરૂર મોકલવો હશે પણ હશે કોઈક મજબૂરી, લાચારી. આ મજબૂરી એને કાગળ મોકલતાંય રોકતી હોય તો બાપને મળવા આવવામાં તો કેટલી રોકે ! આ મજબૂરીની તીવ્રતા 'ક્યારે આવીશ કહે પાછી તું અહીં, હવે' એ પંક્તિમાં અનુભવાય છે. ભાવક અહીં, પછીના અલ્પવિરામને હટાવી દઈને વાંચે તો એ તીવ્રતા એને કદાચ વધુ સારી રીતે અનુભવાય એવું બની શકે. વાંચી જોજો અને છેલ્લી પંક્તિ

'ક્યારે થાશું રે બેઉ હળવા ?' ને 'હવે' વિના વાંચી જોજો. 'હવે' કાઢી લેવાથી 'અનિશ્ચિતતા'ની તીવ્રતા વધી જાય છે એવું બને છે ? કવિતામાં આવી સૂક્ષ્મ શક્યતાઓ પણ રહેલી હોય છે.

'આકુળ-વ્યાકુળ થઈ મરિયમના કાગળની અલી જેમ રોજ રાહ જોતો' એ ધ્રુવપંક્તિની સાથે 'એકલો અમૂંઝાતો અથડાતો આમતેમ મારામાં હું જ નથી હોતો !' (એમાં એ, અ, અ, આ પર જરા ભાર દઈને વાંચી જોજો ને !) એ કાવ્યપંક્તિ શબ્દમાં ન ઉતારી શકાય એવા સ્નેહસંબંધના અનેક ધબકારા સાંભળી શકાશે. પણ મને લાગે છે કે હવે હું અટકું. વધારે શબ્દો વાપરીને હું કદાચ આ ઊર્મિગીતની નજાકતને ભારેખમ ચિંતનપ્રધાન નિબંધમાં ફેરવી નાખીશ એવી બીક લાગે છે.

18

## રાજેન્દ્ર શાહની કવિતામાં જીવનદર્શન | પ્રવીણ દરજી

૧. કોઈ એક કવિની, અને તેમાંય મોટા ગજાના કવિની, કવિતામાંથી જીવનદર્શન તારવી બતાવવું, અને તેમાંય તે જ તેની 'ઓળખ' એવો સિક્કો મારી દેવો તે ઘણી અઘરી બાબત છે. સાથે એ દિશા પણ યોગ્ય નથી. કારણ કે મોટા ગજાના કવિઓ ઉપર-નીચે, આજુબાજુ, ઊંડે બધે જ નજર દોડાવે છે, નિરીક્ષણ કરે છે, તેની સામેલગીરી પણ તેમાં હોય છે છતાં શું પ્રકટ કરવું અને વધુ તો શું અભિવ્યક્ત ન કરવું – તે વિશે તેની પાસે પોતાનાં કહી શકાય તેવાં ઘણાં બધાં કારણો હોય છે. કવિ તે એ. આપણી ધારણાઓને કે આપણા ધોરી માર્ગોને તેની ચેતના ગાંઠતી નથી. ડીન આઇન્જ અને કૉલરિજને જુદી રીતે યાદ કરું તો કવિ, ઉત્કૃષ્ટ કવિ, Profound Philosopherની સાથે Seer તો હોય, પણ Perceive કરેલા જગતને તે ઘણુંબધું નેપથ્યમાં જ પડ્યુંપાથર્યું રાખે છે, અમુક જ સંવેદનાનું તેની ચેતના અભિગ્રહણ કરતી હોય છે, તેનું પછી પ્રગટીકરણ કરતી હોય છે. ઈ. સ. પૂર્વે ૫૮૦-૫૦૦માં થયેલા પાયથાગોરસે 'Cosmos' સંજ્ઞામાં એક સીમિત અને બીજું અસીમિત વિશ્વ કલ્પેલું. સીમિતમાં તે સદ્-સૌંદર્યને સ્થાન આપે છે. બાકીનું પેલા અસીમિતમાં સમાવેશ પામે છે. કવિચેતના આ બેમાંથી એકનું નહીં, બંનેનું ગ્રહણ કરે છે. પણ શબ્દસ્થ તો બે પૈકી એક જ બહુશઃ કરે છે. બાકી તેની નિસબત પેલા Cosmos સાથેની જ છે. પ્રશ્ન ફોકસિંગ શાના ઉપર થતું આવ્યું છે તેનો છે. એ વસ્તુ સાથે જ કવિચેતના, તેની ભાષા, તેનું દર્શન એમ બધું જોડાતું આવે છે. કહો કે સમગ્ર સિસૃક્ષા સાથે જ અનુસંધિત એવી આ બાબત છે. તેથી 'જીવનદર્શન' જેવી સંજ્ઞા પરત્વે સાવધાની રાખવી રહે.

૨. રાજેન્દ્ર શાહ જેવા કવિની કવિતામાં 'જીવનદર્શનનો' મુદ્દો અવારનવાર ચર્ચાયો છે. 'આધ્યાત્મિકતા'નું લેબલ પણ ત્યાં મરાતું આવ્યું છે. પણ સર્વોત્કૃષ્ટ પ્રતિભાઓ બધી રીતે બહુકોણીય હોય છે. બૉદલેરે સમગ્ર જગતને જોયું છે. સારું-નરસું બધું. છતાં તેની કવિતાનો ટોન તો પ્રધાનપણે નકારાત્મકતાનો જ રહ્યો છે. કેમ ? સૌંદર્યથી તે અનભિજ્ઞ નહોતો. 'આકાશ' વિશેની સુંદર કવિતા તેણે લખી છે જ. ટાગોરે પણ ભાતભાતના માણસો અને એમના જગતને વિવિધ રૂપે અનુભવ્યું છે. અસુંદર તેમની અડફેટે નથી આવ્યું તેમ નહીં, છતાં મુખ્યત્વે તેમણે સૌંદર્યને જ લક્ષ્યું છે. રિલ્કે પાસે સુમાર વિનાના અનુભવો હતા છતાં તેણે પ્રેમ અને રહસ્યને જ વિશેષ રૂપે તાગ્યાં છે. કહો કે ઉત્કૃષ્ટ કવિઓ જગત પ્રત્યેના અભિગ્રહણમાંથી અમુકનું જ શબ્દાકલન કરે છે.

રાજેન્દ્ર શાહ માટે પણ આ જ સત્ય છે. ગાંધીચેતનાથી તે અસ્પૃષ્ટ નહોતા.

સ્વાતંત્ર્યલડતમાં તેમની સક્રિયતા પણ રહી છે. તેમણે એક ચોક્કસ સમયમાં તેની સંવેદનાને શબ્દરૂપ આપવાના પ્રયત્નો પણ કરેલા. પણ અંતે તે સર્વ કૃતિઓનો નાશ કરેલો. પ્રશ્ન ત્યાં વિદ્રોહ કે કશાના અનાદરનો નહોતો. પણ જે સનાતન – શાશ્વત છે, પ્રેમ કે પ્રકૃતિ કે આનંદલીલા છે તે ઉપર તેમની ચેતના ઠરી હતી, તેને પ્રકટ કરવાનો તેમનો ઉપક્રમ હતો. ઘરનું વાતાવરણ, શ્રેયસ્સાધક વર્ગના આચાર્યોનો સંપર્ક, ન્હાનાલાલ, શ્રીધરાણી, હરિશ્ચંદ્ર કે ઇશરવુડ, ઑડેન, પાઉણ્ડ, યેટ્સ, બ્રાઉનિંગ, વ્હીટમેન, સંસ્કૃત-સાહિત્ય, ટાગોર, જયદેવ વગેરેનું મનન-વાચન, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ ભારતીય વેદોપનિષદો. – આ કે આવું એક ભૂમિકા રૂપે યાદ કરીએ, પણ મૂળ તો રાજેન્દ્રની પોતાની ચેતના જ તેમના આગવાપણાની ઓળખ બને છે. દર્શનની જેમ જે ભાવ આવી ચડે તેને વ્યક્ત કરવાનું તેમનું વલણ જ તેમના જીવન-સાહિત્ય પ્રત્યેના ન્યારાપણાનું દ્યોતક છે. તે પોતાને Self-composed કહે છે તે સમુચિત છે. આપણે બીજો શબ્દ Self-sustained પણ યોજી શકીએ. પોતાના જ સત્ત્વ-તત્ત્વથી નભતા કે પોતાના ઉપર જ અવલંબિત. 'નિરુદ્દેશ'ની પ્રસ્તાવનામાં કવિએ ખુદ તેવા સત્ય પ્રત્યે ઇશારો કર્યો જ છે : યૌગિક સાધનાથી કવિનું ભિન્નત્વ કેવું રહ્યું છે તે દર્શાવતાં તેમણે કહ્યું, 'કવિની રીત નિરાળી છે. એનો માર્ગ ત્યાગનો નહીં, સ્વીકારનો છે.' કવિએ જગત નિહાળ્યું છે, અનેક વિષયો, પ્રસંગો, ઘટનાઓ, દૃશ્યો, રૂપ-વિરૂપોમાંથી તે પસાર થયા છે. વાસ્તવના ધરાતલ ઉપર તેમણે પોતાના ચરણ રાખ્યા છે. પણ એ સર્વને 'સ્વીકારી'ને તે 'કવિની નિરાળી રીતે' તેનો સ્વીકાર કરે છે. અને તેમાંથી તે ઊંચે ઊઠે છે, વધુ સૂક્ષ્મ, ગહન સ્તરે એ વાતને સાંકળે છે, અને પછી તે સર્વને પામી રહે છે. એવા બિન્દુએ તેમની ચેતના અનાકુલ, પ્રસન્ન અને આનંદસભર વિશ્વને નવા રૂપે આપણી સમક્ષ વિસ્તારી રહે છે. વાસ્તવનું નિગરણ થતાં ઘણી કૃતિઓ એવા શુભત્વ, શિવત્વ, સુંદરત્વ, સત્યત્વના શૃંગ ઉપર આવીને ઠરે છે. તેમની સાથે વાચક પણ નિર્મળ-મોહક આબોહવામાં ઝિલાય છે. આવા અનુભવને શું કહેશો ? જીવનદર્શન ? આધ્યાત્મિકતા ? કે કવિનું લીલાજગત ? કે તેમણે પ્રકટાવેલ સત્-ચિત્-આનંદનો વિલાસ ?

૩. અહીં આવા કોઈ સ્તરે જ રાજેન્દ્ર શાહની કવિતામાં પ્રકટ થતા દર્શન-જીવનના થોડાક સંકેતો પ્રસાર્યા છે. તેમની કવિતાના મૂલ્યાંકનનો અહીં કશો ઉપક્રમ રાખ્યો નથી.

આ કવિ પાસે ભાવક તરીકે મારે જ્યારે જ્યારે જવાનું બન્યું છે ત્યારે ત્યારે હું ત્રણ બિન્દુઓ ઉપર આવીને અટક્યો છે. અગાઉ મેં જે 'લીલા' શબ્દ યોજ્યો છે એ 'લીલા'નો મને ત્યાં અનુભવ થયો છે. વ્યાપક રૂપે તેમની ચૈતન્યલીલા, શબ્દલીલા અને સમગ્ર કવિકર્મની પણ લીલા ત્યાં તેના પ્રસન્નકર રૂપે ઊઘડી રહે છે. તેમણે જે જગત પર્સિવ કર્યું છે અને જે જગતને તે અભિવ્યક્ત કરવા સદા ઉત્સુક રહ્યા છે એ પેલાં ત્રણ બિન્દુઓ છે. તેમાંનું એક વનદેવતા, બીજું પ્રેમદેવતા અને ત્રીજું જીવનદેવતા છે.

આ સિવાયનું પણ બીજું ઉલ્લેખી શકાય, પણ મહત્ત્વનાં મને આ ત્રણ લાગ્યાં કર્યાં છે. તેમની જીવનલગન કે જીવનદર્શનની પગલીઓની સ્પૃહણીય ભાતો ત્યાં ઊપસતી રહી છે. હું ત્રણેને અહીં સંક્ષેપમાં જોવા ધારું છું પણ મને કોઈ કહે કે રાજેન્દ્રના સમગ્ર સંવિદ્‌ને, જીવનદર્શનને કોઈ એક જ કૃતિથી સ્પષ્ટ કરી આપો તો નિઃશંક હું ત્યાં 'નિરુદ્દેશે'ને જ યાદ કરું. અહીં તેમનાં સઘળાં મનન-ચિંતન-કેડીઓ-માર્ગો-મિજાજ, જીવનાભિગમ, પ્રકૃતિ, પ્રેમ. વગેરે વાનાંનો તીવ્ર બોધ થઈ રહે છે. પેલું વાસ્તવ અને ઉડ્ડયન પણ – ઊંચું ઉડ્ડયન પણ ત્યાં સંકેતાયાં છે. વાત તો આખરે નિરુદ્દેશ ભ્રમણ છે, મુગ્ધભ્રમણની છે. 'પાંશુમલિન'માં તળનું વાસ્તવ છે તો કુસુમગંધ, કોકિલકંઠ સઘળું પ્રકૃતિને ચીંધે છે. નિમિત-આખાનું અભિગ્રહણ કવિને ઘેલું કરી રહે છે. જગતદેવતાની જ તેમાં પ્રાર્થના છે. અને આ સમગ્ર યાત્રાનો આધાર પ્રેમ છે. મન લઈ જાય ત્યાં જવું જરૂર છે પણ માત્ર પ્રેમને સંનિવેશે. આવા નિરુદ્દેશ ભ્રમણમાં 'પંથ' ન હોય, ડગ ભરે ત્યાં નવી કેડી આપોઆપ રચાઈ રહે. ત્યાં 'તેજ-છાયા' લોક હોય. જુઓ તેજની સાથે છાયા પણ છે. પણ અટકવાનું તો વીણાના પ્રસન્ન સૂર પાસે, આનંદના સાગર પાસે. અને એ છેવટે સંગ-નિસંગના સત્ય પાસે થોભે છે. પોતાની જ સંગે વિલસવાનું અને અવશેષમાં પણ પોતાને જ રહેવાનું. હુંથી નીકળો, જુઓ, માણો, વિસ્તરો અને પાછા હું ઉપર અટકો. લો રાજેન્દ્રના જીવનદર્શનની બધી બારાખડી અહીં પડી છે. નિરુદ્દેશ ભ્રમણને પ્રત્યક્ષ કરતી ભાષાની સહજ ચાલના પણ અનુભવો. રાજેન્દ્ર તે આ તેમનું જીવનદર્શન તે આ, તેમનું અધ્યાત્મ તે પણ આ. ચૈતન્યવિલાસ પણ આ. પેલાં ત્રણે બિન્દુઓ વિશે હું વાત કરવા માગું છું તેનું અહીં એકદ્રવ રસાયણ પણ માણ્યું ?

૪. હું 'વનદેવતા' જેને કહું છું તેમાં સકલ પ્રકૃતિ અને તેના ઐશ્વર્યનો સમાવેશ થાય છે. થાણે, વાત્રક કે ઉત્કંઠેશ્વરની પ્રકૃતિ તો તેમાં નિમિત્ત બની હશે જ. પણ તે સિવાયનું પણ પ્રકૃતિદર્શન તેમની રચનાઓમાં કારણભૂત બન્યું છે. ત્યાં પ્રકૃતિ નિર્ભેળ પ્રકૃતિ રૂપે તો સાથે જીવન સાથે, તત્ત્વ સાથે પણ ઘણે સ્થળે તેનું અનુસંધાન રહ્યું છે. ક્યારેક તે પ્રેરક બની આત્માને પણ ઊંડેથી સંકોરી રહે છે. ન્હાનાલાલના ચાહક રાજેન્દ્ર માટે 'આત્માનાં પય'રૂપ પ્રકૃતિ ન બને તો જ નવાઈ લાગે. રાજેન્દ્રની સૌંદર્યરાગિતા સાથે પણ તેનું આંતરજોડાણ છે. પ્રકૃતિનું તેમનું નિરીક્ષણ સમગ્ર રૂપનું છે. ઈશ્વરી વ્યવસ્થાના એક ભાગ રૂપે તે તેને સમૂળ પકડે છે. એટલે જ ઓછાં જાણીતાં પક્ષીઓ, વૃક્ષો પણ તેમની કવિતામાં આવે. અજાણ્યાં પુષ્પો પણ તેમાં પ્રવેશે. ક્યારેક ડાળનું કપાઈ જવું તેમના માટે વેદનાનું જુદી રીતે કારણ પણ બની રહે. 'વનખંડન'માં ખંડન–વિનાશનું ચિત્ર છે. પ્રકૃતિ છે પણ માનવજીવન સાથે સમરસ થયેલી. પણ વેદનાના ચિત્ર પછી, વિનાશ પછી કવિની દૃષ્ટિ નવાંકુર ઉપર મંડાયેલી રહી છે. પ્રકૃતિ અને મનુષ્યની નિયતિ જોડાવ – છૂટા પડો અને જોડાવ એવા એક વર્તુળનું સત્ય બની રહે છે. 'યામિનીને

કિનારે'માં સાંજ, સાંજનું ઑગળવું વગેરે ચિત્રો છે. પણ કાવ્ય તેથી આગળ પ્રકાશ-અંધકારની અડખેપડખે વિસ્તરી, જીવનના સત્યને ઉજાગર કરે છે અને અંતે અ-પાર્થિવ આબોહવા રચે છે. 'વિજન અરણ્ય'માં રમ્ય-રુદ્ર, અરણ્યની હિંસ્ર ચાલના – બધું છે પણ ઉપર તરી રહે છે સર્વ વચ્ચેનો સંવાદ. રેખાળી ગતિમાં સરી રહેલા સર્પના સૌંદર્યને પણ રાજેન્દ્ર વ્યક્ત કરવાનું ચૂક્યા નથી. ત્યાંય 'એકાકી હું અહીં ?'નો ઉત્તર છેવટે 'નહીં નહીં'માં છે. વિજનતા વચ્ચે સભરતાનો મંત્ર. રાજેન્દ્રએ પ્રકૃતિ – 'વનદેવતા' સાથે મનુષ્યની આવી એકાત્મકતા રચી આપી છે. ત્યાં પણ વિસંવાદ ને સંઘર્ષની પારનું જ જીવનસત્ય પ્રકટે છે. 'શ્રાવણી મધ્યાહ્ને' તેમની સશક્ત કૃતિ છે. ત્યાં પ્રકૃતિનું મુગ્ધ દર્શન છે. પણ ભૂમિકા તો 'ઘાટ હતા ન સૂના'ની છે. સ્વપ્ન, જાગ્રત, તુરીય નહિ અને છતાં સર્વ એવા અનુભવનું ઊર્ધ્વક્ષણો સાથેનું એકત્વ છે. વનદેવતા અહીં પંચેન્દ્રિયો સાથે આત્મા – એમ સૌને વર્તન કરાવી રહે છે. એ દર્શનથી તે ધન્ય બની રહે છે. એકાકીપણું તેનાથી ટકતું નથી. એમનો વનદેવતા આમ મુગ્ધ-મનોહર છે તો જીવન સાથે તેનું અંદર-બહારનું પૂરું સગપણ છે. બીજી અનેક રચનાઓ પણ આ સંદર્ભે જોઈ શકાય. 'સંધિકાળ', 'એક સવાર' કે 'મધ્યરાત્રે' તરત યાદ આવે.

૫. રાજેન્દ્રનો 'પ્રણયદેવતા' પણ પૂરા ઉછાળ સાથે પ્રકટ્યો છે. તેમનાં ગીતોમાં તેનો છાક છે, સૉનેટમાં તેનું ઋજુ છતાં સંયમિત સ્વરૂપ છે તો ઘણે સ્થળે તેમણે વનદેવતાની રચનાઓમાં બન્યું છે તેમ, તેના પ્રબળ સત્ત્વ-સમૃદ્ધ રૂપને જીવન સાથે જોડી તેની અનિવાર્યતાને પણ પ્રમાણી આપી છે.

અહીં થોડાંએક કાવ્યોને યાદ કરીને પ્રેમનો મર્મ-અર્થ તેમના માટે કેવો હતો તે જોઈએ. 'ગોપવનિતાને'માં વિરહ અને મિલનના સંકુલરૂપનું, 'આજે' અને 'મિલન-વિરહે'માં વિયોગ છતાં અનંત ઝંખનાનું અને પ્રેમના નૂરનું હૃદયચિત્રણ આપ્યું છે. 'રાગિણી'નાં આઠ સૉનેટમાં આઠ રાગની સાથે નારી-ગૃહિણીચેતનાનાં પ્રસન્ન પ્રસન્ન કરી મૂકે તેવાં વિવિધ રૂપો વડે જીવનમાં નારીના મહત્ત્વનો તેમણે વિશેષ રૂપે સ્વીકાર કર્યો છે. પ્રસન્ન દામ્પત્ય – નર-નારીનો પ્રેમ જીવનને કેવાં પરિવર્તિત કરીને ઉલ્લાસમય કરી રહે છે તે આવી રચનાઓમાં સમજાય છે. 'ત્રિમૂર્તિ'માં પણ કન્યા, મુગ્ધપત્ની અને માતાનાં રૂપો વડે તેમણે ભારતીય સ્ત્રીની સાથે સ્ત્રીહૃદયની હૃદ્ય લાક્ષણિકતાઓને પ્રતિફલિત કરી આપી છે. 'ન વાત વ્યતીતની', 'ઢળતી રાતે' બંનેમાં પ્રેમસભર ઉરો પ્રણયની કેવી અલૌકિક અનુભૂતિ કરી રહે છે તે એવી જ મોહક પદાવલિમાં પ્રકટ કર્યું છે. 'વાતે વળું એક લી'માં નાયિકા નાયકથી વિદૂર છે છતાં 'નજરોનજર' 'તવ એટલી' – એવું કહી તેના ઉત્કટ પ્રેમની અનુભૂતિ કરાવે છે. ઈંધણાં વીણવા ગયેલી નાયિકા – સખી કે કેવડિયાના કાંટાની મહેંકથી જેના હૃદયે દવ ઝાઝેરો લાગ્યો છે તેવી નાયિકા – વગેરેમાં તીવ્ર રાગવૃત્તિ છે. વ્યક્તિપ્રેમની ઉત્કટતા ત્યાં પ્રતીતાય છે. નાયિકાનો સ્પર્શ

લોહને પણ કેવો બદલીને સુવર્ણમય કરી રહે છે તેનું નિરૂપણ પણ છે. કહો કે રાજેન્દ્રએ આ અને આવી અનેક પ્રણયરચનાઓ વિવિધ કાવ્યસ્વરૂપો રૂપે આપી છે. વિવિધ અવસ્થા અને ક્ષણોને અભિવ્યક્ત કરતાં આ પ્રણયકાવ્યો માત્ર નિરૂપણથી અટકી જતાં નથી. પ્રણય જીવનની પ્રમુખ સંવેદના છે, તે જીવતરને રચે છે, વિસ્તારે છે અને માધુર્યથી છલકાવી રહે છે તે આ કવિ બરાબર જાણે છે. પરિણામે તેમનો 'પ્રણયદેવતા' ઉન્નતિકર ભાવોથી શોભી રહે છે. જીવનવ્યાપી પ્રણયના ઊંડા સ્તરો સુધી તે ભાવકને લઈ જાય છે ને પ્રસન્નતાની સાથે જીવનને ઉલ્લાસથી ભરી રહે છે. પરમ શાંતિની ક્ષણો પાસે તે લઈ જાય છે, સાથે તેના ઊર્ધ્વ અને ઉર્જસ્વી રૂપનો પણ અનુભવ કરાવી રહે છે. આવો 'પ્રણયદેવતા' ખુદ એક 'જીવનદર્શન' બનીને જીવનની અવનવી ક્ષિતિજો ઉઘાડી રહે છે.

૬. ત્રીજું બિન્દુ 'જીવનદેવતા'નું છે. કવિ રાજેન્દ્રની કવિતાને આમ વિભાજિત કરીને તેમના જીવનદર્શન સુધી પહોંચવાની રીતને હું એક વ્યવસ્થાથી અલબત્ત, વધુ મહત્ત્વ નથી આપતો. કારણ કે રાજેન્દ્રની કેટલીય રચનાઓ, પછી તે પ્રકૃતિની હોય કે પ્રણયની હોય, તેનું અનુસંધાન ઘણી વાર ઊર્ધ્વ સાથે હોય છે. જીવનની સીમાઓને સ્પર્શીને તે તેનાથીય આગળ નીકળી જતી હોય. ખરું તો એ છે કે તેમનામાં સર્જનની ભોંયમાંથી જ આ સઘળું આકાર લેતું હોય છે. 'જીવનદેવતા'ને એમ અલગ રૂપે જોવા જતાં કેટલીક મુશ્કેલીઓ રહી છે. પણ આપણે વ્યાપક રૂપે પ્રકટ થતા તેમના જીવનદર્શનને લક્ષમાં રાખ્યું છે તેથી 'વનદેવતા', 'પ્રણયદેવતા' સિવાયની કેટલીક અન્ય રચનાઓને વિશેષ રૂપે લક્ષમાં રાખીશું.

પ્રકૃતિ-પ્રણયની જેમ જીવન પ્રત્યેનો કવિનો દૃષ્ટિકોણ પણ ન્યારો જ રહ્યો છે. આરંભે નોંધ્યું છે કે જીવન પ્રત્યે તે સકારાત્મક છે, બધાં જ દુરિતો વચ્ચે, મુશ્કેલીઓ વચ્ચે માર્ગ ખોળીને જીવનના મધુને ચાખી લેવાનો તેમનો માર્ગ છે. તેમ કરતાં પ્રશાંતિની ક્ષણોમાં તે ગરક થઈ જાય છે. અધ્યાત્મની છાલકો અનુભવે છે. સાચા અર્થમાં 'જીવન'ને ટાગોરની જેમ 'દેવતા' તે લખે છે. વાસ્તવને તે તજ્યા વિના, વાસ્તવમાંથી માર્ગ ખોળે છે. 'આયુષ્યના અવશેષે' તો નાની ઉંમરે લખાયેલી સૉનેટમાળા છે. વિજયપથ, અંધકાર, નિર્વેદ બધું ત્યાં છે. પણ રચના અંતે તો રહસ્યદર્શન ઉપર, આનંદ ઉપર અટકે છે. માણસ જ પોતાનો કર્તા-હર્તા, પોતાનો ઘડવૈયો છે. ઘર સાથે જોડાયેલી ચેતના આખરે કાવ્યાન્તે ભારતીય તત્ત્વજ્ઞાન પાસે વિરામે છે. કવિ-કવિતાની – બંનેની ઊંચાઈ ત્યાં જોવાય છે. ગહનનિધિ, મોજું, ઘનવર્ષણ બધું નાયક પોતે. સદા વિસર્જનને અભિનવ સ્વરૂપે જોવાની દૃષ્ટિ – આ તેમનું આગવું દર્શન – ભારતીય કવિને શોભે તેવું દર્શન. અગાઉ નોંધ્યું છે તેમ, 'વનખંડન'માં જુદા રૂપે એ જ વાત આવી છે. 'હૃદય હે !' કવિ તજીને ખુદને પામવાની, રિક્ત થઈને સભર થવાની વાત કરે છે. 'નિરુદ્દેશે'નો 'હું' અહીં

યાદ કરો. જીવન તે આ, તેને ખોલવા ને ખીલવવા માટેની ચાવી પણ આ. નિરંતર જન્મ-મૃત્યુ વચ્ચે પણ આ કવિ ‘સંધિકાળ’માં તેથી જ ‘અપાર્થિવ’ને નિહાળી રહે છે. નરસિંહ મહેતાની જેમ સંસાર વચ્ચે છતાં મન ઈશ્વર સાથે. ‘ક્ષિતિજ’માં જુદે રૂપે પણ આવો જ સૂર દઢાતો આવ્યો છે. બલાબલો વચ્ચે અવનવી ક્ષિતિજો ખૂલવી-ખોલવી એ જ કદાચ જીવનની સાચી ચાલના છે. કવિ તેથી જ ‘બહિર્ હું’ની સાથે ‘હું જ ભીતર એ સ્થિતિ’ જેવો વિરોધ ઑગાળી – એકત્વ દર્શાવે છે. ‘મહાનગર’માં કામનાઓ જ વલવલે છે, બધું શીર્ણ-વિચ્છિન્ન છે. છતાં ‘હોમંગલ !’ની વિધાયક કામના ઉપર કવિ ઠરે છે. ‘રે હિન્દ !’ જેવી ઓછી જાણીતી રચના પણ – એકેય શાસકયોગ્ય નથી, દેશ માટે અંધકાર, દુઃખ વગેરે જ રહ્યાં છે તેવા વાસ્તવને તે દર્શાવે છે પણ તે વચ્ચેય વાત તો ‘જીવનને વહેતું રાખવાની’ જ છે. કવિનો ‘જીવનદેવતા’ પ્રત્યેનો આ દૃષ્ટિકોણ પણ ભારતીય કવિઓના વિચારકુળનો જ છે. ‘સકલની સાથ’માં કવિ કોઈનો પરિહાર કરી દૂર જવાનું ઉચિત લેખતા જ નથી. સકલની સાથે જ પોતાના કરુણ-મધુર સૂરને ભેળવી દેવાની ઇચ્છા રાખે છે. ‘શ્રુતિ’માં પણ તેથી જ સહુને પોતાના અંતરે ધરવાની વાત કરે છે, તો સહુને અંતરે પોતાને વિસ્તારી રહેવાની કામના પણ કરે છે. ઘર તજી દેનારને વિશ્વની વિશાળતા મળે છે તેવી તેમની માન્યતા છે. ‘તમસો મા’માં ગતિ તેજ તરફની છે પણ ત્યાંય અંધકારનો નકાર નથી. અંધકારબોધ પછી તેનો પૂરેપૂરો સ્વીકાર છે. કવિની શ્રદ્ધા તે હા, તેનું રહસ્યદર્શન તે આ.

સમય અને ઉંમર વિશેનું કવિનું સમીકરણ પણ તેમના વિશિષ્ટ જીવનદર્શનનું જ દ્યોતક છે. તેગીતાના કાલોડિસ્મથી વિપરીત ‘હું તો કાળનો કવલ કરું’ તેવું વિશ્વાસપૂર્વક કહીને Timelessnessનો ઊંડો ખ્યાલ પ્રકટ કરે છે. મૃત્યુને તે મંગલ લેખે છે. ‘શેષઅભિસાર’માં એ વાત ઉત્તમ રીતે અવતરી છે. જીવન વર્તુળાતું રહે છે. તેનો અંત નથી. એ ખ્યાલ પણ Agelessnssનો ખ્યાલ – આ કવિ તેમની કૃતિઓમાં પ્રદર્શિત કરતા રહ્યા છે. સમયાનીત – વયાતીતનો આ વિચાર કવિને અન્યોથી જુદા પાડે છે. તેથી જ તે સંસૃતિ – સરી રહેવાના સત્યનો સ્વીકાર કરી ‘જિંદગી... જિંદગી...’ એવું ઉદ્ગારી રહે છે. તો ક્યાંય મૃત્યુ નથી એવું સ્પષ્ટપણે કહી મૃત્યુને ‘નવ સંક્રાંતિનું વાહન’ લેખે છે. કામનો કવલ કરવા તૈયાર થનાર કવિ જ આવું દર્શન પ્રકટ કરી શકે. ‘ધ્વનિ’ અને ‘શાંતકોલાહલ’ જેવા તેમના કાવ્યસંગ્રહોમાં શીર્ષકો પણ ઘણું સૂચવી રહે છે. શાંતિનો અનુભવ પણ કર્મના કોલાહલે થઈ શકે તેવું કવિ સ્વીકારે છે. અહીં જીવનમાં ચૂક્યા તે જીવન ચૂક્યા જેવું છે. તેથી જ કવિ ‘આવડ્યું એનો અરથ’ તેવું તારણ કાઢે છે. નિર્ભાર ગીતોમાં પણ કવિએ જીવનને પ્રેરક બની રહે તેવાં માર્મિક સત્યોને રમતાં કર્યાં છે. માણસ આવળ, બાવળ બોરડી છે એ સત્ય હોવા છતાં કવિ ‘કેસર ઘોળ્યા ગલના ગોટાજી’નું બીજું સત્ય છે તે પણ સમજાવે છે. એ જ રીતે આભથી ભલે આગ

ઝરે પણ ગુલમોર તો હસી હસીને તે સામે ફૂલો જ ખીલવી રહ્યો છે. આપણા જીવનનું તારતમ્ય પણ આ જ હોવું ઘટે, એવું કવિ જણાવે છે. દુઃખો તો રહેવાનાં, હોવાનાં પણ કવિ પ્રશ્નાર્થ કરતાં કહે છે, 'આપણા દુઃખનું કેટલું જોર ?' કવિ તેથી તેનો શોર ન મચાવીએ તેમ કહે છે. આપણે જ આપણા ઘડવૈયા છીએ તેવું પણ કવિ કહે છે. 'જિંદગી ! જિંદગી'માં વાસ્તવના પૂરા સ્વીકાર સાથે – અહીં તો રેસ ચાલી રહી છે. કોઈ કોઈને ઓળખતું નથી પણ આશ્વાસન તો આપણું આપણે જ છીએ : 'સંગમાં સંગ છે માત્ર પોતા તણો' જીવનનું આ કકરું સત્ય છે.

૭. રાજેન્દ્રનાં આ પ્રકારનાં કાવ્યો પણ આખરે તો જીવન શું છે અને ધારીએ તો કેવું હોઈ શકે – તેનો જ ધ્વનિ પ્રકટ કરે છે. કવિના કાવ્યવિશ્વમાં અહીં અજવાળું છે, શાશ્વત યજ્ઞ છે, તે કહે છે તેમ ત્યાં નિરંતર ગીત ગવાય છે. કવિ વેદના-વિષાદ-મથામણથી અસ્પૃષ્ટ નથી પણ તેના સ્વીકાર સાથે જીવનદેવતાને તે પ્રણમે છે, તેનું એક ભારતીય કવિને છાજે તેવું આશ્વસ્ત રૂપ પ્રકટ કરે છે. પોતાને પ્રશ્ન કરીને કહે છે : 'કને નવ શું માહરી ?' અર્થાત્ જેમ તેમની પાસે માનવ-પ્રકૃતિ-બ્રહ્માંડ વગેરે બધા અનુભવો છે તેવી જ રીતે આપણી પાસે પણ એ સર્વ છે. રાજીપો તેનો હોવો જોઈએ. નથી તેનો રંજ નહીં. રાજેન્દ્ર મનુષ્યને તેનાં ઉત્તમ રૂપોનો, શક્તિઓનો, જીવનના અર્થનો એમ પરિચય કરાવતા આવ્યા છે. જીવનની ક્ષણની પ્યાલીમાં ત્રિકાળ ભરવાનો આ કવિનો સદા મનસૂબો રહ્યો છે. તેમની કાવ્યસૃષ્ટિ, તેમની રહસ્યગર્ભતા વળી વળીને વિધાયક સૂર ઉપર એટલે અટકે છે. આશા ઉપર અટકે, મનુષ્યના પોતાના ઉપર જ વિરામે છે. તેમનું જીવનદર્શન સન્નદ્ધ છે. જીવનને સમગ્ર રૂપે અજવાળી રહે છે. તે માણસની ચેતનાને ટટ્ટાર રાખે છે, દરેક ડગલે નવી કેડી રચી રહેવા પ્રેરે છે. સૌંદર્યથી, પ્રેમથી, પ્રકૃતિથી તે માનવની ચેતનાને ફુલ્લદલ શી કરી મૂકે છે. તે પોતે તો રૂઢ અને સૂક્ષ્મ અર્થમાં 'લાખેણા રંગથી રંગાણો' તેવું સ્વીકારે છે જ, પણ મનુષ્ય માટેય તે દર્શન રૂપે આવા લાખેણા રંગોની મહેફિલ પાસે જ લઈ જાય છે. સંગ અને નિઃસંગ, સ્વ અને સૃષ્ટિ, વાસ્તવ અને રહસ્ય, અધ્યાત્મ આ સર્વ જોડકાંનો તે સમન્વય સાધી બતાવે છે. જીવનના-જગતના અભિનવ રૂપનો ઉપહાર લઈ આવે છે. આવા કવિની કવિતાના શબ્દમાં જે અર્થગર્ભતા રહેલી છે તેને ઉકેલતા જઈએ તો લાગવાનું કે એનો વિશિષ્ટ શબ્દ જ સ્વયં જીવનદર્શન છે. કબીરની ચાદરમાં વણાટ છે, વણાટનું કૌશલ છે, ગૂંથણી છે, રંગોનું વૈવિધ્ય છે અને જે દેખાતું નથી છતાં અનુભવાય છે તેવું ભાવસભર, જ્ઞાનસભર, દર્શનસભર હૃદય પણ છે. પેલા વણાટમાં તે સર્વ પણ એકરસ થયેલાં છે. રાજેન્દ્રનું જીવનદર્શન – આવું, કબીરની ચાદર જેવું છે.

જન્મ-મૃત્યુ વચ્ચે પણ આ કવિ 'સંધિકાળ'માં તેથી જ 'અપાર્થિવ'ને નિહાળી રહે છે. નરસિંહ મહેતાની જેમ સંસાર વચ્ચે છતાં મન ઈશ્વર સાથે. 'ક્ષિતિજ'માં જુદે રૂપે

પણ આવો જ સૂર દઢાતો આવ્યો છે. બલાબલો વચ્ચે અવનવી ક્ષિતિજો ખૂલવી-ખોલવી એ જ કદાચ જીવનની સાચી ચાલના છે. કવિ તેથી જ 'બહિર્ હું'ની સાથે 'હું જ ભીતર એ સ્થિતિ' જેવો વિરોધ ઑગાળી – એકત્વ દર્શાવે છે. 'મહાનગર'માં કામનાઓ જ વલવલે છે, બધું શીર્ણ-વિચ્છિન્ન છે. છતાં 'હોમંગલ !'ની વિધાયક કામના ઉપર કવિ ઠરે છે. 'રે હિન્દ !' જેવી ઓછી જાણીતી રચના પણ – એકેય શાસકયોગ્ય નથી, દેશ માટે અંધકાર, દુઃખ વગેરે જ રહ્યાં છે તેવા વાસ્તવને તે દર્શાવે છે પણ તે વચ્ચેય વાત તો 'જીવનને વહેતું રાખવાની' જ છે. કવિનો 'જીવનદેવતા' પ્રત્યેનો આ દૃષ્ટિકોણ પણ ભારતીય કવિઓના વિચારકુળનો જ છે. 'સકલની સાથ'માં કવિ કોઈનો પરિહાર કરી દૂર જવાનું ઉચિત લેખતા જ નથી. સકલની સાથે જ પોતાના કરુણ-મધુર સૂરને ભેળવી દેવાની ઇચ્છા રાખે છે. 'શ્રુતિ'માં પણ તેથી જ સહુને પોતાના અંતરે ધરવાની વાત કરે છે, તો સહુને અંતરે પોતાને વિસ્તારી રહેવાની કામના પણ કરે છે. ઘર તજી દેનારને વિશ્વની વિશાળતા મળે છે તેવી તેમની માન્યતા છે. 'તમસો મા'માં ગતિ તેજ તરફની છે પણ ત્યાંય અંધકારનો નકાર નથી. અંધકારબોધ પછી તેનો પૂરેપૂરો સ્વીકાર છે. કવિની શ્રદ્ધા તે હા, તેનું રહસ્યદર્શન તે આ.

સમય અને ઉંમર વિશેનું કવિનું સમીકરણ પણ તેમના વિશિષ્ટ જીવનદર્શનનું જ  દ્યોતક છે. તેગીતાના કાલોડિસ્મથી વિપરીત 'હું તો કાળનો કવલ કરું' તેવું વિશ્વાસપૂર્વક કહીને Timelessnessનો ઊંડો ખ્યાલ પ્રકટ કરે છે. મૃત્યુને તે મંગલ લેખે છે. 'શેષઅભિસાર'માં એ વાત ઉત્તમ રીતે અવતરી છે. જીવન વર્તુળાતું રહે છે. તેનો અંત નથી. એ ખ્યાલ પણ Agelessnssનો ખ્યાલ – આ કવિ તેમની કૃતિઓમાં પ્રદર્શિત કરતા રહ્યા છે. સમયાનીત – વયાતીતનો આ વિચાર કવિને અન્યોથી જુદા પાડે છે. તેથી જ તે સંસૃતિ – સરી રહેવાના સત્યનો સ્વીકાર કરી 'જિંદગી... જિંદગી...' એવું ઉદ્ગારી રહે છે. તો ક્યાંય મૃત્યુ નથી એવું સ્પષ્ટપણે કહી મૃત્યુને 'નવ સંક્રાંતિનું વાહન' લેખે છે. કામનો કવલ કરવા તૈયાર થનાર કવિ જ આવું દર્શન પ્રકટ કરી શકે. 'ધ્વનિ' અને 'શાંતકોલાહલ' જેવા તેમના કાવ્યસંગ્રહોમાં શીર્ષકો પણ ઘણું સૂચવી રહે છે. શાંતિનો અનુભવ પણ કર્મના કોલાહલે થઈ શકે તેવું કવિ સ્વીકારે છે. અહીં જીવનમાં ચૂક્યા તે જીવન ચૂક્યા જેવું છે. તેથી જ કવિ 'આવડ્યું એનો અરથ' તેવું તારણ કાઢે છે. નિર્ભાર ગીતોમાં પણ કવિએ જીવનને પ્રેરક બની રહે તેવાં માર્મિક સત્યોને રમતાં કર્યાં છે. માણસ આવળ, બાવળ બોરડી છે એ સત્ય હોવા છતાં કવિ 'કેસર ઘોળ્યા ગલના ગોટાજી'નું બીજું સત્ય છે તે પણ સમજાવે છે. એ જ રીતે આભથી ભલે આગ ઝરે પણ ગુલમોર તો હસી હસીને તે સામે ફૂલો જ ખીલવી રહ્યો છે. આપણા જીવનનું તારતમ્ય પણ આ જ હોવું ઘટે, એવું કવિ જણાવે છે. દુઃખો તો રહેવાનાં, હોવાનાં પણ કવિ પ્રશ્નાર્થ કરતાં કહે છે, 'આપણા દુઃખનું કેટલું જોર ?' કવિ તેથી તેનો શોર ન

મચાવીએ તેમ કહે છે. આપણે જ આપણા ઘડવૈયા છીએ તેવું પણ કવિ કહે છે. 'જિંદગી ! જિંદગી'માં વાસ્તવના પૂરા સ્વીકાર સાથે – અહીં તો રેસ ચાલી રહી છે. કોઈ કોઈને ઓળખતું નથી પણ આશ્વાસન તો આપણું આપણે જ છીએ : 'સંગમાં સંગ છે માત્ર પોતા તણો' જીવનનું આ કકરું સત્ય છે.

૭. રાજેન્દ્રનાં આ પ્રકારનાં કાવ્યો પણ આખરે તો જીવન શું છે અને ધારીએ તો કેવું હોઈ શકે – તેનો જ ધ્વનિ પ્રકટ કરે છે. કવિના કાવ્યવિશ્વમાં અહીં અજવાળું છે, શાશ્વત યજ્ઞ છે, તે કહે છે તેમ ત્યાં નિરંતર ગીત ગવાય છે. કવિ વેદના-વિષાદ-મથામણથી અસ્પૃષ્ટ નથી પણ તેના સ્વીકાર સાથે જીવનદેવતાને તે પ્રણમે છે, તેનું એક ભારતીય કવિને છાજે તેવું આશ્વસ્ત રૂપ પ્રકટ કરે છે. પોતાને પ્રશ્ન કરીને કહે છે : 'કને નવ શું માહરી ?' અર્થાત્ જેમ તેમની પાસે માનવ-પ્રકૃતિ-બ્રહ્માંડ વગેરે બધા અનુભવો છે તેવી જ રીતે આપણી પાસે પણ એ સર્વ છે. રાજીપો તેનો હોવો જોઈએ. નથી તેનો રંજ નહીં. રાજેન્દ્ર મનુષ્યને તેનાં ઉત્તમ રૂપોનો, શક્તિઓનો, જીવનના અર્થનો એમ પરિચય કરાવતા આવ્યા છે. જીવનની ક્ષણની પ્યાલીમાં ત્રિકાળ ભરવાનો આ કવિનો સદા મનસૂબો રહ્યો છે. તેમની કાવ્યસૃષ્ટિ, તેમની રહસ્યગર્ભતા વળી વળીને વિધાયક સૂર ઉપર એટલે અટકે છે. આશા ઉપર અટકે, મનુષ્યના પોતાના ઉપર જ વિરામે છે. તેમનું જીવનદર્શન સન્નદ્ધ છે. જીવનને સમગ્ર રૂપે અજવાળી રહે છે. તે માણસની ચેતનાને ટટ્ટાર રાખે છે, દરેક ડગલે નવી કેડી રચી રહેવા પ્રેરે છે. સૌંદર્યથી, પ્રેમથી, પ્રકૃતિથી તે માનવની ચેતનાને ફુલ્લદલ શી કરી મૂકે છે. તે પોતે તો રૂઢ અને સૂક્ષ્મ અર્થમાં 'લાખેણા રંગથી રંગાણો' તેવું સ્વીકારે છે જ, પણ મનુષ્ય માટેય તે દર્શન રૂપે આવા લાખેણા રંગોની મહેફિલ પાસે જ લઈ જાય છે. સંગ અને નિઃસંગ, સ્વ અને સૃષ્ટિ, વાસ્તવ અને રહસ્ય, અધ્યાત્મ આ સર્વ જોડકાંનો તે સમન્વય સાધી બતાવે છે. જીવનના-જગતના અભિનવ રૂપનો ઉપહાર લઈ આવે છે. આવા કવિની કવિતાના શબ્દમાં જે અર્થગર્ભતા રહેલી છે તેને ઉકેલતા જઈએ તો લાગવાનું કે એનો વિશિષ્ટ શબ્દ જ સ્વયં જીવનદર્શન છે. કબીરની ચાદરમાં વણાટ છે, વણાટનું કૌશલ છે, ગૂંથણી છે, રંગોનું વૈવિધ્ય છે અને જે દેખાતું નથી છતાં અનુભવાય છે તેવું ભાવસભર, જ્ઞાનસભર, દર્શનસભર હૃદય પણ છે. પેલા વણાટમાં તે સર્વ પણ એકરસ થયેલાં છે. રાજેન્દ્રનું જીવનદર્શન – આવું, કબીરની ચાદર જેવું છે.

18

# વાર્તા ક્યાંથી મળે છે ?

રજનીકુમાર પંડ્યા

મોટે ભાગે વાચકોના મનમાં ''વાર્તા'' શબ્દને કારણે માત્ર નવલિકા કે ટૂંકી વાર્તાનું સ્વરૂપ જ ઝબકતું હોય છે. તો ચોખવટ જરૂરી છે કે નવલિકા, નવલકથા કે નાટક, સ્વરૂપ ગમે તે હોય, પણ એ બધાંના કેન્દ્રમાં હોય તો છે કોઈ આછીપાતળી પણ વાર્તા જ. આ ત્રણેય સ્વરૂપમાં વહન તો વાર્તાનું જ થાય છે. સ્વાનુભવ. પરાનુભવ કે કલ્પનાનુભવ હોય પણ એમાંથી કાગળ ઉપર જે જન્મે છે તે વાર્તા જ હોય છે.

આમ તો અમારી લેખનયાત્રા શરૂ થઈ 'વિશ્વવિજ્ઞાન' નામના, એક માસિકથી. એ ગરીબોનું 'અખંડ આનંદ' ગણાતું. ૧૯૫૪-૫૫ માં તે અમદાવાદ સલાપસ ક્રૉસ રોડ પરથી પ્રગટ થતું. તેના સંપાદક હતા રમણ નાવલીકર જે અશોક હર્ષની જેમ જ સમભાવી – શિક્ષક સંપાદકની ફરજ બજાવતા હતા. મારી પંદર-સોળની ઉમરે હું ''વિશ્વવિજ્ઞાન''માં છંદોબદ્ધ મુક્તકો મોકલતો પણ પછી એના 'જોયેલું ને જાણેલું' વિભાગમાં અનુભવેલા ચમત્કૃતિપૂર્ણ કિસ્સાઓ મોકલતો. દરેક વખતે એક પોસ્ટકાર્ડથી નાવલીકર મને કંઈ ને કંઈ હિદાયત આપતા રહેતા.

જોકે પ્રસંગકથા નહિ પણ ''વાર્તા'' લખવા ભણી મને વાળનારા કેટલાક પ્રસંગો મારી સોળ વર્ષની ઉંમરે બન્યા જેણે બહુ સ્થૂળ રીતે *કિસ્સો* અને *વાર્તા* વચ્ચેનો પાયાનો ભેદ સમજાવી દીધો. અલબત્ત, એ બહુ પ્રાથમિક ભેદ હતો. પણ એમાં આલેખન વચ્ચેનો ભેદ છુપાયેલો હતો. મને ખબર પડી કે કિસ્સાનું ''આલેખન'' થાય જ્યારે વાર્તાનું ''લેખન'' થાય. કિસ્સાના આલેખનમાં આલેખ કે જે બન્યું હોય તે લખવાનું હોય. વાર્તામાં લખનારે પોતાના તરફથી સર્જનાત્મક-ક્રીએટિવ - એવું કશુંક એમાં સમરસ કરી દેવાનું હોય. ૧૯૫૫-૫૬ની એટલે કે આ મારી સત્તર-અઢાર વર્ષની વયે આંખોમાં વિસ્મય ભરેલું હતું. 'આમ કેમ ?', 'એમ? ! જિંદગી આવી !', 'જિંદગીના ઉપલા પડની નીચે બીજાં આટલાં બધાં પડ !', 'આને કેમ વાર્તા રૂપે ઉતારી શકાય ?' આવા ઉફાન મનમાં જાગતા ને એના જવાબો પન્નાલાલ પટેલની કે હિંદીમાં કૃષ્ણચંદ્રની વાર્તાઓમાંથી પામવા પ્રયત્ન કરતો. બસ, એ બધાનાં વાચન અને મનનથી એટલું તો સમજાવા માંડ્યું કે કશું સીધી રીતે ના કહીને, પણ છુપાવીને 'કંઈક' કહી નાખવાની કળા માત્ર બે જ સ્વરૂપોમાં છે : કાવ્ય અને વાર્તા ! ફરી કહું કે બેશક, આ બહુ પ્રાથમિક સમજ હતી. વાર્તાપદાર્થ તો એ બધાથી બહુ ઊંચી ચીજ છે એ જરા આગળ ઉપર સમજાયું.

આમ તો મારું મૂળ વતન જેતપુર - પણ દાદા અને એની પહેલાંની મારી પૂર્વ

પેઢીઓનું વતન અમરેલી. એટલે સારે-માઠે અવસરે ત્યાં જવાનું થતું. જેતપુરથી ટ્રેન દ્વારા સાત-આઠ કલાકની મુસાફરી કરીને ત્યાં પહોંચાતું. અમરેલી સ્ટેશને પિતાની આંગળીઓ પ્લૅટફૉર્મ પર ઊતરવાના સમયથી માંડીને સત્તર-અઢારનો થયો ત્યાં લગી, સતત એક અનન્ય ઘટના જોવા મળતી. એક પ્રૌઢ વયની સ્ત્રી, ચોળાયેલાં મેલાંદાટ કોટ – માથે હૅટ, પેન્ટ અને ફાટેલા ચપ્પલ સાથે અમરેલી સ્ટેશન પર અવશ્ય જોવા મળતી. એના હાથમાં એક ટિફિન રહેતું જે હાથમાં લઈને કોઈ પણ ટ્રેન ઊભી રહેવાની સાથે જ ડબ્બે ડબ્બે ફરી વળતી. દરેક ડબ્બાની બારીઓમાંથી ડોકી નાખીને એક નજર ફેરવી લેતી. કોઈ એના તરફ ધ્યાન ના આપતું. કોઈ અને વતાવતું નહીં, કોઈને એ વતાવતી નહીં. ફરી પાછા અમરેલીથી જેતપુરની ટ્રેન પકડવા સ્ટેશને આવવાનું થાય ત્યારે પણ એ સ્ત્રીની આ જ પ્રવૃત્તિ ખલેલ વગર ચાલતી જોવા મળતી. નાનપણમાં થતા વિસ્મયે તરુણાવસ્થાએ મારામાં કુતૂહલનું રૂપ ધારણ કર્યું. ને એક વાર મેં મારા પિતાને પૂછી જ લીધું : 'કોણ છે એ ગાંડી ?'

એમણે કહ્યું : 'એનું નામ જડીબાઈ છે. ગાંડી નથી, ચસકેલ છે. એનો ધણી ઇંગ્લૅન્ડ ભણવા ગયો હતો. ચાર વર્ષ ભણીને પાછો આવતો હતો. અમુક ટ્રેનમાં આવું છું એવો તાર પણ આવેલો, પણ મુંબઈ-અમદાવાદ થઈને ધોળા જંક્શન વટાવ્યું ત્યાં સુધી તો બધું બરાબર હતું. પણ ખિજડિયા જંક્શન આવતાં જ હરખમાં ને હરખમાં એનું હાર્ટ ફેઈલ થઈ ગયું. ડેડ બોડીને ત્યાં જ ઉતારી લેવામાં આવ્યું. જીવતા માણસને બદલે ડેડ બોડીને ટ્રેનમાંથી ઉતારવામાં આવે તો એના ઘરના, ખાસ તો ઘરવાળી જડીને ભયંકર આઘાત લાગે એટલે એને સૌએ એમ કહ્યું કે તારો વર આજની નહીં, કાલની ગાડીમાં આવવાનો છે. એ સમય તો સચવાઈ ગયો, *પણ બીજા દિવસનું શું ?* બીજા દિવસે પણ એવું જ કંઈક બહાનું. ને એમ દિવસો પર દિવસો પાછા ઠેલાતા ગયા અને છેવટે એનું ભેજું જ ચસકી ગયું. પિતાજીએ કહ્યું કે આજે પાંત્રીસ વરસથી રોજ એ અમરેલી સ્ટેશને આવતી એક એક ટ્રેન પર આવે છે - એનાં સાસરિયાં એને નભાવે છે. ધીરે ધીરે એ એટલી પતિમય થઈ ગઈ કે પતિનાં જ કપડાં, હૅટ, ચપ્પલ પહેરવા માંડી. અને પતિ આ ગાડીમાંથી ઊતરશે એ આશાએ એ ડબ્બે ડબ્બે ફરી વળવા માંડી. વળી સાથે ટિફિન લઈ આવવા માંડી, અહીં એ કોઈને કશો જ ઉપદ્રવ કરતી નથી ને કોઈ પાસે કશું માગતી નથી. રોજિંદા આવ-જા કરનારા પણ ટેવાઈ ગયા છે. સ્ટેશનનો જાણે કે એ એક ભાગ બની ગઈ છે.'

પિતાજીએ એમની બાનીમાં મને જે રીતે કહ્યું હોય તે પણ મારા મનમાં આ બરાબર દૃઢમૂલ થઈ ગયું. મને આ આખી વાતે વિચારતો કરી દીધો. એ વાતને યથાતથ લખવા માટે મારી કલમ જરૂર ઊપડી હતી પણ રમણ નાવલીકરના ''શિક્ષણે'' મારો હાથ થોભી લીધો. ઘટના ભારે રોચક હતી પણ 'એક હતો, એક હતી'ની રીતે લખવાનો

જીવ ન ચાલ્યો.

એકાદ-બે વર્ષ પસાર થઈ ગયાં. વાર્તા લખવાનું મન થયા કરતું હતું પણ કેવી રીતે એનું મંડાણ કરવું એની ગમ પડતી નહોતી. એવામાં પાડોશમાં કોઈ સ્ત્રીએ પુત્રપ્રાપ્તિ માટે પારકાના છોકરાને છાતીએ ડામ દીધો, એ ઘટનાની વાત મારી બાએ મને કરી તે સાંભળીને દ્રવી ગયો. 'જોયેલું ને જાણેલું' પર તો હવે તાળું જ દેવાઈ ગયું હતું. ને મનમાં એક અમરેલીવાળી ને બીજી આ ડામવાળી વાર્તાની ઘટનાઓ અમળાતી હતી. પણ એકેયને વાર્તાના ઢાળમાં કેમ ઢાળવી એ સમજાતું નહોતું. છેવટે કૉમર્સ કૉલેજના બે વર્ષ પૂરાં કરીને આગળ ભણવા માટે ભાવનગર છોડીને ૧૯૫૭-૫૮માં ઓગણીસની ઉંમરે અમદાવાદ ભણવા આવ્યો, ને ત્યાં એકસાથે આ બે વાર્તાઓ લખી નાખી - ચાનક કેમ ચડી ? કારણ એચ.એલ. કૉલેજ ઑફ કૉમર્સની હોસ્ટેલ (જે આજે ગર્લ્સ હોસ્ટેલ છે)ની લૉબીના વાચનસ્ટૅન્ડ ઉપર મુકાતાં 'ચાંદની', 'આરામ', 'સ્ત્રી-જીવન' જેવાં મેગેઝિનો ને તેમાં ચમકતાં કેટલાંક જાણીતાં નામો - બે વાર્તાઓ લખી તે અમરેલીવાળી વાર્તા - ''અનંત પ્રતીક્ષા'' 'ચાંદની'ને અને ડામવાળી વાર્તા - ''હૈયાનો ડામ'', સ્ત્રીઓને લગતી હોવાથી 'સ્ત્રી-જીવન'ને મોકલી. કોઈની પણ અસર વગરની મારા મનમાં બંધાયેલી વાર્તાની 'કંસેપ્ટ' પ્રમાણેની એની લખાવટ હતી. અને મારી વયની તાસીર પ્રમાણે થોડાં બોલકાં વાક્યો, કંઈક જાડા રંગ, ભારે શબ્દો, ને એવું બધું હતું - પણ હતું તો બધું નવલિકાની બાહ્ય ઢબ-છબમાં જ. પણ ઘટનાના ઘૂંટેલા રસાયણમાંથી કંઈક સત્ત્વ કે જે પ્રાસંગિક કારુણી કે ચોટથી સાવ નિરપેક્ષ હોવું જોઈએ, તેવી થોડીઘણી પણ સમજણ હજુ મારામાં ઊગી નહોતી. વાંચનારો વાંચીને લખાવટ પર નહીં, પણ ઘટના પર 'ચચકારા' બોલાવે તોય મારો પૂરો મોક્ષ થઈ જાય તેવું હતું.

પણ અશોક હર્ષ કડક સંપાદક હતા. તેમણે મને લખ્યું કે ''અનંત પ્રતીક્ષા'' વાર્તા 'ચાંદની' માટે યોગ્ય નથી લાગી. પણ હા પાડો તો 'જનસત્તા'માં છાપું. અરે, મારે મન તો એ વાર્તા તરીકે છાપે એ જ કાફી હતું. મેં હા પાડી અને એ 'જનસત્તા'માં આખા પાનામાં ''અનંત પ્રતીક્ષા'' શીર્ષકથી છપાઈ અને મારી હોસ્ટેલના વાચન-સ્ટૅન્ડ પર પહોળા પથરાટમાં મુકાઈ. એ પછી તો આ પ્રકારની, કલાકીય સજ્જતા વગરની વાર્તાઓનું લેખન મેં પૂરબહારમાં કર્યું. એક વાત બહુ પ્રામાણિકપૂર્વક લખવા માગું છું કે મારી ભીતર જાગતો ચોકીદાર મને બહુ રાજી થવા દેતો નહીં, કારણ કે હું બીજા ગુજરાતી-હિંદી મહારથીઓની વાર્તાઓ વાંચતો ત્યારે બહુ નાનમ અનુભવતો.

''નવચેતન', 'ચાંદની', 'આરામ' અને 'સવિતા' આ ચાર સામયિકોએ વાર્તાકારોની નવી પેઢીને ઉછેરવામાં બહુ મોટો ભાગ ભજવ્યો. એના ખંતીલા અને મિશનરી સંપાદકો તરીકે અશોક હર્ષ, વિષ્ણુભાઈ પંડ્યા અને પીતાંબર પટેલનાં નામો લેવાં જ પડે, અત્યારે એ કામ મધુરાયના ''મમતા''વાર્તામાસિક દ્વારા થઈ રહ્યું છે.

ભૂતકાળમાં ''ચાંદની''એ તેના સંપાદક અશોક હર્ષની મદદથી એ કરી બતાવ્યું હતું તેની કોઈ ઇતિહાસલેખક ના નહીં પાડી શકે. 'સવિતા' બિલકુલ ધંધાદારી એટલે કે કશા પણ સાહિત્યિક બરા વગરનું મેગેઝિન હતું. એમાં ઘટનાવલંબી વાર્તાઓ જ છપાતી. પણ તોય તેણે દર વર્ષ માતબર ઇનામો (સુવર્ણ ચંદ્રકો)ની યોજના સાથે એના ઇનામવિતરણ સમારંભો, વિજેતાના શહેરમાં નાટક કે ફિલ્મ સાથે ગોઠવીને વિજેતાના વતનમાં પ્રસિદ્ધ અને માસિકનો ત્યાં ફેલાવો વધારવાનો કીમિયો સફળતાપૂર્વક વર્ષો લગી અજમાવ્યો. હું અને રમેશ પારેખ એમાં ઉત્સાહભેર ભાગ લેતા. એક વાર તો એવું બન્યું કે મારી વાર્તા 'પીળો ચાંદો લાલ સૂરજ'ને સુવર્ણચંદ્રક મળ્યો ને રમેશની 'ગરોળી' વાર્તા મફત છાપવા માટેય ન સ્વીકારાઈ. (એ વખતની અમારી, બે મિત્રો વચ્ચેની વડછડ થોડી અંગત પત્રોમાં સચવાઈ છે... આ બધાં વર્ષો દરમ્યાન મારી વાર્તાઓ ભલે 'જોયેલું ને જાણેલું'ની કક્ષાની નહોતી પણ નરી ઘટનાવલંબી હતી. એમાંય 'નવચેતન'માં મોકલતી વખતે એ 'હેતુલક્ષી' હોય એનું ધ્યાન રાખતો. (સ્વ.) ચાંપશી ઉદેશી પણ મારી એવી વાર્તાઓને 'વખાણી વખાણીને વાડે નાંખી દેતા' - આને કારણે પ્રોત્સાહન મળ્યું પણ 'શિક્ષણ' અને 'સમજ' ના મળ્યાં.

એક શિકારીના ઝનૂનથી ઘટનાઓની શોધમાં હું રહેતો અને મારી ઓડિટર તરીકેની નોકરી ગામેગામ ફરવાની હતી અને તેમાં દરેક ગામે મહિનો-દોઢ મહિનો લાંબા મુકામો કરવાના રહેતા, આને કારણે મને બીજાઓના જીવનની એવી ઘટનાઓ પ્રસંગકથાઓના સ્વરૂપમાં બહુ મળી રહેતી. મેં જોયું કે લોકોને પોતાના જીવનની રસિક ઘટનાઓ કહેવામાં બહુ રસ હોય છે. વાંચતાં આવડે તો હરેકના ચહેરા પર કંઈક પોતાના વિષે કહેવાની આતુરતા ઝલકતી દેખાતી હોય છે, હું એમની રામકહાણીઓ પૂછતો અને મને એ ઉત્સાહથી કહેતા પણ ખરા. છેક ૧૯૬૩ની સાલ સુધી આવી ઘટનાવલંબી વાર્તાઓનું લેખન ચાલ્યું. પણ જેને ખરેખરી વાર્તાઓ કહેવાય તેવી વાર્તાઓ મળવા એટલે કે ઘડાવા માંડી ૧૯૬૩ પછી. મને સમજાયું કે હું જે રામકહાણીઓ કે રસિક અનુભવો બીજાઓના સાંભળું છું તે રસપ્રદ ભલે હોય પણ એ બધામાં જેને વાર્તા કહીએ તે પડી હોતી નથી. આ સમજણ મને મળી મોહમ્મદ માંકડ પાસેથી. તેઓ મારાથી બરાબર દસ વર્ષ મોટા હતા અને ''માટીની મૂર્તિઓ'' નામના વાર્તાસંગ્રહથી અને વધુ તો ''કાયર'' નામની લઘુ નવલથી વધુ જાણીતા થયા હતા. એમનો ભેટો મને મારા બોટાદના એક માસના મુકામ દરમ્યાન થયો. હું સામેથી એમને મળવા ગયો હતો.. મળતાવેંત એ ટૂંકી વાર્તાકળાના મરમી છે એવી મને સમજ પડી ગઈ. મને વાર્તાલેખન માટે મળેલાં નાનાંમોટાં ઇનામોથી એ લેશમાત્ર અંજાયા નહીં. પણ એ અંજાયા મારી ગમે તેવી વાર્તામાં પણ દેખાતા છૂપા સ્પાર્કથી. પણ હું હજુ ઘડતરની પ્રોસેસ(પ્રક્રિયા)માં હતો અને વાર્તાને કૃતક ચોટ અને થોડો બોલકો અંત. સાવ ખુલ્લા લાગે તેવા પ્રતીકો,

સરખામણીઓ. ભારે ભારે શબ્દો વગેરે ''ગિમિક્સ''થી મુક્ત થયો નહોતો. પણ મોહમ્મદભાઈ આ બધાની આરપાર દેખાતા વાર્તાતણખાને પકડી લેતા અને એવી અમુક વાર્તામાં એ સ્પાર્ક શી રીતે મેં વેડફી નાખ્યો તેની મને બહુ સિફતથી સમજણ પાડતા. થોડાં જ વર્ષોમાં તેમણે મને ગુલાબદાસ બ્રોકરની ઓળખાણ કરાવી.. પણ તે પહેલાં મારી થોડી વાર્તાઓ એમને મોકલી - મારા આશ્ચર્ય વચ્ચે મને બ્રોકરસાહેબનો મરોડદાર અક્ષરોમાં પત્ર આવ્યો. જેમાં તેમણે મને જગત માત્ર કાળા-ધોળા એમ બે રંગે વહેંચાયેલું નથી, બલ્કે એમાં હજારો રંગછટાઓ સંમિશ્રિત છે એવું ધીરે ધીરે, સીધા ઉપદેશ વગર સમજાવ્યું અને એ રીતે મને મારી વાર્તાના પુનર્વાચનની ટેવ પાડવાનું કહ્યું. ધીરે ધીરે મારી મતિ મુજબના વાર્તાપદાર્થની સમજણ પડવા માંડી - એ પછી થોડી વાર્તાઓ મેં 'નવનીત' 'સમર્પણ' (બન્ને એ વખત અલગ અલગ હતાં) જેવાંમાં મોકલવા માંડી ને તેમાં પ્રગટ પણ થવા માંડી. એમાંની એક વાર્તા 'વાત' વાંચીને તો મને રસિક ઝવેરીએ મારું સરનામું મેળવીને સરાહના કરતો પત્ર લખ્યો. ને હરીન્દ્રભાઈ, કુંદનિકાબહેન વાર્તાઓ માટે નિમંત્રણ આપતાં થયાં. એકાદ વાર્તાનો જર્મનીમાં અનુવાદ થયો, ને ત્યાંના કોઈ મેગેઝિનમાં મારો એ જમાનામાં રંગીન ફોટોગ્રાફ છપાયો. પણ મારે કહેવું જોઈએ કે એ બધી વાર્તાઓમાં અગાઉની વાર્તાઓની જેમ ઘટનાઓના ભારખાના જેવી ના રહેતી, જે ઘટનાઓ એમાં અનિવાર્યપણે આવતી તે સૂક્ષ્મતાને હણી નાખે એવી વજનદાર પણ ના રહેતી, ઘટનાઓ મને જ્યાં જ્યાંથી મળતી તે એક ગઠ્ઠા સ્વરૂપે મળતી તે વાત સાચી, પણ એવી મેદસ્વી ઘટનાઓને હું નવલકથાને યોગ્ય માનતો જે એ કાળે તો મેં લખી જ નહિ. એકાદી ચમત્કૃતિપૂર્ણ ઘટના હું વાર્તા માટે પંસદ કરતો. બલકે આજે વિચારતાં એમ લાગે છે કે હું સભાનપણે ઘટના પસંદ કરીને લખવા બેસતો નહિ પણ એવી ઝીણી ઘટના ઊડતા ઝીણા મુલાયમ પીંછાની જેમ અદૃશ્યપણે ઊડતી ઊડતી આવીને વાર્તાના મિંજ રૂપે મારા ચિત્તમાં વસી જતી અને પટ્ટી તેમાંથી એના અનેક કલાપ નીપજતા..

હાસ્યલેખક વિનોદ ભટ્ટ ૧૯૬૪થી મારા મિત્ર બન્યા, એમનો મારી વાર્તાઓ પ્રત્યે બહુ પક્ષપાત રહ્યો. મારી જે કાંઈ અને જેવી હતી તેવી વાર્તાઓ તેમને બહુ ગમતી હતી અને તેમના જ માત્ર આગ્રહ કે હઠાગ્રહથી નહિ પણ સત્યાગ્રહની કોટીની જીદથી મારો પહેલો વાર્તાસંગ્રહ ''ખલેલ'' ૧૯૭૫માં પ્રગટ થયો જેને રાજ્યસરકારનું ઇનામ પણ મળ્યું. મોહમ્મદ માંકડ અને વિનોદ ભટ્ટ ઉપરાંત લાભશંકર ઠાકર, હરીન્દ્ર દવે અને કુંદનિકાબહેનને અને ભગવતીકુમાર શર્માને મારી વાર્તાઓ પરત્વે વિશે અનુરાગ રહેતો. વિનોદ ભટ્ટને તો મારી વાર્તાઓ પરત્વે એટલી બધી માયા હતી કે વાર્તાકાર 'ચેખોવ' પરનું પોતાનું પુસ્તક એમણે 'મારા પ્રિય વાર્તાકાર રજનીકુમારને' લખીને મને અર્પણ કર્યું છે.

મોહમ્મદ માંકડે મને જાતનો કડકમાં કડક વિવેચક *થતાં શીખવ્યું*.

પણ તેમ છતાં વાર્તાકાર તરીકે હજુ હું જાતને સ્થાપિત માનતો નહોતો. વેરાવળમાં વિજ્યા બૅન્કની મેનેજરશીપમાં બૅન્કિંગમાં વ્યસ્ત અને સાહિત્ય ક્ષેત્રે સુસ્ત દિવસો ગુજારતો હતો. વાર્તા શોધવાનું લગભગ બંધ જેવું થઈ ગયું, પણ એ જ અરસામાં એક અણધારી ઘટના બની. અચાનક ભગવતીકુમાર શર્માનું 'ગુજરાત મિત્ર' દિવાળી અંક માટે 'તાજી-નવી' વાર્તા મોકલવાનું નિમંત્રણ આવ્યું. થવો જોઈએ તેટલો રાજીપો થયો નહીં કારણ કે વાર્તા માટેનો એક પણ મુદ્દો (પ્લૉટ તો ઠીક, પણ મુદ્દો પણ) ચિત્તમાં નહોતો. ભાગેડુ મન પલાયન શોધવા માંડ્યું, લખવા માટે મુદત પાડતો જતો હતો. ત્યાં ભગવતીકુમારનો બીજો, ત્રીજો પછી ચોથો પત્ર આવ્યો, ને છેવટે આવ્યો તાર. ભગવતીકુમાર મારામાં એવું તે શું ભાળી ગયા હશે તેની મને સમજણ નહોતી પડતી. તાર આવ્યો તે રાતે શરદપૂનમની હતી ને મારું વેરાવળનું ઘર... એની પાછળની બારીમાંથી દરિયો દેખાતો હતો.. મારાં પત્ની તરુ અને હું ત્યાં ખારવણો દ્વારા ગવાતા ગરબા જોવા જવાનો લ્હાવો લેવા જવાનાં હતાં, પણ મનને કઠણ કરીને મેં જવાનું માંડી વાળ્યું. બારીઓ સુધ્ધાં બંધ કરી અને સાવ કોરા કાગળ અને કોરા ચિત્ત સાથે નકારનું રટણ કર્યા કરતા મન સાથે 'વાર્તા' લખવા બેઠો. પણ ક્યાં હતી વાર્તા? પડકાર હતો પણ રણમેદાનના કોઈ યોદ્ધાને નહીં, પણ થઈને, બંધ બારણા પાછળ લપાઈને બેઠેલા બીકણને હતો. જેને તલવારના મ્યાનને અડકતાંય કંપારી છૂટતી હોય, પત્ની ગરબા સાંભળવા રવાના થઈ ચૂક્યાં હતાં. ને શરદપૂનમની ચાંદની વરસાવતી રાત્રે આ કમનસીબ માણસ બારીમાંથી પણ ચાંદનીને અંદર પ્રવેશવાની મના સાથે બંધ બારણે બેઠો હતો ! – કશું ન સૂઝતાં, છેવટે આવેલી ટપાલો, જે પેડમાં ક્લિપ સાથે ભરાવેલી હતી, ને સવારે એક-બે વાર વંચાઈ ગયેલી હતી છતાં ફરી વાંચવાના ચાળા કરવા માંડ્યો. એક ટપાલ સુઘડ અક્ષરોએ લખેલી હાથમાં લીધી... સાહિત્યક્ષેત્રના મારા આદિમિત્ર રતિલાલ બોરીસાગરની હતી, જેમાં એમણે પત્ની સવિતા રાણપુરાને, લોકોની ના છતાં દિલીપ રાણપુરા અગ્નિદાહ આપવા ગયા તેવી વાતનો અર્થ સમજાવ્યો હતો. ફરી પરણવા માગનાર પુરુષે, પત્નીને અગ્નિદાહ આપવા ના જવું તેવી પરંપરાનું તેમના સ્વજનો પાલન કરાવવા માગતા હતા. તેનો વિરોધ કરીને દિલીપ કરીને સ્મશાને ગયો અને અગ્નિદાહ આપ્યો ને એમ કહ્યું કે, 'સવિતા હજુ મરી ક્યાં છે ? આ તો એનો દેહ છે. મારે ફરી પરણવું જ નથી.' (એને લગતી બીજી વાતો પણ પત્રમાં હતી.)

આ વાક્યે મને એ પત્રને ફરીવાર વાંચવા માટે પ્રેર્યો. ફરીવાર વાંચ્યો, ફરી ફરીને વાંચ્યો. પણ એમ કરવામાં વાર્તા શોધનાર 'શિકારી'ની નિયતથી નહોતી. પણ કોઈ સંવેદનશીલ ત્રાહિત માણસની દૃષ્ટિ હતી. વળી એ રીતે જ ફરીવાર વાંચ્યો. પછી અચાનક શું થયું મારાથી ના રહેવાયું. મેં ઊભા થઈને દરિયા તરફ પડતી બારી ખોલી નાખી

અને તે સાથે જ ખારવણોના દૂરથી ગરબા ગાવાના હાર્મની ભરેલા ઝીણા સ્વરો કાને પડ્યા. પહોળા પટની ચાંદની અને દૂર દેખાતી રૂપેરી દરિયા ઉપર નજર છવાઈ ગઈ. બસ, પછી શું થયું એનું વર્ણન તો ગર્ભાધાનની અને પિંડ બાંધવાની ક્ષણના વર્ણન જેટલું જ અકથ્ય છે, ગૂઢ છે. ગહન છે. જોકે એની થોડી વાત મેં વર્ષો પહેલાં 'શબ્દસૃષ્ટિ' સંપાદકના નિમંત્રણથી લખી છે. એ જે વાર્તા લખાઈ તે ''ચંદ્રદાહ'' અને તેના સર્જનની કેફિયતનો લેખ 'કેળવનમાં ચીસ' શીર્ષકથી 'શબ્દસૃષ્ટિ'માં છપાયો, જે મારા ''ચંદ્રદાહ'' નામના વાર્તાસંગ્રહમાં પણ મેં લીધો છે.. પણ તે વાર્તા 'ચંદ્રદાહ' મારી કેટલીક યશોદાયી વાર્તાઓમાંની એક બની આવી. જેનો અનુવાદ ભારતની અનેક ભાષાઓમાં થયો અને અંગ્રેજીમાં પણ શ્રી કિશોર જાદવે સંપાદિત કરેલી 'કંટેમ્પરરી ગુજરાતી સ્ટોરીઝ' નામની ગ્રંથસ્થ એન્થોલોજી (૨૦૦૦)માં સ્થાન પામી.

મને હજુ નવાઈ લાગે છે કે વાર્તાને અને દિલીપ રાણપુરાવાળી સત્ય ઘટનાને માત્ર બીજ-પ્રક્ષેપણ પૂરતો જ સંબંધ છે. પણ એ ઘટનાનો ચહેરો વાર્તામાં ક્યાંક કેમ ઊતર્યો નહીં ! ઘટનાની સાચી પ્રેરક છતાં જાડી રેખાઓ (જેવી કે રાણપુરા સ્મશાનમાં ગયા, બીજાં લગ્ન ન કર્યાં) વાર્તામાં ક્યાંય આવી જ નથી. બિલકુલ ઝીણા મનોવ્યાપારની જ એ વાર્તા છે.

૧૯૮૦માં મોહમ્મદ માંકડે મારા ગળામાં 'સંદેશ'ની ''ઝબકાર'' કૉલમ નાખી. અને દર અઠવાડિયે વાર્તા તો નહિ પણ કશું વાર્તાત્મક હું લખું એવી અપેક્ષા રાખી. આશ્ચર્ય ! એ જ વસ્તુએ આઠનવ વર્ષમાં મારી જિંદગીનો રાહ બદલી નાખ્યો, 'ઝબકાર'માં શુદ્ધ વાર્તાઓ નહોતી પણ વાર્તાત્મક ઢબે લખાયેલાં જીવનચિત્રો હતાં. પણ આના કારણે મને જબરી લોકપ્રિયતા મળી, મારી માગ વધી અને એમાં વાર્તાઓની માગ પણ સામેલ હતી. નવલકથાઓની પણ.

પણ એ વિશે વધુ વાત નહિ કરું કારણ કે ગમે તેમ તોય ''ઝબકાર'' ભલે વાર્તાત્મક છે પણ આખરે તો એ શબ્દચિત્રો જ છે. અલબત્ત. ક્યારેક ક્યારેક એ વિશુદ્ધ ટૂંકી વાર્તાની કક્ષાને આંબી જતાં. એવું જ એક શબ્દચિત્ર ''ડંકો પડે ત્યારે'' ઉર્ફે ''મગન વિજ્ઞાની'' 'સંદેશ'માં મારી કટાર ''ઝબકાર''માં પ્રગટ થયેલું જે આગળ જતાં ગુજરાતી સાહિત્ય પરિષદની એક વર્ષની શ્રેષ્ઠ ટૂંકી વાર્તાઓના સંચયમાં સ્થાન પામેલું. જોકે વાર્તા આટલી હાથવેંતમાં નથી હોતી. એ દુરારાધ્ય સ્વરૂપ છે. આજ સુધીનો મારો છેલ્લો વાર્તાસંગ્રહ 'અહા કેટલી સુંદર' શીર્ષકથી ગુજરાતી સાહિત્ય પરિષદે ૨૦૦૬માં પ્રગટ કર્યો છે. જેમાં બહુ લાંબા દસ વર્ષના પટમાં લખાયેલી વીસેક વાર્તાઓ છે. જેમાં 'અગાઉ આવું લખતો હતો' તેની નિશાની રૂપે એક જૂની શિખાઉ વાર્તા 'સમડી' પણ મેં મૂકી છે. ત્રણેક મેં ઉપર જણાવ્યાં તેવાં વાર્તાત્મક આલેખનો છે. વિશુદ્ધ વાર્તા નથી પણ મારે મન નગદ વાર્તા તો બાર-તેર જ. જે દસ વર્ષના ગાળામાં કેટલી બધી ઓછી ગણાય ?

મારી વાર્તા 'કંપન જરા જરા'નું નાટ્યાત્મક મંચન દિલ્હીની એન.એસ.ડી. (નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામા)એ ૨૦૦૩માં કર્યું ત્યારે મને સ્ટેજ પર બોલાવીને પૂછવામાં આવ્યું : 'યહ આપકી કથા કા નાટ્યરૂપાંતર નહીં, નાટ્યમંચન થા, આપકો કૈસા લગા ?' ત્યારે મેં કહ્યું : ઘોડે કો અગર રણમેદાન કે બજાય સરકસ મેદાન મેં લાયા જાય ઐસા ! વાર્તાકા મંચન પઢનેવાલોં કે ચિત્તમેં પઢનેકે સમય સ્વયંભૂ મેં હોતા રહેતા, ઔર વહી ગનીમત હૈ.

આથી જ ચારસો-પાંચસો વાર્તાઓ લખ્યા પછી આજે પણ વાર્તાલેખન મારા માટે પડકારરૂપ જ રહ્યું. એ દરેકની વાત લખવાનો અહીં અવકાશ નથી.. પણ એટલું મને પ્રતીત થયું છે કે વાર્તા ભીતરની સર્જનતંત્રીમાંથી આવે છે. વાર્તાકારના બાહ્ય ચિત્ત કે દિમાગ પર થતી બળજબરી, ઉતાવળ કે ઉશ્કેરણીની તેના પર કોઈ અસર નથી હોતી. નહીં અવળી કે નહીં સવળી.

વાર્તા માટે સ્થૂળ ઘટનાઓનું અવલંબન પછી તો માત્ર ભીતર પડેલા દારૂગોળાની જામગરીને દીવાસળી ચાંપવા જેટલું જ રહ્યું. એ પછી કોઈ પૂછે કે "વાર્તા ક્યાંથી મળે છે ?" તો મારી પાસે એનો એક જવાબ છે : "દરેક વાર્તા માટેની જામગરી ભલે કોઈ બાહ્ય ઘટના ચાંપી આપતી હોય પણ એનું કામ ત્યાં જ પૂરું થાય છે. પછી આખી પ્રક્રિયા લેખકની ભીતર ચાલે છે. (જેમ મારે "ચંદ્રદાહ"વેળા થયું હતું તેમ) વાર્તા લેખકની સર્જકચેતનામાં આવિર્ભાવ પામે છે, અને ચેતનામાં એ ક્યાંથી આવે છે તેનું પૃથક્કરણ થઈ શકે તેમ નથી. અનેક અનુભવો, અનૂભુતિઓ, શ્રવણ, વાચન, અજાગ્રત મનમાં સંચાલનો, અરે પોતાની પળે પળની મનઃસ્થિતિ, આ સફર, એ બધું લેખકની ચેતનામાં સતત ઘૂંટાયા અને વલોવાયા કરતું હોય છે. એમાં જામગરી ચંપાયાની ઘડીએ દિવાસળી એનાથી-તેનાથી અલગ થઈ જાય છે. પછી અંદરનો દારૂગોળો પોતાનું કામ કરે છે. પછી તેમાંથી ધડાકો નીપજશે કે સૂરસૂરિયું તે અગાઉથી કળવું અશક્ય છે."

નવલકથામાં પણ વાર્તા તો હોય છે પણ તે ટૂંકી વાર્તામાં જે વાર્તા હોય છે તેના કુળની નથી હોતી. પણ તેનો અર્થ એમ નથી કે તે બહુ પહોળા પને હોવાથી તેમાં સૂક્ષ્મતા નથી હોતી. સમર્થ સર્જકની નવલકથામાં ઘટના કહેતા પ્રસંગોની હારમાળા હોય તોપણ સૂક્ષ્મતાનો દોર તો તેમાં પણ ચાલ્યો જ આવતો હોય છે.

* ગુજરાત વિશ્વકોશ – ભદ્રંકર વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત ૨૭-૮-૧૪ના રોજ અપાયેલું વક્તવ્ય - સહેજ ટૂંકાવીને.

18

## નારીવાદી અભિગમ સાથે દમિત પાત્રો પ્રત્યે સહાનુભૂતિ...

રાધેશ્યામ શર્મા

[**'કાળી પરજ'** : લે. ઇલા આરબ મહેતા, પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૨૦૧૪, પૃ. ૨૧૬, કિં. રૂ. ૧૫૦/-]

લગભગ અઢાર જેટલી નવલકથાઓ અને પાંચ વાર્તાસંગ્રહોનાં લેખિકા ઇલા આરબ મહેતાને, દીપક મહેતાએ 'ગાજ્યા વગર વરસનારાં' કહ્યાં તે સાચું છે.

ગુજરાતી સાહિત્યમાં પહેલવહેલી નારીવાદી નવલકથા 'બત્રીસ પૂતળીની વેદના' આલેખન-કાર પણ તેઓ હશે તેમ સાચું અને વધુ સાચું તો નારી-વાદી અભિગમને પ્રસરાવતા પ્રસંગોની સામગ્રીને શણગારી ગજવવાનુંય અનુકૂળ છે.

'કાળી પરજ' (કાળી પ્રજા) એ છઠ્ઠા સંગ્રહના નિવેદનનું શીર્ષક છે : 'થોડાં લીલાં પાંદડાં – થોડું શિલ્પ' અહીં લીલાં પાંદડાં કરતાં નક્કર વાસ્તવિકતાસભર ઘટનાઓના પથ્થરનો અનુભવ અધિક છે. શિલ્પસર્જનમાં, કોતરી કાઢવાનું ઓછું બન્યું છે. નહિ સાંધો નહિ રેણ જેવા શિલ્પની અપેક્ષા અવશેષ રહે છે. થોડાં પાંદડાં અને થોડું શિલ્પનું મિક્ષ્ચર – બે અશ્વ પર સવારી કરવા જેવું દુષ્કર છે. સાહસ માટે ધન્યવાદ.

કન્ટેન્ટમાંની કન્સેપ્ટ આકર્ષક, વાર્તાકારનું સહૃદય તાદાત્મ્ય સાચું પણ ફૉર્મમાં અપેક્ષિત તાટસ્થ્યનો અભાવ ચિંત્ય છે.

જોકે, ઇલા મહેતાના નારીવાદ સાથે દલિત દમિત નિમ્ન વર્ગ પ્રત્યેની શુદ્ધ સહાનુભૂતિ આ 'કાળી પરજ' વાર્તાસંચયનું ધ્યાનાર્હ પાસું છે.

સંગ્રહની સોળ વાર્તાઓમાં 'કાળી પરજ', 'સુજાતા' અને 'એક મૃત્યુ' ફેમિનિસ્ટ અપ્રોચ સંદર્ભે રસપ્રદ છે.

'કાળી પરજ'માં કર્તાએ સુસંસ્કૃત ગ્રેગના પાત્રની સમાન્તરે મંગળ-કોકિલાની જાતને સહોપસ્થિત કરવાની રીતિ અપનાવી છે. એમાં વાર્તાનાયિકાની બે વાર ભાવાભિવ્યક્તિ પ્રતીકાત્મક લાગી :

''મા, એની (ગ્રેગની) આંખો, એ જરાક થયેલો સ્પર્શ અને અવાજ જાણે કોઈ મણિધર મારા પરથી સડસડાટ પસાર થઈ ગયો'' (પૃ. ૩) બીજી વાર પરોક્ષ રીતે સાપનો ઉલ્લેખ સૂચક છે :

''દક્ષાબહેને કહ્યું, 'પહેલાં એક ચેતવણી. આ વન્યપ્રદેશ છે. અહીંયાં ઝેરી જીવજંતુ કે સાપ હોઈ શકે...' અમે સાપના નામે થથરી ઊઠ્યાં.''

વાર્તાના અન્તને ચોટદાર બનાવતાં પહેલાં, ગ્રેગના આગમનને એક 'કિચૂડાટ'ના ધ્વનિ સાથે યોજ્યું છે, સ-રસ :

'જરા વારમાં પોર્ચના હીંચકાનો કિચૂડાટ પણ સંભળાયો. તો ગ્રેગ હીંચકા પર બેસી ગયો છે.' (પૃ. ૧૬)

આ કિચૂડાટ, 'મા'ની તીવ્ર નફરતની નાન્દીનો પર્યાય છે. ગ્રેગ 'બૂલશીટ' લખી જતો રહે તે પ્રતીતિકર છે. બાકી, કોકિલાને આગમાંથી ઉગારી લેતા મંગળને 'હીરો' દર્શાવવાનો સીન વાર્તા કરતાં ફિલ્મી લાગ્યો, 'મધર ઇન્ડિયા'નો.

'સુજાતા' વાર્તામાં ગીતાનું પાત્ર (નૂતન-અભિનીત) જાણીજોઈને ચિતરાયું છે. બિમલ રૉયની ફિલ્મ કરતાં અહીં મેલોડ્રામાનો ડોઝ ભરપૂર છે. પણ છેડે આઘાતથી સ્તબ્ધ ગીતાને અનુલક્ષી એક દારુણ દૃશ્ય ખડું કર્યું છે :

''સુંદર સજાવેલી પૂતળીનો પહેલાં માથેથી મુગટ ઉતારી લેવામાં આવે... એનાં વસ્ત્રો ખેંચી કાઢી એની આંખોમાં જડેલ હીરાઓ ઊતરડી લઈ તેને રસ્તા પર ફેંકી દેવામાં આવે તેમ –'' (પૃ. ૩૧)

ગીતા ટૅક્સીમાં બેસીને 'મુંબઈ સેન્ટ્રલ' એટલું બોલી શોષક સરોજબહેનને હડસેલી નીકળી જાય છે ત્યારનો મૉનોલોગ પ્રભાવક છે :

''મારી મા, મારી દાદી, દાદીની દાદીએ તમારાં મેલાં માથે ઊંચક્યાં ને તમે રાં... તમારી માનું મેલું સાફ કરવાની તમને સૂગ આવે છે ?'' (પૃ. ૩૧)

'આવારા', 'પેઇંગ ગેસ્ટ', '૪૨૦'ના સ્પર્શવાળી કૃતિ 'એક મૃત્યુ'માં ચુંદલી ઉર્ફે ચંદ્રકળાનું ટ્રેજિક રોમાન્ટિક વિલક્ષણ ચરિત્ર વાર્તાનાયિકાની નજરે તંતોતંત અવતર્યું છે. કથકે વર્ણનમાં 'મૃત્યુની મર્યાદા દૂર ધકેલાઈ ગઈ' લખી સ્થૂળતામાં સરકવાની જરૂર નહોતી. અંતમાં પણ, ''આમેય બળવાનું તો બહુ વખત પહેલાંથી શરૂ થઈ ગયું હતું.'' એ વાક્ય, કરુણ કરતાં સ્માર્ટ વિશેષ છે.

'એક મૃત્યુ' સાથે બીજી એક વાર્તા 'મરણ ઉર્ફે જીવન' મૃત્યુનો અન્ય અંદાજ અને આયામ સૂચવે છે. કથાનાયક દેવુના અંતરાત્માની દારુણ ઉક્તિઓ લેખિકાની સંવેદનાનાં પરોક્ષ પ્રતિબિમ્બ પણ ઝળકાવે છે. સિનેમાસૃષ્ટિની વિકૃત, શોષક, અભદ્રતાનો ગ્રાફ અહીં અંકાયો છે, વાજ આવી જઈ નાયક સાથે ભાવક પણ કહી શકે :

'આજ મારે નક્કી કરવાનું છે – જીવન ઉર્ફે મરણ... હીરોનું જીવન ને દેવુંનું મરણ કે બાપા અને રુકીની જેમ હાથ જોડી દઉં ને પસંદ કરું, મરણ ઉર્ફે જીવન.' (પૃ. ૧૬૨)

પર્યાવરણ-રક્ષણના પ્રચારકો માટે 'ઑડિટિંગ' વા-ર-તા એક આદર્શ નમૂનો છે. વૃક્ષોની ઑડિટિંગ કમિટીમાં નાયક જગદીશભાઈની ચિંતા સામે એમનો જ સપૂત હાર્દિક, ઝાડને 'ઠૂંઠાં' અને પર્યાવરણને 'ખોટી ધમાલ' ગણે ત્યારે પુત્રવધૂ પ્રતિમા, પતિ હાર્દિકને 'સોનામહોરો' જેવા શબ્દો બરાબર સુણાવે છે :

''હાર્દિક, બાબુ ઝાડ નથી, માણસ છે. આ ઘરમાં માણસનું ઑડિટિંગ નહીં થાય.' (પૃ. ૯૧)

આનાથી ધારદાર રિમાર્ક ભાગ્યે જ જડે.

પ્રત્યેક મધ્યમ વર્ગના માનવીનું સ્વપ્ન મનેષના પાત્રમાં રોપાયું છે તે વાર્તા ‘રક્ષાબંધન’માં, પત્ની અનુપમાને બળેવ ઉપર તેના ભાઈ ગૌતમ પાસે પિતાની મિલકતમાં ભરપૂર ભાગ પડાવવા ધક્કે લે છે, પરંતુ ‘ટર્ન ઑવ ધ સ્ક્રૂ’ની જેમ મનેશને સ્તબ્ધ કરી દેતો વળાંક અનુપમાના નિર્ણયમાં જડાયો છે :

“તમે જ ભાગ માગવાનું કહ્યેલું. મનેશ, હમણાં મમ્મીની માંદગીમાં એ લોકોએ ઘણી સારવાર કરી, હવે આપણો વારો. હવે આપણા ભાગની સારવાર.” (પૃ. ૧૪૯)

જોકે, મનેશની કલ્પનાની ઉડાન અનુપમાના નિર્ણયને માની લે એમ માનવાનું મન નથી થતું...

‘કુન્તી-કર્ણ’ વાર્તામાં, મહાભારતનાં અવતરણોના વિનિયોગની પૅટર્ન અજમાવાઈ છે. જનરેશન ગૅપના માહોલમાં રુચિભેદની સમસ્યા સંકેલાઈ છે. આધુનિક યુગની સ્ત્રી, સર્વિસ પ્રમોશન માટે ચિત્રા, પુત્ર કરણને બૉર્ડિંગ સ્કૂલમાં મોકલવો કે નહીં એની દ્વિધા કથાકારે વિગતે ફ્રેમ કરી છે. માતૃત્વની ભાવોર્મિ એક પ્રસંગમાં મૂર્ત થઈ છે :

‘કરણના દરવાજાના કાચ પર ટકટક ટકોરા પડ્યા. બિલકુલ કરણની ઉંમર જેટલો છોકરો... ફૂલો લેવા વિનવી રહ્યો હતો. ચિત્રા કમકમી ઊઠી... ગરીબાઈનું આવું વરવું રૂપ... ગાડી સાથે છોકરો દોડવા લાગ્યો.’ (પૃ. ૭૬)... યાદ આવશે ફિલ્મ ‘સ્વદેશ.’

લેખિકાએ ચિત્રાની ગાડીને જ નહીં, ભાવકોની ધારણાને પણ બ્રેક મારી છે !? ચિત્રાનો મૉનોલોગ વાંચો :

‘કમ ઑન ચિત્રા, લાગણી નથી એવું થોડું છે ? આ તો એના જ ભલા માટે. હું વધારે કમાઈશ તે એને માટે જ ને ?’ (પૃ. ૭૭)

મનુષ્યો પોતાને અનુકૂળ આવતું મળી જાય ત્યારે કન્વિનિયન્ટ એસ્કેપના છત્ર નીચે સુખશાતા પણ અનુભવી શકે – એનું અહીં યથાર્થ ઉદાહરણ છે.

‘કવિની ભોમકા’ વાર્તા, ઉમાશંકર જોશીના વતનના પરિવેશમાં અકળ અને અજબ રીતે લખાઈ છે. પૂરી વાર્તા વાંચીએ ત્યારે વાર્તાકારે માણેલું પ્રમાણી શકીએ : ‘લખાઈ ત્યારે સમજાયું કે એકવીસમી સદીમાં નાનીમા પોતે ‘સાપના ભારા’ની ચંદણીને ઊડવા માટે આંખો આપે છે !’ (પૃ. ૬)

વાર્તાઓ બોલકી બની ના જાય, લાંબાં વર્ણનો, અસંગત પ્રસંગો દૂર કરી કલાસંયમ કેમ જાળવવો તેનાથી શ્રી ઇલા આરબ મહેતા સભાન છે, તો અહીં કેટલીક વાર્તાઓને એનો લાભ મળવો જોઈતો હતો. અપેક્ષા જગાડે એવાં સક્ષમ વાર્તાકાર તો તેઓ છે જ...

□

## હેઠેથી ખસી ભોંય | હિમાંશી શેલત

[**'પાંખેથી ખર્યું આકાશ'** : લે. ભારતી રાણે, નવસર્જન પબ્લિકેશન, પૃ. ૮૦, કિં. રૂ. ૭૫/- ]

'પાંખેથી ખર્યું આકાશ' પ્રેમ અને દામ્પત્યનાં ભરતી-ઓટની અને ભારતીય લગ્નસંસ્થાનાં મૂલ્યોની કથા છે. વિષય પરિચિત છે, પરંતુ એની રજૂઆત માટે અજાણ્યાં ભૂદૃશ્યો અને અપરિચિત વાતાવરણ પ્રયોજાયાં છે જે રોચક, નવીન, તાજગીસભર અને રસપ્રદ છે.

પ્રકૃતિનાં ચાહક અને અઠંગ પ્રવાસી એવાં ભારતી રાણે આલ્પ્સની ધાતમાં વસતા આદિવાસીઓની સહિયારી વસાહતો અને એમની અપ્રદૂષિત જીવનશૈલીની પડછે પર્ણવી-આદિત્ય, જુલિયો-લ્યૂસી, આલ્બર્ટો, રોબર્ટો, કાજલ, રોમા અને મેરીનેલ્લા જેવાં પાત્રોના જીવન-અંશો આલેખે છે. કથાનાયિકા પર્ણવી, લેખિકાના મતે, પાત્ર નથી પણ સંવેદના છે. પર્ણવીએ જેવો ઝંખ્યો છે તેવો પ્રેમ એના પતિ આદિત્ય પાસેથી મળ્યો નથી. આ કારણે વ્યથિત એ, જાતને, પ્રેમને અને સંબંધોને સમજવા આદિત્યથી દૂર, એકલી જ પ્રવાસે નીકળે છે. ભ્રમણ નિમિત્તે વાલ-બાદિયાની ધાટી, વેનિસ, વિસુવિયસ અને પોમ્પાઈનાં ખંડેર જેવાં સ્થળો કથામાં વણાતાં જાય છે. આદિત્યથી દૂર હોવા છતાં પર્ણવીના મનમાં એવી હાજરી અખંડ અનુભવાય છે. પ્રિય વ્યક્તિ પ્રસન્ન રહે એવી ખેવના કરતી પર્ણવી પોતાની તૂટતી અપેક્ષાઓની પીડા પોતાની પાસે જ રાખે છે. જુલિયો ભૂતકાળમાં જીવે છે, અને પોતાના પ્રદેશનાં રહસ્યોમાં ઊંડો સરકી જાય છે. પર્ણવીને પણ એ ભૂતકાળના અંશ લેખે જ ચાહે છે, તો એની પ્રેમિકા લ્યૂસી શુદ્ધ વર્તમાનને ચાહે છે, અને છેવટે જુલિયોને છોડી, મહત્ત્વાકાંક્ષાઓને પોષવા જતી રહે છે. ટૂંકમાં પોતાની પાસે જ છે એને ચાહવાની વૃત્તિ ન હોવાથી આ બધાં પાત્રો વ્યગ્ર છે. નવલકથાનો આ પણ એક સૂર છે. જુલિયોના પ્રેમ-પ્રસ્તાવ વિશે વિચારતી પર્ણવી ભારતીય લગ્નસંસ્થાનો આ રીતે મહિમા કરે છે :

'ભારતીય સ્ત્રીને એના પતિને ચાહવામાં કેટલું સુખ મળે છે, એ બિચારો જુલિયો શી રીતે સમજી શકવાનો હતો ? અપેક્ષા વગર ચાહવામાં, કોઈને આજીવન સંપૂર્ણ સમર્પિત થઈને પોતાનું સ્વત્વ ઓગાળીને નિત્ય-નિરંતર એને ચાહતા રહેવામાં કેટલું સુખ મળે છે એ વાત બિચારો શું જાણે ! સાત ફેરામાં બાંધેલા સાત જનમનાં બંધન શી રીતે સમજાવું એને ? (પૃ. ૬૭)'

'અપેક્ષા વગર' ચાહવાની અવસ્થા પર્ણવીને પાછળથી, આદિત્યને મૂકીને આદરેલા પ્રવાસ દરમિયાન, લાધી હશે. બાકી આ સત્ય પહેલાં સમજાયું હોય તો પર્ણવીને અજંપો અનુભવવાનું કારણ ન હોય. પોતાને થયેલા કેન્સર અંગે પર્ણવી આદિત્યને કશું નથી કહેતી એને કથાની જરૂરિયાત તરીકે સ્વીકારી લઈએ પણ તો પછી પર્ણવીના આ

શબ્દો, 'આપણા સંબંધમાં એક પ્રકારનું કમિટમેન્ટ, એક પ્રતિબદ્ધતા હતી. આપણે એકબીજાને ચાહવું હતું એટલે ચાહતાં રહ્યાં.' (પૃ. ૬૫) નક્કર નહીં લાગે. આદિત્ય સૌંદર્ય અને આનંદનો ચાહક છે તેથી કૅન્સરગ્રસ્ત પર્ણવીની ખંડિત હયાતી એને નહીં ગમે એમ પર્ણવી માને છે. જો આ માન્યતામાં તથ્ય હોય તો 'સાત ફેરામાં બાંધેલા સાત જનમનાં બંધન'નું અને 'કમિટમેન્ટ'નું શું ?

છતાં કથાપ્રવાહનાં આવાં નાનાં નાનાં બિંદુઓને નજરઅંદાજ કરીએ, વિવિધ પાત્રો વચ્ચેના સંબંધોના તાણાવાણા ગૂંથવામાં લેખિકાની કુશળતા નોંધીએ, પણ પછી અટકવું પડે કથાભાષા પાસે. જે પરિચ્છેદો નિબંધમાં વાંચવાનું સંભવતઃ પસંદ પડે તે અહીં પાત્રોની સંવેદનાના આલેખનરૂપે આવે છે. પર્ણવીની ડાયરીનું લેખન અને (બે-ત્રણ પાત્રોને બાદ કરતાં) તમામ પાત્રોની વાણી એકસરખી અલંકૃત અને ચમત્કૃતિ-સભર. પાત્રોનાં નામ જો ખસેડી લઈએ તો લખાયેલું, કે બોલાયેલું, કલ્પનાની સમાન ઊંચાઈ પર જોવા મળે. આ મુદ્દો જરા વિગતે જોઈએ; વિવિધ પાત્રોની મદદથી.

— 'આ ઝબકારા તો આગિયાની પ્રેમની ભાષા છે. આંખો આંખોમાં ચમકીલા ઇશારાથી ચાલતી એમની પ્રણયગોષ્ઠી. (આલ્બર્ટો – પૃ. ૨)

— 'આ સાંજના રંગો તો ચંદ્રલોકને આંગણે ઊગેલાં પુષ્પો છે ! ને વાદળ તારાં પગલાં !' (જુલિયો - પૃ. ૫૪)

— '.... માંદલી રોશનીમાં ખરડાયેલો રસ્તો જરા ધૂંધળો થયો. અચાનક અસંખ્ય જીવડાં વૃક્ષોનાં પાંદડાંની છાયા છોડીને નગ્ન રોશનીમાં નાહવા ઊમટી આવ્યાં. (આદિત્ય – પૃ. ૪૯)

— પૂર્વના ઊંચા ઢોળાવ પર છવાયેલાં પાઈનની વનરાજી પર લહેરાતા આકાશમાં જ્યારે ન દિવસ હોય, ન રાત, એવામાં બીજનો ચંદ્ર ઊગે ને એની નીચે નાનકડી તારિકા ચમકી ઊઠે, ત્યારના સુરમાઈ અજવાસને કેનવાસ પર ઉતારીને જ આવીશ.' (લ્યૂસી – પૃ. ૧)

— રક્તની નદી હૃદયનો બંધ તોડીને વહી જવા માગે છે. બહાર મૂશળધાર વરસતો અંધકાર અચાનક રૂમની દીવાલોને ભેદીને અંદર ધસી આવે છે. એક ઘોડાપૂર જાણે પોતાની સમગ્ર તાકાતથી મને ઘસડીને પોતાનામાં ડુબાડી દે છે. (પર્ણવી – પૃ. ૭૨)

અતિઅલંકૃત અને સંવેદનપ્રચુર ભાષા જ્યારે કથાસાહિત્યમાં પ્રયોજાય ત્યારે જિવાતા જીવન સાથેનો એનો સંબંધ જોખમાય છે. ઊંડાં સંવેદનો માટે અલંકૃત ભાષા જ પ્રયોજવી એ આગ્રહ પ્રતીતિકરતાનો ભોગ લઈને જંપે. વળી અહીં રચનારીતિમાં પત્રોનો ઉપયોગ થયો છે. એક ઉદાહરણ લઈએ. કથાનું એક પાત્ર વિલી નાયિકા પર્ણવીને પત્ર લખે છે, અને એમાં બીજા એક પાત્ર જુલિયોની આત્મહત્યાના સમાચાર અપાયા છે. આ જુલિયોએ વિલીને જે કંઈ કહ્યું હતું તે અવતરણમાં મુકાયું છે. પત્રમાં આટલાં

લાંબાં અવતરણો કૃતિને નુકસાન પહોંચાડવાનાં, ખાસ તો જ્યારે એમાં વાસ્તવિક વિગતો ન હોય પણ કેવળ સંવેદનો હોય. અહીં ઠેર ઠેર એવાં ઉદ્ગારો છે જે મનોહર જણાય, અલંકૃત ભાષાનો ચાહક એના પ્રેમમાં પડી જાય, પણ સ્વતંત્ર રીતે એની વાચના આ પ્રકારના લેખનને પ્રકૃતિ-નિબંધનો અંશ બનાવી શકે, નવલકથાનો નહીં. (ઉદાહરણ માટે પૃ. પનો પરિચ્છેદ)

વાલ-બાદિયાનો રમણીય પરિવેશ, ચંદ્રલોકની રાજકુમારી, વેંતિયાઓના રાજા લોરીન અને એનો ગુલાબ-ઉદ્યાન, આદિવાસીઓનાં નૃત્યસંગીત, પોમ્પાઈના ખંડેરમાં થીજી ગયેલો ઇતિહાસ – આ બધું કથાનાં મુખ્ય પાત્રોની અલગ અલગ ઝંખનાઓને પ્રતિબિંબિત તો કરે છે, પરંતુ ‘આંખોના આયનામાં ઝળકેલાં પ્રતિબિંબ’ અને ‘સિગારના પોલાણમાં ધીમું સળગતી સ્ત્રી’ અને ‘કોઈની આંખોમાં તરવરતો રહી જનારો મારા હોવાનો મૃગજળી અહેસાસ’, અને ‘શ્વાસના અશ્વ હૃદયનો ભાર ખેંચતાં ખેંચતાં હાંફી રહ્યા છે,’ અને ‘ઘાસ પર ઝળહળતા આગિયા બધા કોણે બુઝાવી નાખઅયાં’, અને ‘તેજ થતા જતા શ્વાસના દોર પર પતંગ બનીને મનનું મહાલવું’, અને ‘જલતરંગની સ્વરલહરીની જેમ રોમરોમમાં પ્રસરી ગયેલો સ્પર્શ’, અને ‘ઘાસને નેજવે ઝૂલતા આગિયાની પ્રતીક્ષામાં સ્મૃતિ ટમટમવા લાગે’, અને ‘ટેરવેથી ખરી પડેલા છેલ્લા સ્પર્શની વચ્ચે વેરાયેલી મુલાયામ ક્ષણો’ અને... અને... અને આવી સર્વત્ર વેરાયેલી, પોતાના સૌંદર્યની તારસ્વરે જાહેરાત કરતી અભિવ્યક્તિ કથાને અવરોધે છે, જેમ અતિઅલંકૃત સુંદરીની ગતિ એણે ધારણ કરેલા બેનમૂન અલંકારો થકી જ અવરોધાય એમ.

માનવીય સંવેદનાની ઉત્કટતા પ્રગટ કરવા માટે વિશિષ્ટ પ્રકારની, ઝળહળતી અને કમનીય, અલંકારપ્રચુર ભાષા સર્જકને લગભગ પૂર્ણપણે આવરી લે તો કેવું પરિણામ આવે તેનું પ્રસ્તુત રચના એક ઉદાહરણ છે. સાદી અને સોંસરી અભિવ્યક્તિની જાણે નાનમ લાગતી હોય એવી અવસ્થા અહીં દેખાય. શૈલી વિશેનો આ વ્યામોહ છેવટે પુનરાવર્તન અને તેથી એકવિધતામાં સરી પડે છે. કથા અને પાત્રો એમની નીચેની ભોંય ગુમાવતાં જાય છે. વર્તમાન સાથે મેળ ન રાખી શકતા સંશોધક જુલિયો છેવટે આત્મહત્યા કરે છે. મોટી શક્યતા ધરાવતા આ પાત્રની કરુણાંતિકા ભાવકને હચમચાવી નાખે એવી હોય, એ સ્થિતિ કેમ પેદા નથી થતી ? પ્રેમની ઝંખના પર્ણવીને જે રીતે હંફાવે છે, અને અંતે કૅન્સરગ્રસ્ત આ સ્ત્રીને કેવાં સમાધાનો માટે પ્રેરે છે, એ સંકુલ મનોદશા કેમ અજંપ નથી બનાવતી ? સ્વીકારીએ કે પર્ણવી પાત્ર નથી, અને સંવેદના છે, તો એ સંવેદના ભાવકને આરપાર વીંધે એવું કેમ નથી થતું ? આ પાત્રો પૂરેપૂરાં ઊઘડતાં જ નથી, અને એનું મૂળ કારણ એમને વાયવ્ય બનાવી દેતી એમની ભાષા છે. જરૂર હતી થોડીક સજગતાની, અને થોડાં તટસ્થ નિરીક્ષણ-પરીક્ષણની.

□

# અવકાશ રચતી વાર્તાઓ | ઇલા નાયક

[**'અક્ષરબીજ'** (વાર્તાસંગ્રહ) : મેધા ગોપાલ ત્રિવેદી, પ્રકા. નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦૦૨, કિં. રૂ. ૧૫૦/-]

''અક્ષરબીજ'' સંગ્રહની વાર્તાઓ વાંચતાં કહી શકાય કે સાંપ્રત વાર્તાકારોમાં મેધા ગોપાલ ત્રિવેદી એક નોખો અવાજ છે, એક નોખી ચાલ છે. આ વાર્તાઓમાં સ્થૂળ ઘટનાઓનું ક્રમિક નિરૂપણ નથી કે એમાં સામાજિક, નૈતિક અભિગમથી થયેલું ચમત્કૃતિપૂર્ણ આલેખન નથી. અહીં કેન્દ્રસ્થાને ગ્રામજીવન કે નારીસંવેદના પણ નથી. અહીં તો વ્યક્તિચેતનાનાં જુદાં જુદાં પરિમાણો આકારિત થયાં છે. આ વાર્તાઓની આધારભૂમિ સમાજવિજ્ઞાન નહીં પણ મનોવિજ્ઞાન છે; આથી અહીં પ્રેમાવેગો, હતાશા, અપેક્ષાઓ, અપેક્ષાભંગ જેવા આવેગો અને મનનાં ઊર્મિ-સંવેદનોની ગતિવિધિઓ વાર્તારૂપ પામ્યાં છે. આમ છતાં સુરેશ જોષી કે કિશોર જાદવ ઘરાનાની વાર્તાઓની જેમ સમાજ તદ્દન અદૃશ્ય છે એમ નહીં કહી શકાય. હિન્દુ-મુસ્લિમનાં એકબીજા પ્રત્યેનાં બદલાતાં જતાં વૃત્તિવલણો કે કટ્ટરતા, ગામડાંઓમાં પણ મોબાઇલ જેવા આધુનિક ઉપકરણોની વધતી જતી પ્રતિષ્ઠા, પરદેશ ગયેલા ભારતીયોની મનઃસ્થિતિ જેવા સાંપ્રત વિષયોને પણ અહીં સ્થાન મળ્યું છે. આમ, આ કે તે ધારાનું સમર્થન કરતી આ રચનાઓ નથી. ચિત્તસ્થિતિ, રચનારીતિ અને કલ્પનાશીલ ભાષાના સંયોજનથી રચાયેલી આ વાર્તાઓમાં મુખ્યાર્થની સંકુલતા અનેક અર્થઘટનોની શક્યતા ઉઘાડી આપે છે. નીતિન મહેતા કહે છે તે પ્રમાણે ''આમ તો દરેક રચના પોતાનામાં કેટલાક અવકાશો સંગોપીને રચાતી હોય છે.'' ('નિરંતર' - પૃ. ૩૪) અહીં ભાવકને આવા અવકાશોનો સારો એવો અનુભવ થાય છે.

''અક્ષરબીજ'' શીર્ષકવાર્તામાં નાયકના ચેતન-અર્ધચેતન મનની ગતિ ચાલકબળ છે. મુક્ત સાહચર્ય અને ચેતનાપ્રવાહને આધારે રચાયેલી આ કૃતિમાં નાયકની પ્રતિફલિત ન થઈ શકતી, ઊંડે ધરબાયેલી, દમિત ઇચ્છાઓનું પ્ર. પુ. કથનકેન્દ્રથી નિરૂપણ થયું છે. નાયકની કલ્પનાસૃષ્ટિમાં મંદિરા સિવાય કોઈ ન હતું. મંદિરાએ એને કહ્યું હતું, ''હું જ તો છું તારી દ્રષ્ટા, તારી વાચાળતા, તારામાં પડી રહેલ અક્ષરબીજ.'' (પૃ. ૬) મંદિરાના મુખમાં મુકાયેલ આ શબ્દો કથામર્મ સૂચિત કરે છે. ''જો તું આંખો ખોલ, તારી કલ્પના અને વાસ્તવિકતા વચ્ચે ભેદ નથી. હજુ તારી સામે એ હાડપિંજર સાબૂત છે જેને તું શબ્દના લોહી-માંસથી ભરી દઈ શકે છે, એ પછી જાળવણી તારે કરવાની છે.... જો એમ થશે તો તું આનંદને સર્જી શકીશ, અને એ જ તારો નિજાનંદ બનશે.'' (પૃ. ૮) કલ્પના દ્વારા વિશિષ્ટ વાસ્તવ સર્જી કલાવાસ્તવનો અનુભવ કરાવી નિજાનંદ લેવાની વાત માર્મિક રીતે કહેવાઈ છે, વાર્તારચનાના લેખિકાના આશયની વ્યંજના પણ પ્રગટી છે. આ પછી નાયક નારણના સંઘર્ષની, નિરાશાની, આશાની વાત લખવાનો નિશ્ચય કરે છે અને મંદિરા નાયક માટે 'અક્ષરબીજ' બની રહે છે. કથાનાયકની વિક્ષિપ્ત ચેતનાની

કથા અને આંતરસ્તરે રહેલી સર્જનકથા આસ્વાદ્ય છે.

''ખાલીપો'' વાર્તાનો આરંભ ઍબસ્ટ્રેક્ટ નાટકના દશ્યથી કરી લેખિકા મૂળ વાત સાથે એનું અનુસંધાન રચે છે. પ્રીતિના શોખ અને પ્રવૃત્તિ પતિના શોખ-પ્રવૃત્તિ કરતાં તદ્દન જુદાં હોવાને કારણે તે ખાલીપો અનુભવે છે એનું ઇંગિત લેખિકા ઍબ્સ્ટ્રેક્ટ નાટકના દશ્યથી આપે છે. આ પછી પ્રીતિના પતિના મિત્ર પરમના પ્રવેશથી ખાલીપો ભરવાની એક અનોખી રીત રજૂ થઈ છે. પરમ મૃત પ્રિયતમાના શહેરમાં આવી એની ભીડમાં જીવતા માણસોના વ્યવહાર, એમના હાવભાવ વગેરે જોવામાં રસ દાખવે છે અને ગૌરીની ખાલીપો ભરવાની રમત તે સ્મરે છે. પરમ તો અવકાશમાંય ભીડ જુએ છે. ખાલીપણાની ભીડનું સંભારણું તે ગૌરી માટે લઈ જવા ઇચ્છે છે. મૃત પ્રિયતમાના શહેરમાં આવી ખાલીપો ભરવાનો પ્રયત્ન કરનાર પરમ પ્રીતિને અનોખો લાગે છે. ખાલીપો ભરવાની કાવ્યાત્મક રીત દ્વારા વાર્તાકારે પ્રીતિના મનોગતને ઉદ્દ્ઘાટિત કર્યું છે. સંવેદન અને ભાષાનું અદ્વૈત રચતી આ વાર્તાનો કરુણ ઊંડાણથી સ્પર્શી રહે છે.

''ફિશપકોડા'' વાર્તાનું શીર્ષક છેતરામણું છે. લેખિકાને ફિશપકોડાની વાત કહેવી નથી. હકીમચાચાને ત્યાં આવનાર મહેમાનો માટે આઈનું ફિશપકોડા બનાવવું, અકબરે બાલુને મોબાઇલ આપવો, આઈએ બનાવેલા ફિશપકોડાની થયેલી પ્રશંસા, બાલુ પાસે મોબાઇલ ન હોવાને કારણે મિત્રવર્તુળમાંથી એનું ફેંકાઈ જવું, અકબરે બાલુને મોબાઇલ ભેટ આપવો, અંતે મોબાઇલ પર ગેમ કેમ રમવી તે દર્શાવતો બાલુ – જેવા કથાતંતુઓ દ્વારા સમાજમાં મોબાઇલની વધતી જતી પ્રતિષ્ઠા અને આકર્ષણ તથા એ નિમિત્તે બાલુના મનોગતને વ્યક્ત કર્યું છે. અહીં બદલાતી જતી યંત્રસંસ્કૃતિની સુંદર ચિત્રણા થઈ છે.

''સંબંધ'' નીરજા, મનન અને સ્વરુના વિશિષ્ટ સંબંધની વાર્તા છે. નીરજા અને મનન એક ક્લબમાં મળ્યાં અને પ્રેમમાં પડ્યાં પણ મનનના કુટુંબ વિશે નીરજાને કશી જાણ ન હતી. તે જ્યારે મનનને પ્રશ્ન પૂછતી ત્યારે મનન જવાબ ટાળી દેતો. પોતે અનાથ હતો અને અનાથને ભૂતકાળ કેવો, એમ કહેતો. મનન જીપ ચલાવતાં ખાઈમાં પડી મૃત્યુ પામ્યો. આ પછી મનનની ડાયરીને આધારે નીરજા એક નાના ગામમાં આવી હતી. મનનની ડાયરીમાં સ્વરુનો ઉલ્લેખ વારંવાર થયો હતો. અહીં નીરજાને સ્વરુ જ આશ્રય આપે છે. તેમની વચ્ચે આ અનાથઆશ્રમની વાતો ચાલે છે. સ્વરુ કહે છે, ''અનાથઆશ્રમમાં પ્રસંગની માગ પ્રમાણે જે સમયે જે બનતું એ ઢાંચામાં સંબંધો ઢળી જતા હોય છે. ઘણી વાર મનન મારી માતા બની જતો અને હું એનો પિતા. એ જ રીતે ભાઈ, બહેન, મિત્ર.... આ લાગણીઓને તમારે જે નામ આપવું હોય તે.'' આ પછી સ્વરુ પર ટ્રસ્ટી લાલાજીએ કરેલા બળાત્કારની ઘટના, પલ્લવીનો જન્મ, મનનને હોસ્ટેલમાં ભણવા મૂકવો. લાલાજીએ સ્વરુને આશ્રમનો કારભાર સોંપવો વગેરે કથાતંતુઓથી કૃતિ ગૂંથાતી રહે છે. વાર્તાને અંતે નિરજા પોતાની સંપત્તિ આશ્રમમાં વહેંચે છે તેની વાત છે. આમ અહીં સંબંધોની વાસ્તવિકતા સામાજિક વાસ્તવિકતા સાથે અનુસંધિત થઈ

લાગણીના સંબંધોનું મહત્ત્વ સિદ્ધ કરે છે.

'વળાંકે' વાર્તામાં વયમાં આવેલી દીકરીને એક ગરીબ માતા પોતાનું શારીરિક શોષણ કરતા પુરુષથી કેવી રીતે બચાવે છે તેની કથા છે. અંતે ભાગીને રેવા નિર્મળનિકેતનમાં આશ્રય લે છે. સંસ્થાના વડા રેવાને સુશીલ નામના એક યુવાનને મળી લગ્ન અંગે વિચારવા જણાવે છે. સુશીલને જોતાં, મળતાં રેવાને અગાઉના પુરુષના અનુભવ કરતાં એકદમ જુદો જ સુંદર અનુભવ થાય છે અને તે જીવનમાં નવોનક્કોર સૂરજ ઊગ્યાનું અનુભવે છે. બધા પુરુષો કામી કે સ્ત્રીલોલુપ નથી હોતા એવી વ્યંજના વાર્તાકારના તટસ્થ દર્શનને સૂચિત કરે છે.

''અનુબંધ'' વાર્તામાં કથાનાયિકાના મુખે ફઈ અને ફિયાજીના અતૂટ પ્રેમસંબંધને આલેખ્યો છે. ફિયાજી પત્નીને બાળક ન થવાને કારણે માતાના ધમકીભર્યા દબાણને કારણે બીજી સ્ત્રી સાથે લગ્ન કરે છે. પણ ફઈ માટેનો ફિયાજીનો પ્રેમ અખંડ જ છે. ફઈ પિતાએ આપેલા મકાનમાં રહે છે; ત્યાં ફિયાજી રોજ આવે છે. બંનેની સંગીતસાધના ચાલે છે, ફિયાજી ફઈને સાઇકલ પર બેસાડી ફરવા લઈ જાય છે વગેરે પ્રસંગો દ્વારા ફિયાજી અને ફઈના દાંપત્યનું માધુર્ય વ્યક્ત થયું છે. અંતે ફિયાજીને લકવો થાય છે ત્યારે બીજી પત્ની તેમને ફઈ પાસે મૂકી જાય છે અને ફઈ તેમના મૃત્યુ પર્યંત સેવા કરે છે. આ પછી એક મહિનામાં જ ફઈનું મૃત્યુ થાય છે. મિશ્રાજી ફઈએ આપેલ દસ્તાવેજ અને એક કવર નાયિકાને આપે છે. અંતે નાયિકાની નજરે કરેલું ફઈના ઓરડાનું વર્ણન કરુણને સઘન બનાવે છે.

સંગ્રહની બે વાર્તા હિન્દુ-મુસ્લિમ વૈમનસ્યને આલેખે છે. ''ઍન્ટિક શોપ'' વાર્તામાં પ્રેમમાં પડેલાં હિન્દુ નાયિકા અને મુસ્લિમ નાયક લગ્ન કરી શકતાં નથી. એની કટ્ટરતા આલેખાઈ છે. પહેલાં બંને કોમ હળીમળીને એકબીજાના તહેવાર સાથે રહી ઊજવતા. આ પરિસ્થિતિમાં આજે પરિવર્તન આવ્યું છે. આ વિરોધી પરિસ્થિતિનું સુંદર નિરૂપણ થયું છે : ''મસ્જિદમાં પડતી પહેલી આજાન, ગામના મંદિરમાં થતો ઘંટારવ અને રસ્તાની ચહલ-પહલ વહેલી સવારના થોડા સમય માટે એકસાથે શ્વસતાં અને હવા સુરીલો ઝંકાર પેદા કરતી... પરંતુ હમણાંની હવા બદલાયેલી લાગતી હતી. નસીમ હવે કોમ, પ્રાંત, જાત, આતંક, બૉમ્બ જેવા શબ્દો સાંભળે છે, જેનો અર્થ તેને સમજાતો નથી. વાની અને બિલાવલ કોમી હુલ્લડમાં હોમાઈ જાય છે. કોઈ પણ પ્રકારના આક્રોશ વિના પૂરા તાટસ્થ્યથી રચાયેલી આ વ્યંજનાસભર કથા સ્પર્શી રહે છે.

મોટા ભાગની રચનાઓમાં પ્રેમના કરુણ-મધુર સૂર રેલાયા છે, એમાં 'અમથો' વાર્તા હાસ્યની સરવાણી વહાવે છે. સંગ્રહની કળાત્મક વાર્તાઓમાં આ રચના આગવી ભાત પાડે છે. મનુષ્યસ્વભાવનું ઝીણું નિરીક્ષણ હોય તેને જ આવો વિષય સૂઝે. કથાનાયક મહેન્દ્ર નખશિખ વ્યવસ્થિત માણસ. ઘરમાં બધું જ ચોખ્ખું ચણાક રાખે. ક્યાંય ગંદકી જુએ કે એ બેચેન બની જાય. એના જીવનમાં એક એવી ઘટના બને છે કે એની નિયમિતતા

અને સ્વચ્છતાનો કચ્ચરઘાણ વળી જાય છે. એના દૂરનાં કાકા-કાકી છ મહિના માટે અમેરિકા જવાનાં હતાં તે એમનો કૂતરો અમથો મહેન્દ્રને સોંપે છે. આ પછી અમથા સાથેના મહેન્દ્રના જીવનના પ્રસંગો હળવી ચાલે ગૂંથાતા રહે છે. અમથાના આવ્યા પછી ઘરગથ્થુ ગૃહિણીને પણ શરમાવે એવા મહેન્દ્રના સ્વચ્છ ઘરના રૂપરંગ જ બદલાઈ જાય છે. તે સોફા પર બેસી જાય, ઘરમાં ગમે ત્યાં ટોપલેટ કરે, કાર્પેટ સાથે રમે. મહેન્દ્રએ શ્વાન મટિરિયલ ભેગાં કરી એના પર અજમાવ્યાં, પણ વ્યર્થ. ''અમથો કંઈ નામનો અમથો'' થોડો હતો ? મહેન્દ્ર એક દિવસ અમથાને લઈને ફરવા નીકળ્યો હતો ત્યાં એક વીસેક વર્ષની છોકરી પારણે વહાલું લાગે એવા પામેરિયન કુરકુરિયાને લઈને ફરવા નીકળેલી. એની માલકણે એને સુંદર કપડાં પહેરાવી શણગાર્યું હતું. ધીમે ધીમે મહેન્દ્ર અને લીલી તથા અમથો અને સ્વીટીની દોસ્તી ગાઢ બને છે. અંતે મહેન્દ્ર અને લીલી તથા અમથો અને સ્વીટી કેવાં એક થયાં તેનું દૃશ્યાત્મક ચિત્ર સરસ આલેખાયું છે : ''તો ચાલો, મહેન્દ્રના સુખી સંસારમાં એક ડોકિયું કરીએ. આ ટીવી ઓન કરી લાંબો થઈને બેઠો છે તે મહેન્દ્ર, એની બાજુમાં એની પત્ની લીલી અને તેના ખોળામાં બેઠી છે તે સ્વીટી, અને સ્વીટીની જોડાજોડ બેઠેલો ચૂંચી આંખે સ્વીટલી સ્વીટીને જોઈ લેતો અમથો...'' કૅમેરાએ ક્લિક કરેલા દૃશ્યને પણ આંબી જાય એવું આ ચિત્ર ઘણું ઘણું કહે પણ છે. ભાષા તથા રચનારીતિના સંયોગથી થયેલું વાસ્તવરૂપાંતર આસ્વાદ્ય છે.

આ સિવાયની 'વહેમલીલો', 'ઇમિગ્રાન્ટ' અને ''વિશાખા'' જેવી વાર્તાઓમાં પત્ની તરફની પતિની શંકા પરદેશ વસતાં ભારતીયજનોની મનઃસ્થિતિ, મંદબુદ્ધિની બાળકીને ઉછેરતી માનો સંઘર્ષ જેવા વિષયોની માવજત પણ સારી થઈ છે. 'ત્રીજનો ચન્દ્ર', 'અપેક્ષા' અને 'આવેગ' વાર્તાઓમાં પ્રેમસંવેદનની જુદી જુદી તરાહો અંકિત થઈ છે. આ બધાંમાં 'દરમિયાન' વાર્તા ધ્યાનપાત્ર બની છે. એમાં પરદેશ અભ્યાસ કરવા ગયેલી શ્વેતાની પીટર સાથેની મૈત્રી પ્રેમમાં પરિણમે છે એની વાત છે. ભારતીય સમાજ અને સંસ્કૃતિનો અભ્યાસ કરતો પીટર શ્વેતાની કટોકટીની ક્ષણોમાં જે રીતે મદદ કરે છે અને શ્વેતા સાથે ભારત આવી એના કુટુંબ સાથે ભળી જાય છે એની કથા પ્રેમનો અર્થ અને ભારતીય સંસ્કૃતિની મહત્તા પ્રગટ કરે છે.

આમ, આ વાર્તાઓમાં સ્થૂળ પ્રસંગોનો નહિવત્ આધાર લઈને પાત્રની ભાવસ્થિતિ અને સંવેદનની જુદી જુદી મુદ્રાઓ ઉપસાવવા ભાષાનો કલ્પનાશીલ વિનિયોગ નોંધપાત્ર બન્યો છે. અહીં વાસ્તવને સીધેસીધું પ્રગટ કરતી ભાષા નથી પણ કલ્પન પ્રતીક, અલંકારના સંયોજનથી સંવેદન જાગ્રત કરતી કાવ્યાત્મક ભાષા છે. વાર્તાકારની ભાષાસજ્જતાનો પરિચય દરેક વાર્તામાં જોવા મળે છે. 'અક્ષરબીજ' વાર્તામાં પ્રતીકાત્મક અને લયાત્મક ગદ્ય પ્રયોજાયું છે. આ વાર્તાનો આરંભ આકાશના વર્ણનથી થયો છે જે નાયકના પ્રેમને સૂચિત કરે છે : ''આકાશે કેવું છે નહીં, કોઈકની પ્રતીક્ષા હોય તેમ જોજનો સુધી કોરું કટ. એનેય ઝંખના હશે ક્યારેક એના પર કોઈ એનું મન ચીતરે,

પહેલા પ્રેમની કવિતા માંડે, સમજનું શાણપણ ઘોળે. કેટલી આશ હશે.'' (પૃ. ૧) આનાથી જુદી જ તરેહ ''ખાલીપો'' વાર્તાના ગદ્યની છે. અહીં નાટ્યભાષા પ્રયોજાઈ છે. સંવાદો નહિવત્ છે છતાં વાર્તાકાર કથન-વર્ણનથી દશ્યાત્મકતા ઊભી કરી શક્યા છે. ''ફિશપકોડા'' વાર્તામાં ભાષા કથનાત્મક સ્તરે વિનિયોજાઈ છે, તો 'સંબંધ' વાર્તામાં કલ્પનાશીલ ગદ્ય રચાયું છે. અત્યંત ઝીણવટભરી દષ્ટિએ ભાષાપ્રયોગ થયો છે. જેમ કે, ''દૂર ધૂંધળાં થતાં દશ્યો હવે ઓઝલ થવાની અણી પર ટીપાંની જેમ બાઝ્યાં. રાહ જોઉ છું હું આ ટીપાંઓને જમીન પર રેલાવાની.'' (પૃ. ૨૮) 'વળાંકે' વાર્તામાં કામી પુરુષ અને પ્રેમી પુરુષનો તફાવત વાર્તાકારે કેવા ભાષાપ્રયોગ દ્વારા કર્યો છે તે જુઓ : ''આવતો કાળી ટોપી, શ્વેત ચોખ્ખાં કપડાં અને વીંધેલા કાનમાં કથ્થાઈ નંગ પહેરીને. આંખો જેવું તો કશું હતું જ નહીં. બે મોટી તગતગતી કીકીઓમાં ક્યાંક ઊતરવાની વેતરણમાં પથ્થરોની કરાડો પર ઊંચી ડોકે રાહ જોતાં ગીધનું ઘેન ઘોળાતું રહેતું.'' (પૃ. ૪૧) પ્રેમી પુરુષને આ રીતે આલેખે છે : ''ફરક એટલો હતો કે કીકીઓની જગ્યાએ આંખો હતી, સાફ અને નિર્મળ જેમાં ભવિષ્યનાં ચાંદરણાં પડતાં હતાં.'' (પૃ. ૪૭) ''ઍન્ટિક શોપ'' વાર્તામાં નિષ્ફળ પ્રેમસંવેદન આ રીતે વ્યક્ત થયું છે : ''એ મુલાયમ ક્ષણોમાં મેં તારી કહ્યા વિનાની વાતોનાં રહસ્યો, તારું ખુલ્લા દિલનું હાસ્ય અને તેં છુપાવી રાખેલું રુદન સાચવીને ઝાકળમાં આખું આકાશ સમાઈ જાય તેમ સમાવ્યું હતું.'' (પૃ. ૬૩) સીધી સાદી વ્યવહારભાષાનાં વાક્યો સહેજ તિર્યકતાથી પ્રયોજી એનો ધ્વનિ કેવો બદલાઈ જાય છે તેનાં દષ્ટાંતો ''અમથો'' વાર્તામાં ઘણાં મળે છે. જેમ કે, ''તો આમ ચોખ્ખાઈનો આ ચકલો ચઢી બેઠો કાકાના ઘર તરફ જતી બસમાં.'' (પૃ. ૧૦૩) ''પરંતુ અમથો કંઈ એમ જ અમથો ન હતો.'' (પૃ. ૧૦૫), ''ઘરને નિજી ટૉઇલેટ સમજી મહેન્દ્રની પરફેક્ટ કાળજીના પુરાવા જ્યાં ને ત્યાં છોડ્યા હોય. મહેન્દ્ર ટેવવશ ઘડીકમાં અમથાને જુએ અને ઘડીકમાં અમથાએ એના ઘર સાથે આચરેલા હિંતાત્મક અત્યાચારને.'' (પૃ. ૧૧૦) આ વાર્તાઓની ભાષા અંગે બીજો એક લેખ તૈયાર થઈ શકે એવું સામર્થ્ય એમાં રહેલું છે. વાર્તાભાષા વાચકને સાહિત્યિક આનંદ આપે છે એ સાથે કૃતિની અંદર રહેલી કૃતિ સુધી જવાનો માર્ગ પણ કરી આપે છે. ટૂંકમાં, આ વાર્તાઓમાં વિવિધ રચનાપ્રવિધિઓ દ્વારા વાસ્તવનાં એકાધિક અર્થઘટનો થઈ શકે એવું રૂપાંતર વાચકને સક્રિય કરે છે એ જ વાર્તાકારની સિદ્ધિ છે.

□

## એકવીસમી સદીનાં અનોખાં બાળ-કિશોરનાટકો | નટવર પટેલ

[**'ચાલો, રમીએ નાટક'** : સંપાદક : વર્ષા અડાલજા, પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯, ડિમાઈ પૃષ્ઠ : ૮+૧૬૦, કિં. : રૂ. ૧૪૦/-]

આજકાલ બાળ-કિશોરસાહિત્યમાં કાવ્યો અને વાર્તાઓનું ખેડાણ ખૂબ થાય છે,

પરંતુ બાળ-કિશોર નાટકો ખાસ લખાતાં નથી ત્યારે આ ગુજરાતી સા. પરિષદ દ્વારા 'ચાલો, રમીએ નાટક'નું સંપાદિત પુસ્તક પ્રગટ થાય એનો હરખ એક બાળસાહિત્યકાર તરીકે જેટલો કરું એટલો ઓછો છે. હું એને હૃદયના ઉંબરેથી ઉમળકાના ચોખાથી વધાવું છું.

એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ દ્વારા ૨૦૦૩થી જે કેટલીક સાહિત્યિક પ્રવૃત્તિઓ થઈ રહી છે, એમાં બે વાર બાળસાહિત્યને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિ થઈ છે. ૨૦૧૦માં બાળસાહિત્ય-લેખનસ્પર્ધા યોજાઈ હતી અને ૨૦૧૩માં બાળકિશોર-નાટ્યલેખનસ્પર્ધા.

આ સંગ્રહમાં ૨૦ નાનીમોટી નાટ્યકૃતિઓ સમાવિષ્ટ છે, જે દરેકના કર્તા અલગ અલગ છે. વીસ લેખિકાઓ તરફથી ૨૦ નાટ્યકૃતિઓ એક સાથે મળે એ ઓછા આનંદની વાત નથી.

અહીં 'અમિતાભ બચ્ચન'થી લઈ 'સપનાંઓની ધીંગામસ્તી' સુધીની સફરમાં વિવિધતાસભર સ્ટેશનો આવે છે. અહીં વિષયોનું વૈવિધ્ય ધ્યાન ખેંચે એવું છે. લબ્ધ-પ્રતિષ્ઠિત સાહિત્યકાર સુરેશ જોષીની એક નવલિકા પરથી નાટ્યરૂપાંતર 'થીંગડું' નામની નાટિકા સિવાય બાકીની ૧૯ કૃતિઓ મૌલિક છે. અલબત્ત 'થીંગડું'માં પણ મૌલિકતાની છાંટ વર્તાય છે. વર્તમાન પ્રવાહોને આ નાટિકાઓમાં વણી લેવામાં આવ્યા છે. બાળકો તથા કિશોરોની મૂંઝવણો, વાલીની સમસ્યાઓ વગેરેને આ નાટિકાઓ વાચા આપે છે. અહીં બાળકના 'કિડનૅપિંગ' સમસ્યા છે, તો 'દીવા' નામની નાટિકામાં સુરત શહેરમાં બનેલી વાસ્તવિક ઘટનાનું નિરૂપણ છે. 'શિક્ષા' નાટિકાની આસ્થા વ્યસ્ત ટાઇમ ટેબલથી ત્રસ્ત છે, તો રૂપલીના સુંદર રિઝલ્ટથી સુખી ઘરની મોના નામની કિશોરી બેચેન છે. નવી પેઢી આજકાલ કમ્પ્યૂટર, ચેટિંગ, આઈપૉડ, ફેસબુક, આઈપૅડ, ટ્વિટર વગેરેમાં અટવાઈ છે અને તેને લીધે જન્મતા આ યુગના નવા પ્રશ્નો અહીં કેટલીક નાટિકાઓમાં સુંદર રીતે ઝિલાયા છે. મોટા ભાગની કૃતિઓમાં આધુનિક શહેરી જીવન ધબકતું જણાય છે તેમ છતાં કેટલીક નાટિકાઓ માનવેતર પાત્રસૃષ્ટિનીય વાત કરે છે. જેમ કે લીના ત્રિવેદીકૃત 'કીડી લોકનું રક્ષણ' તથા નયના મહેતાકૃત 'વડની વર્ષગાંઠ' આ પ્રકારની કૃતિઓ છે. તો વળી ઊર્મિ પંડિત રચિત 'અમિતાભ બચ્ચન' નાટિકામાં વિશિષ્ટ પાત્ર ચાડિયાનું નિરૂપણ સુંદર થયું છે. અહીં અમિતાભની ફિલ્મોની ગીતની કેટલીક પંક્તિઓ સહજ રીતે પ્રસંગને અનુરૂપ મુકાઈ છે.

વનલતા મહેતા તરફથી ગુજરાતી બાળસાહિત્યને ઘણી સારી નાટિકાઓ આ અગાઉ મળી છે. અહીં એમની કૃતિ 'એક તક આપો' એ સ્કાઉટના કૅમ્પ ફાયર દ્વારા ચોર શોધવાની નવી ટેકનિક દ્વારા રજૂ થઈ છે. અહીં માનસશાસ્ત્રીય પદ્ધતિથી વિદ્યાર્થી અશોક ચોરને કેવી રીતે પકડે છે. તે જોવાની મજા પડે એવી નાટિકા છે. છેવટે આચાર્યશ્રી આગળ ચોર 'મને સુધરવાની એક તક આપો' કહે છે ને માફી મેળવે છે.

જે નાટિકાના શીર્ષક પરથી આ સંગ્રહને નામ અપાયું છે તે પ્રજ્ઞા પટેલકૃત 'ચાલો, રમીએ નાટક' એક સારું નાટક બન્યું છે. અહીં ટીચર બાળકોને જાતે નાટક તૈયાર કરવા પ્રોત્સાહન આપે છે. બાળકો જ મમ્મી, પપ્પા, ટીચર, વિદ્યાર્થી સમાજ વગેરેનાં પાત્રો ભજવે છે, પ્રશ્નો રજૂ કરે છે વિદ્યાર્થીના મુખમાં મુકાયેલ સંવાદ બાળમાનસનું પ્રતિનિધિત્વ કરે તેવો છે. તે સંવાદ છે :

અક્ષર : આજ તકલીફ. બધી વાતોમાં પીસાવાનું અમારે. મમ્મી-પપ્પા ઝઘડે, એમની વચ્ચે મતભેદ હોય, સહન કરવાનું અમારે. શિક્ષક-શાળા વચ્ચે મમ્મી-પપ્પા વચ્ચેય સહન કરવાનું અમારે. અમે કંઈ શટલકોક નથી.

તો વર્ષા તન્નારચિત 'તીરથ આપણા સહુનો' નાટક તાજેતરની ઉત્તરાખંડની હોનારતની ઘટનાની પશ્ચાદ્ ભૂ પર રચાયેલ છે. માબાપને એ હોનારતમાં ગુમાવી બેઠેલ તીરથ અવાક્ બની જાય છે. તેનું વર્તન ઍબનૉર્મલ બનાવે છે. અહીં નાટકમાં ગતિ છે, સંવાદો સહજ છે. અહીં ક્યાંક ક્યાંક પાત્રનું નામ અને સંવાદ ભેગાં થઈ ગયાં છે, પાત્રનાં નામ ખસીને સંવાદમાં જતાં રહ્યાં છે. રંગસૂચનના કૌંસ પણ ક્યાંક છૂટી ગયા છે.

બધી જ નાટિકાઓ વિશે વિગતે વાત કરવાનો અત્રે અવકાશ નથી. છતાં જે કંઈ ધ્યાનાકર્ષક છે તેની વાત તો કરવી જ રહી.

શકુંતલા પારેખરચિત 'નાના તણખાનો દાવાનળ' નાટિકામાં બાળમજૂરીની સમસ્યાની વાત છે. અહીં સૂત્રધારનું પાત્ર છે, જે વચ્ચેનાં દૃશ્યોને એકબીજા સાથે સાંકળે છે. શરૂઆતમાં કોરસ દ્વારા ગળાતું ગીત અને તે પછી ફિલ્મી ઢાળે ગળાતું ગીત ન ચુકાયું હોત તોપણ ચાલે એમ છે. તેના લીધે નાટકનું રહસ્યોદ્ઘાટન થઈ જાય છે. નાટકમાં પાત્રોના સંવાદ દ્વારા, ઘટનાના નિરૂપણ દ્વારા જો કોઈ વાત કહી શકાતી હોય તો તેને આમ નાટકના આરંભમાં કહી દેવાની શી જરૂર ?

આજકાલ વિભક્ત થતા જતા પરિવારમાં દાદા-દાદીનું સ્થાન ક્યાંક 'ઘરડાઘર'માં તો ક્યાંક અલગ ઘરમાં જોવા મળે છે ત્યારે વિભૂતિ દેસાઈનું 'મધર્સ ડે' નાટક એ સમસ્યા પર પ્રકાશ પાડે છે. અહીં પ્રેરક અને ધૈર્યા ગાંધીચીંધ્યા માર્ગે ઉપવાસ કરી દાદીને ફરી ઘરે બોલાવી લાવી સારી રીતે 'મધર્સ ડે' ઊજવે છે.

આજકાલ મોબાઇલનો ઉપયોગ વધી ગયો છે. બાળકોમાં પણ એનો ક્રેઝ જેવોતેવો નથી. એના વધુ પડતા ઉપયોગથી કે દુરુપયોગથી ટીનએજર્સ પર એની કેવી માઠી અસર થાય છે તે વાત કામિની મહેતા 'રામાયણ ઘર-ઘરની' નાટિકામાં કરે છે. અહીં મોબાઇલમાં જે ક્વિઝ જેવા SMS આવે છે તે સંવાદો બુદ્ધિપ્રેરક છે. જેમ કે '5 F ON A H' તેનો ઉત્તર છે ફાઇવ ફિંગર ઓન અ હેંડ.' આ પણ જુઓ : 64 s ON ACB અર્થાત્ 64 સ્ક્વેઅર ઑન એ ચેસબોર્ડ'

વિદ્યુલ્લતા ભટ્ટકૃત 'રૂપલીનું રિઝલ્ટ' નાટકમાં છેવટે મોનાના સ્વભાવમાં પરિવર્તન આવે છે. અહીં સ્વપ્નવાળું દૃશ્ય સારું બન્યું છે. નાટકના સંવાદો પણ વાસ્તવિક રીતે

પ્રયોજાયા છે. તો વળી ગીતા ત્રિવેદીકૃત 'શિક્ષા' નાટિકા વાલીમિત્રો સાવધ કરતી નાટિકા છે. માબાપ પોતાના બાળક પાસે વધારે પડતી અપેક્ષાઓ રાખે છે. ને એમાંથી જન્મે છે સમસ્યાઓ. અહીં ૮મા ધોરણમાં ભણતી આસ્થાનું આખા દિવસનું સમયપત્રક ભરચક રહે છે. તે એક દિવસ તે સ્કૂલેથી પરિણામ લેવા ગયેલી ઘેર જવાને બદલે બગીચામાં જઈ ચડે છે. આ તરફ ઘરે ચિંતા કરતી તેની મમ્મીના હાથમાં આસ્થાની ડાયરી આવે છે. તે વાંચતા આસ્થાની મનોદશાનો ખ્યાલ આવે છે ને વાસ્તવિકતા છતી થાય છે. બગીચામાંથી બહાર નીકળતાં ત્રણ ટપોરી જેવા છોકરા તેનો પીછો કરે છે ત્યારે આસ્થા કે જે કરાટેના દાવ જાણે છે, ને તે દાવ એ અજમાવી તેમના સકંજામાંથી છૂટી દોડતી ઘરે પહોંચે છે, ત્યારે માતા એને ભેટીને કહે છે : આઈ એમ સૉરી બેટા, આજથી તારા માટે કોઈ ટાઇમટેબલ નહીં.' નાટક અહીં પૂરું થાય છે. તે પછીના નલિનીનાં ચાર વાક્યો અર્થહીન છે, જરૂરી નથી.

નીતા જોશીના 'સપનાંઓની ધીંગામસ્તી'માં બાળકો પોતાનાં સપનાં રજૂ કરે છે. તો માલિની શાસ્ત્રીના 'મારે ભણવું છે' નાટકમાં મુખ્ય વાત ભણીગણીને કંઈક બનવાની છે. ખાસ કરીને ગામડામાં માબાપ દીકરીને ભણાવતાં નથી. અહીં ભણવામાં હોશિયાર દીકરી જયશ્રીને એનાં માબાપ ભણાવવા ઇચ્છતાં નથી. ત્યારે ડૉ. કામિનીનું ઉદાહરણ આગળ ધરી પ્રોફેસર જયશ્રીનાં માબાપને એ માટે તૈયાર કરે છે. અહીં નાટકમાં અન્ય પ્રસંગોનુંય નિરૂપણ છે, જે ન હોત તો પણ ચાલત.

આ સંગ્રહમાં પર્યાવરણ અંગેની જાગૃતિ (અવરનેસ) અંગેનું પણ એક નાટક છે. ભાવના હેમંત વકીલનાકૃત 'પર્યાવરણના રંગ દોસ્તોની સંગ' નાટકમાં લેખિકા બાળકો દ્વારા પર્યાવરણની જાળવણી, પેટ્રોલની બચત, પ્રાણીઓની માવજત વગેરેની વાત કરે છે. છેલ્લે ચેતન નામનો છોકરો સિગારેટ પીતો પ્રવેશે છે. એ દૃશ્ય પ્રતીકાત્મક રીતે ગોઠવાયું હોત, તો વધારે સારું રહેત.

આ સંગ્રહની નાટિકાઓના વિષયો સાંપ્રત સમાજ-આધારિત છે, તેથી એમાં નાવીન્ય જોવા મળે છે. બધી જ નાટિકાઓ સ્ટેજ પર બાળકો દ્વારા રજૂ કરી શકાય એવી છે. લેખિકાઓમાં નવી ટેક્‌નિક પ્રત્યેની સભાનતા અહીં જોવા મળે છે. અહીં હાસ્ય તથા કરુણ ઘટનાઓનું પણ નિરૂપણ જોવા મળે છે. આ નાટિકાઓ બાળકોના ચિત્તપ્રદેશને અનાવૃત્ત કરતી ઘટનાઓ નિરૂપે છે. ક્યાંક પાત્રો તીવ્ર પ્રતિક્રિયા પણ દર્શાવે છે. સંવાદોમાં બાળમાનસનું તાદૃશ આલેખન જોવા મળે છે. આ નાટિકાઓ પરી, રાક્ષસ, જાદુગર જેવાં માનવેતર પાત્રોથી મુક્ત બની છે. હા 'બાપુની કમાલ' (લેખિકા : પ્રીતિ જરીવાલા)માં ગાંધી બાપુનું પાત્ર આવે છે જે બાળક રોહનને ભારતની આઝાદીનો ઇતિહાસ શીખવી જાય છે.

કેટલીક લેખિકાઓ માટે આ નાટક પ્રથમ પ્રયાસ પણ હોઈ શકે છે. વનલતાબહેન, માલિનીબહેન, પ્રજ્ઞાબહેન કે ભાવનાબહેન – કે જેમનાં બાળકિશોરવિષયક નાટકોનાં

પુસ્તકો બહાર પડ્યાં છે, એમની કૃતિઓ સરસ હોય એ અપેક્ષા રહે જ. તદ્ઉપરાંત મોટા ભાગની લેખિકાઓની આ કૃતિઓ સરસ બની છે. છતાં હજી સઘન કામ થઈ શક્યું હોત. અહીં સંવાદો ક્યાંક-ક્યાંક ગુજરાતી-અંગ્રેજીમિશ્રિત છે તો ક્યાંક આખેઆખા સંવાદ અંગ્રેજીમાં છે – જે આજની અંગ્રેજી માધ્યમની શાળાઓનો પ્રભાવ દર્શાવે છે. ક્યાંક રંગસૂચનો યોગ્ય રીતે મુકાયાં નથી તો ક્યાંક બિનજરૂરી વર્ણનાત્મક સૂચનો પણ છે. તો વળી ક્યાંક હકીકતદોષ જોવા મળે છે જેમ કે –

'ચારચોકડી'માં દર્શાવ્યું છે કે શિક્ષકદિન નિમિત્તે શાળામાં રજા છે પરંતુ આ દિવસે શાળામાં રજા હોતી નથી. આ દિવસે બાળકો દ્વારા સ્વયંશિક્ષણદિન ઊજવાય છે. એવું જ 'વડની વર્ષગાંઠ'માં એક સંવાદમાં જણાવાયું છે કે 'વડ રાત્રે પણ ઑક્સિજન છૂટો પાડે છે' આ વૈજ્ઞાનિક સત્ય નથી. રાત્રે દરેક વનસ્પતિ શ્વસનક્રિયા જ કરે ને ઉચ્છ્‌વાસમાં કાર્બન ડાયૉકસાઇડ વાયુ જ મુક્ત કરે. ક્યાંક સંવાદો વધુ પડતા લાંબા જોવા મળે છે. ક્યાંક માત્ર સંવાદો જ છે ને ઘટના ઓછી. નાટકમાં ગતિ ત્યારે જ આવે કે એમાં કાર્ય (Action) હોય. તો વળી ક્યાંક જોડણીદોષ પણ જોવા મળે છે.

બધી નાટિકાઓ પછી છેલ્લે કર્તાઓનાં સરનામાં મૂક્યાં હોત તો આ નાટિકાની ભજવણી સમયે જે-તે સંસ્થા કે ભજવનાર મંડળી લેખિકાની પૂર્વમંજૂરી મેળવી શકત. આ સંગ્રહ ગુજરાતી બાળસાહિત્યમાં - ખાસ કરીને નાટ્યક્ષેત્રે નવી આશાઓ જન્માવે છે. આ દિશામાં હજી વધારે કામ થવું જોઈએ એવું મને લાગે છે.

□

## કવિની અંદર અંદર 'તેજ લિસોટા ત્રાડ' અહો ! કેવું આશ્ચર્યમ્ | રમેશ પટેલ

[**'તેજ લિસોટા ત્રાડ'** (અછાંદસ કાવ્યસંગ્રહ) : ડૉ. કિશોરસિંહ સોલંકી, ઇમેજ પ્રકાશન, ૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨, પ્ર. આ. ૨૦૦૯, પૃ. ૬૦, કિં. રૂ. ૫૦/-]

કવિ શ્રી કિશોરસિંહ સોલંકીના કાવ્યસંગ્રહો છે : વિન્યાસ (૧૯૮૧), કારણ (૧૯૮૯), પ્રેમાક્ષર (૧૯૯૫), અજાણ્યો ટાપુ (૧૯૯૭), મનસાને મેળે (૧૯૯૮) અને આ 'તેજલિસોટા ત્રાડ' (૨૦૦૯) એ છઠ્ઠો કાવ્યસંગ્રહ છે.

કવિની ત્વચાનું પડ હળની અણીએથી છેદાઈ ભીતર અંદર-અંદર માટીની મ્હેક, મોરલાની ગ્હેક, દૂધમલ ડૂંડાં, લીલુંછમ ઘાસ ઊગી નીકળે છે ! કવિએ ''બબડાટ'' નામે ધ્યાનાર્હ લઘુકાવ્ય લખ્યું છે :

**એક ખેડૂત**
**પોતાના ખેતરમાં**
**ઊભો રહી**
**આકાશ સામે**

**જોતાં જોતાં બબડે છે :**
**'હે ભગવાન**
**તારે કેવડું મોટું ખેતર !**
**ને**
**મારે બે વીઘા જમીન ?''**

કવિશ્રી (ડૉ.) કિશોરસિંહ સોલંકીના 'તેજ લિસોટા ત્રાડ' સંગ્રહમાં કુલ ૪૨ અછાંદસ કવિતાઓ છે. 'અરવલ્લી' વિષયક ચાર કાવ્યોમાં કવિનું કવિકર્મ ભાવકને ભાવી જાય તેવું છે. કવિને મન અરવલ્લી 'યુગપુરુષ' છે. અરવલ્લીના ખડકોથી કવિનું મન છલોછલ છે, તન થાકેલું છે, ભીતર ખળખળ ચેતન વહી જાય છે. શિલાઓના હોઠો પર મેઘનો નાદ આનંદોત્સવ બની આર્યસંસ્કૃતિનાં મોજાં સાગર બની છલકાય છે. એની જટામાં આકાશગંગાનું વહેણ ધવલતા વહાવી રહ્યું છે ! અરવલ્લીનાં શિખરોની ટોચ પર તારાઓનો પ્રકાશ વિશ્રામ કરતા કવિ અનુભવે છે. શિલાઓમાં વહેતી ચેતના જોડે કવિ ઓગળ્યા છે; અરવલ્લીનાં મૂળ તાગવા રઝળ્યા પણ છે !

કવિએ રહેણી-કરણી અને કર્મ-ધર્મનું લીલુંછમ લોહી અંદર ધબકાવ્યું છે. આરાસુરના આંગણે આવી આસ્થાની સરવાણીમાં ઝબકોળાયા છે. આકાશની થાળીમાંથી તારાઓના ધવલ ફૂલડાં કવિ પર વેરાઈને વધાવી રહ્યા – સત્કારી રહ્યા છે ! કવિને 'અરવલ્લી'નો આ રીતે પરિચય સાંપડે છે :

**''ઋષિઓની આ તપોભૂમિમાં**
**યુગોથી વહેતું**
**કોઈ અલૌકિક ઝરણું**
**ધીમે ધીમે**
**મારી અંદરના રણમાં સમાઈ રહ્યું છે**
**મારો નાળ એની સાથે બંધાઈ રહ્યો છે**
**– એ કોણ છે ?**
**હું અરવલ્લીનો પરિચય**
**પામી ચૂક્યો છું !''**

કવિશ્રીએ 'અરવલ્લી'ને પોતાના મનનો સઘળો ભાર સોંપી દીધો છે. કવિની અંદરની વાતો વૃક્ષોનાં લીલાં પર્ણો કે લાલઘૂમ કેસૂડો બની લ્હેરાવા લાગે છે. 'અરવલ્લી' પર્વત કવિની સભ્યતાનું અતિ પ્રાચીન જન્મસ્થાન છે. કવિ ભાવકને-ચાહકને ખાતરીપૂર્વક કહે છે :

**''જેનું લોહી અહીંના કણેકણમાં**
**ધબકારા લઈ રહ્યું છે**
**એટલે તો અરવલ્લીએ**

**એની અંદરની બધી જ**
**વાતો મને કહી રાખી છે**
**– તમને જો ખરેખર તમારી અંદર**
**રસ હોય તો –**
**તમે ક્યારેક તો અરવલ્લીને**
**મળી લેજો ને !''**

કવિ શ્રી કિશોરસિંહ સોલંકીના કવિતાના શબ્દ તો છે – ''ઋષિઓની પરંપરાનો પરચો, કૃષ્ણનો વંશજ, અષો જરથુસ્ત અને ઈસુનો અવતાર, બુદ્ધનાં નિર્મળ નયન અને મહાવીરની વાણી, રમણ મહર્ષિનો 'ર' અને અરવિન્દનો 'અ' છે. કવિનો શબ્દ તો છે સોક્રેટિસ અને ગાંધીજીના કાચા સૂતરનો તાંતણો... આથી તો કવિની અંદર ને અંદર ઝળહળતો રેલાયો છે અજવાસ !

કવિની અંદર ઝળહળતી આરતી, ધૂપની સુગંધ, નૈવેદ લઈને ઊભેલું દેવળ, કોરો તડકો, ખળખળ વહેતું પાણી છે !

કવિ કાવ્યમય પ્રશ્ન પૂછે છે : ''આ અંદર અંદર શું છે ?'' પ્રત્યુત્તર મળે છે : ''અંદર તિરાડો છે, અણીદાર તડકાની શૂળ છે, અંદર શિયાળો છે... વગડો છે... તરસે મરતું ચોમાસું છે... અંદર ચૂપચાપ બેઠેલો દરિયો છે.'' આથી જ કવિ કહે છે :

**''કશુંક વિચારતા પાછા વળીએ**
**ત્યાં તો**
**અંદરની દીવાલો**
**વિસ્તરવા માંડે**
**અંદર મ્હેકે**
**અંદર ગ્હેકે**
**અંદર ચકળ-વકળ**
**લીસું લીસું સરે**
**અંદર**
**સઘળી દિશાઓ લઈને**
**ઊઘડતું જણાય**
**અંદર**
**ઊઘડે છે એટલે હસીએય ખરા**
**રાજીના રેડ થઈ જઈએ**
**પણ !...''**

કવિની અંદર ઘનઘોર જંગલ-ઝાડી ઘૂઘવે લીલુંછમ અંધારું પણ. કવિની અંદર ઊગ્યું છે એક વૃક્ષ. વૃક્ષ પર બંદર જેવું ચંચળ મન કરે છે – હૂપાહૂપ. વૃક્ષના પર્ણે

પર્ણે પંખીઓ રોપે છે કલરવ ! શ્રી (ડૉ.) રાધેશ્યામ શર્માનો કાવ્ય-રસાસ્વાદ પણ ચિરસ્મરણીય આપણા મન પર ટહુકો કરે છે !

'અચાનક' કાવ્યનું કવિનું 'અચરજ' તો જુઓ :

**''આજે**
**સાવ અચાનક**
**અંદર સર્જાયું**
**આશ્ચર્ય :**
**સવારે સૂરજના બદલે**
**ચંદ્ર ઊગ્યો પૂર્વાકાશે**
**અને રાત્રે ચંદ્રના બદલે સૂરજ !...''**

કવિશ્રી કિશોરસિંહ સોલંકીની અંદર વહેતાં ઝરણાં – વ્હોળા, છલકાતું સરોવર, વહેતી નદી, અગણિત રસ્તાઓ, અંદર સ્થિર દરિયો... જે ન છલકાય – ન મલકાય ! કવિના આંગણાની અંદર સળગતી રામણદીવડાની વાટ પવનની આંગળી પકડીને નાચતી-કૂદતી ઓકળિયાળું આંગણું લઈને ચાલવા માંડે છે ઘર બહાર અને ઢોળાઈ જાય છે સૂરજ રેલમછેલ અંદર... અંદર !

કવિ શબ્દના અજવાળે અંદરને માપે છે... કાપે છે... સીવે છે... અંદર ઊંડો કૂવો છે... ઊડતું રણ છે... અંદર ખીણ... અંદર ફીણ... અંદર વીજળીનો ઝબકારો પામી અજવાળું જુએ છે અને ગીત મધુરું ગાય છે.

કવિએ અંજની કાવ્ય, ત્રિખંડ મંદાક્રાન્તામાં અનુક્રમે છંદોબદ્ધ ''કોણ ?'' અને ''કોણ જાણે ?'' સુંદર મનભાવન કવિતાઓ કરી છે. કવિએ પ્રિયજન પ્રતિ પાઠવેલા પ્રેમપત્રો કવિની અંદર ખોવાઈ ગયા છે જે બહાર કાઢવા ''તેજ લિસોટા ત્રાડ'' નામક કાવ્યસંગ્રહનું સર્જન કર્યું છે. અંતે કવિ શ્રી (ડૉ.) પ્રબોધ ર. જોશીએ ''કવિનું અંદરવટુ !'' નામક ઉપોદ્ઘાતમાં આ મુજબનું નોંધ્યું છે :

''અંદરના સઘન ઉત્ખલનને અંતે લીધેલો આ ઝળહળતો અજવાસ કવિની ચેતનામાં નિતાંત રેલાતો રહેશે અને એમણે ક્યારેક અનુભવી છે એવી 'શબ્દની સાચી ભક્તિ' ભલેને કવિ કહેતા હોય કે –

**મૃત્યુ**
**મારા શ્વાસને સળગાવી દેજે**
**હું અંધકારમાં**
**ઓગળી જાઉં એ પહેલાં... (કાવ્ય-૪૨)**

– એમને; આપણને રાવજી-કથિત ''અજવાળાં પહેરીને ઊભા શ્વાસ''ની પ્રતીતિ કરાવશે એવી શ્રદ્ધા જન્મે છે !'' અસ્તુ !

18

# આવરણચિત્ર : સંદર્ભનોંધ

**પીયૂષ ઠક્કર**

ચિત્રનું શીર્ષક : શીર્ષક નથી

ચિત્રકાર : નસરીન મોહમદી (જ. ૧૯૩૭, કરાચી, હાલ પાકિસ્તાન; આ. ૧૪ મે, ૧૯૯૦, મુંબઈ નજીક કિહિમ)

માધ્યમ : કાગળ પર પેન્સિલ, શાહી અને જળરંગ - માપ : ૪૭ સે.મી. x ૪૭ સે.મી. - વર્ષ : ૧૯૭૦નો ગાળો

ભાગલા પહેલાંના કરાચીમાં જન્મ. લંડન અને પૅરિસમાં કળાનો અભ્યાસ. વડોદરાની ફાઇન આર્ટ્સ ફૅકલ્ટીમાં અધ્યાપન. ૧૯૬૧માં મુંબઈ ખાતે ''ગૅલેરી ૫૯''માં પહેલું ને છેલ્લું એકલ ચિત્રપ્રદર્શન. આયુષ્યના ત્રેપનમા વર્ષે માંદગીવશ (huntington's disease) અવસાન. આમ જુઓ તો આટલી જ વિગતોમાં જીવનનો ઘટનાક્રમ સંકેલાઈ જાય છે. જોકે આજે એમના અવસાનના પચ્ચીસ વર્ષે નસરીન મોહમદીની ચિત્રકળાના ત્રણ દાયકા આવરતું બૃહદ્ ચિત્રપ્રદર્શન માડ્રીડના વિખ્યાત રેઈના સોફિયા મ્યુઝિયમ ખાતે હાલ નિયોજિત થયું છે. એમની ચિત્રકળા પર વિમર્શો થઈ રહ્યા છે અને ગ્રંથો લખાઈ રહ્યા છે.

નસરીનનો ઝોક વિશેષ તો અમૂર્તતા તરફનો. આરંભનાં ચિત્રોમાં મુક્ત રંગો, પીંછીના લસરકા અને રેખાઓનું ગુંફન રહેતું. કાળક્રમે ઇજનેરિંગ ડ્રૉઇંગના સરંજામની મદદે ઇજનેરિંગ ડ્રૉઇંગની રૂએ ચિત્રો રચતા થયેલા. આછી-ઘેરી, જાડી-પાતળી, લાંબી-ટૂંકી બહુધા ક્ષિતિજ-સમાંતર રેખાઓમાં નસરીન ચિત્રની ભૂગોળ માંડતા. વાસ્તવિકતાથીયે અદકો, અધઝાઝેરો કલ્પના સાથે એ ભૂગોળનો સંબંધ. ખપપૂરતી રેખાઓ વડે ચિત્રોમાં નસરીન વ્યાપ અને ગતિનો સમાસ કરતા. રેખાઓની ગતિ સંકોચન તરફ નહીં બલ્કે વિસ્તરણ તરફ આગળ વધે છે. એમાં ઊભી રેખાઓના વિકલ્પે ક્ષિતિજ-સમાંતર રેખાઓનું પ્રાધાન્ય, એટલે જ સ્થિરતા નહીં પણ વ્યાપ.

ઓગણીસો સિત્તેરના ગાળાનું આ ચોરસ ચિત્ર. રેખાઓની સ્હેજ અછડતી પ્રક્રિયા દ્વારા દૂર-નજીકનો આ ચિત્રમાં સંભ્રમ રચાયો છે. ક્ષિતિજ-સમાંતર રેખાઓની એકધારી, બલ્કે એકસરખી માવજતની વચમાં ત્રાંસી રેખાઓ, એના લઘુક ટુકડાઓ છે. ચિત્રના નીચલા ભાગે ક્ષિતિજ-સમાંતર રેખાઓને છેદતાં લાંબાં ત્રાંસાં પગથિયાં સૂચવાયાં છે. આખાય ચિત્રને ચિત્રકારે બેથી ત્રણ હળવા-આછા વૉશ આપ્યા છે. આખુંય ચિત્ર છાયારૂપ છે. Palimpsest (પુનર્લિખિત હસ્તપ્રત)નું પાનું પણ કહીં શકાય. જાણે ઉજ્જડ અવકાશમાં તરી આવતું અહીં કોક વિગતના સ્થળની છાયા છે અથવા તો ભૌતિકતાના અતિરેકની ભીતરના માળખાનો બરડ નકશો છે. નસરીન પોતાની ચિત્રકળા વિશે

ડાયરીમાં નોંધે છે : "THE MAXIMUM OUT OF THE MINIMUM" (૧ FEB ૧૯૭૪)

ભૌમિતિક ઓજારોની ભીતરે નસરીનના સમકાલીન ચિત્રકાર જેરામ પટેલને નસરીનનાં ચિત્રોનો અવકાશ fluid જણાતો. નસરીનના સન્મિત્ર કળાકાર ગુલામમોહમ્મદ શેખે નસરીનના અવસાન પછી લખેલ અવિસ્મરણીય અંજલિ-લેખ *"ઝાકળ શી કોમળ સંવેદના"* (શબ્દસૃષ્ટિ, સપ્ટેમ્બર ૧૯૯૫, પૃ. ૧૦-૧૫) વાંચવા સૌને નમ્ર નિવેદન.

18

---

## સાભાર નોંધ

### (પ્રકીર્ણ)

(૨૨૩) Live Life King સાઇઝ, મૂ. લે. વિક્રાન્ત મહાજન, અનુ. અલકેશ પટેલ, ૨૦૧૪, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૭૬, રૂ. ૧૨૫/- (૨૨૪) બર્મ્યુડા ટ્રાયેંગલ : ડૉ. આઈ. કે. વીજળીવાળા, ૨૦૧૪, કિલ્લોલ, હૉસ્પિટલ, ડૉક્ટર હાઉસ, કાળાનાળા, ભાવનગર-૧, પૃ. ૧૪૪, રૂ. ૭૦/- (૨૨૫) Winning જીતવાની અનોખી આદત : રિચર્ડ બ્રેન્સન, અનુ. દિલીપ ગોહિલ, ૨૦૧૪, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૧૨, રૂ. ૯૯/- (૨૨૬) નિષ્ફળતાના ભયથી મુક્તિ અપાવે તેવાં ૭૫ પ્રેરણાત્મક પુસ્તકો : બકુલ બક્ષી, ૨૦૧૪, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૬૦, રૂ. ૧૫૦/- (૨૨૭) ચેતો વિસ્તારની યાત્રા : સંપા. દક્ષા વ્યાસ, દિનેશ ભટ્ટ, ૨૦૧૫, શ્રી ઔદીચ્ય બ્રહ્મસમાજ, કોટ, વ્યારા-૩૯૪૬૫૦, પૃ. ૪+૯૧, રૂ. NIL (૨૨૮) સુની પડી રે સિતાર : હરીશ ઠાકર, ૨૦૧૫, વર્ષા પ્રકાશન, નડિયાદ, પૃ. ૧૪૪, રૂ. ૧૨૫/- (૧૨૯) શબ્દસૂર : હરીશ ઠાકર, ૨૦૧૫, વર્ષા પ્રકાશન, નડિયાદ, પૃ. ૧૪૪, રૂ. ૧૫૦/- (૨૩૦) અમૃતબિન્દુ હરીશ ઠાકર ૨૦૧૪, વર્ષા પ્રકાશન, નડિયાદ, પૃ. ૧૮+૧૨૪, રૂ. ૮૦ (૨૩૧) અમૃતઝરણું : હરીશ ઠાકર, ૨૦૧૪, વર્ષા પ્રકાશન, નડિયાદ, પૃ. ૧૪૬, રૂ. ૮૦/- (૨૩૨) સીધાં તીર : હરીશ ઠાકર, બીજી : ૨૦૧૪, વર્ષા પ્રકાશન, નડિયાદ, પૃ. ૩૨+૧૪૬, રૂ. ૧૫૦/- (૨૩૩) વસ્તુપાળ અને તેજપાળ : સ્વામી સચ્ચિદાનંદ ૨૦૧૫, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૨+૧૫૦, રૂ. ૮૦ (૨૩૪) ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ : લેખક - સંપાદક : દુર્ગેશ ઉપાધ્યાય, ૨૦૧૪, સી/૫, તેજલ એપાર્ટમેન્ટ, પ્રતાપનગર રોડ, વડોદરા-૧૪, પૃ. ૧૪+૧૦૯ રૂ. ૧૨૫/-



# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

ગુજરાતી સાહિત્ય પરિષદ અને ઉપાસના સ્કૂલ ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ, ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે તા. ૨-૧૧-૧૫ના રોજ સુધાબહેન દેસાઈ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી ચિનુ મોદીએ 'ભવાઈ શૈલીનો નૂતન નાટકોમાં ઉપયોગ' વિશે ઉપાસના સ્કૂલ ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ, ગુજરાત યુનિવર્સિટી, હેલ્મેટ સર્કલ, જી.આઈ.ડી.સી. કેમ્પસ, અમદાવાદમાં વ્યાખ્યાન આપ્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિદના ઉપક્રમે તા. ૨૯-૧૧-૨૦૧૫ના રવિવારે ૧૦.૦૦થી ૧.૦૦ દરમિયાન શ્રી ધીરુ પરીખની અધ્યક્ષતામાં વ્યંગકલા અંગે પરિસંવાદ યોજાયો હતો. જેમાં શ્રી પ્રફુલ્લ રાવલે પ્રારંભે સૌનું સ્વાગત કર્યું હતું. સર્વશ્રી પ્રેમ જનમેજયે 'વ્યંગ્ય કી વ્યંગ્યયાત્રા' વિશે, હરિકૃષ્ણ પાઠકે 'અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં હાસ્ય-કટાક્ષ (ગદ્ય)' વિશે, રતિલાલ બોરીસાગરે અને નિર્મિશ ઠાકરે 'મારી હ્રાચિત્રોની સફર' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. શ્રી ધીરુભાઈ પરીખે અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે શ્રી નિર્મિશ ઠાકરનાં કાર્ટૂનોનું પ્રદર્શન અને 'શોલેમાં ગોટારા' અને 'મોદી લહેર' પુસ્તકોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

**સાહિત્યવૃત્ત :**

તા. ૨૬-૧૦-૨૦૧૫ના રોજ મુંબઈમાં યોજાયેલ મેઘાણી કથામાં રાજકોટના વક્તા શાંતિલાલ રાણિંગાને ભારતીય જનતા પાર્ટી, બોરીવલી 'ગુજરાતી વિભાગ' તરફથી 'ગુજરાતી રત્ન એવૉર્ડ' આપવામાં આવ્યો હતો.

મહાત્મા ગાંધીના જન્મદિવસે, તા. ૨-૧૦-૨૦૧૫ના રોજ ગુજરાતી દલિત સાહિત્યના કસબી પ્રવીણભાઈ ગઢવી અને સાહિત્યકાર શ્રી સતીશ ડણાકનું અભિવાદન કરીને, તેમને કવિશ્રી ડાહ્યાભાઈ પટેલ સાહિત્યરત્ન સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. મનુભાઈ શાહ (ગૂર્જર પ્રકાશન), ગોપાળભાઈ પટેલ (પ્રવીણ પ્રકાશન-રાજકોટ) વગેરેએ પ્રાસંગિક ઉદ્બોધનો કરીને સન્માનિત બંને સર્જકોની સાહિત્યનિષ્ઠાને બિરદાવી હતી. કાર્યક્રમનું સંચાલન મોહનભાઈ બારોટે કર્યું હતું.

નિર્ઝરી મહેતાલિખિત પુસ્તક 'દેવસ્ય કાવ્ય'નું તા. ૨-૧૦-૨૦૧૫ના રોજ 'સત્યેશ્વર ફાઉન્ડેશન' અમદાવાદમાં શ્રી જોરાવરસિંહ જાદવના હસ્તે વિમોચન થયું હતું.

'સ્વયંસંચાલિત બાળનાટ્ય લેખન વર્કશોપ' તા. ૩-૪ ઑક્ટોબર, ૨૦૧૫ના રોજ બે દિવસ ચલાલાના શાંતિનિકેતન પરિસરમાં શ્રીવાસુદેવ સોઢાના સંકલન અને સંપાદન હેઠળ સંપન્ન થયો.

તા.૧૬-૯-૨૦૧૫ના રોજ વલસાડ બુધસભામાં 'કલાપી'ના કાવ્યોનું પઠન અને

જીવન અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી.

એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદના ગુજરાતી વિભાગના આતિથ્યે ત્રિ-દિવસીય આંતરરાષ્ટ્રીય કક્ષાનો 'લોકમહાકાવ્ય' પરનો પરિસંવાદ ઇન્ડિયન ફોકલોર કૉંગ્રેસના પ્રમુખ પ્રો. જવાહરલાલ હાંડુના પ્રમુખસ્થાને તા. ૯થી ૧૧ ઑક્ટોબર, ૨૦૧૫ના દરમિયાન યોજાયો. જેનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલીએ કર્યું હતું. તેમણે વક્તવ્ય આપતાં કહ્યું હતું કે 'ભારતીય લોકવિદ્યાના ભવ્ય વારસાના જતન અને સંવર્ધન માટે વૈજ્ઞાનિક રીતે સર્વગ્રાહી અભ્યાસ જરૂરી છે.'

'કુમાર ટ્રસ્ટ' દ્વારા હીરાબહેન ચેરિટી ફાઉન્ડેશન, મુંબઈના સહયોગથી તા. ૨૧-૧૧-૨૦૧૫ને શનિવારે સાંજે ૫-૦૦ કલાકે 'કુમાર'માં વર્ષભરના શ્રેષ્ઠ પ્રદાન માટે 'કુમાર ચંદ્રક' ૨૦૧૪ના વર્ષ માટે શ્રી કિશોર વ્યાસને ('સુધારકયુગના મૈત્રીસંબંધો' લેખમાળા) માટે આપવામાં આવ્યો. કમલા પરીખ લેખિકા પારિતોષિક શ્રી નિમિષા દલાલને ('દીદી ઓ મારી દીદી' ટૂંકીવાર્તા) માટે આપવામાં આવ્યું. અને અરવિંદભાઈ ચીમનભાઈ આધ્યાત્મિક પારિતોષિક શ્રી ભૂપતરાય ઠાકરને ('લલ્લેશ્વરી' લેખ) માટે આપવામાં આવ્યું. આ કાર્યક્રમના અધ્યક્ષપદે શ્રી હરિકૃષ્ણ પાઠક ઉપસ્થિત રહ્યા હતા. સર્વશ્રી પ્રફુલ્લ રાવલ, જયદેવ શુક્લ અને ખુશાલી દવેએ વક્તવ્યો આપ્યાં હતાં.

□

## ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૮મું અધિવેશન

શ્રી મુક્તજીવન સ્વામીબાપા આર્ટ્સ-કૉમર્સ અને બી.સી.એ. મહિલા કૉલેજ, ભુજ અને ઇન્સ્ટિટ્યૂટ ઑફ યુથ ડેવલપમેન્ટના સંયુક્ત યજમાનપદે ભુજ મુકામે તારીખ ૨૫, ૨૬, ૨૭ ડિસેમ્બર-૨૦૧૫ના ત્રણ દિવસ શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળાની અધ્યક્ષતામાં યોજાશે.

અધિવેશન સ્થળ : શ્રી મુક્તજીવન સ્વામીબાપા આર્ટ્સ-કૉમર્સ કૉલેજ હૉલ, કચ્છ યુનિવર્સિટી સામે, મુન્દ્રા રોડ, ભુજ (કચ્છ)

### ઉદ્‌ઘાટન સમારંભ

**તા. ૨૫-૧૨-૨૦૧૫, શુક્રવાર, સમય : ૩.૦૦થી ૬.૦૦**

- ગીત : સંગીત ટૂકડી
- સ્વાગત મંત્રીનું ઉદ્‌બોધન : શ્રી રસનિધિ અંતાણી
- પરિષદમંત્રીનો વાર્ષિક અહેવાલ : શ્રી પ્રફુલ્લ રાવલ
- નિવૃત્ત થતા પ્રમુખશ્રીનું વક્તવ્ય અને કાર્યભારની સોંપાણી : શ્રી ધીરુ પરીખ
- પ્રમુખશ્રીનો પરિચય : શ્રી ઉર્વી તેવાર

- પ્રમુખશ્રીનું વક્તવ્ય : શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળા
- અતિથિવિશેષશ્રીનો પરિચય : શ્રી દર્શના ધોળકિયા
- અતિથિવિશેષશ્રીનું વક્તવ્ય : શ્રી અરુણકમલ
પ્રાસંગિક ઉદ્‌બોધન : શ્રી રઘુવીર ચૌધરી, શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ
- આભારદર્શન (યજમાન સંસ્થા) : શ્રી જાદવભાઈ વરસાણી

તા. ૨૫-૧૨-૨૦૧૫, શુક્રવાર, સાંજે ૮-૦૦થી ૧૦-૦૦

યજમાન સંસ્થા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ

૨૬-૧૨-૨૦૧૫, શનિવાર, સવારે ૮.૦૦થી

ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત

**બેઠક**

**બેઠક પ્રથમ : તા. ૨૬-૧૨-૨૦૧૫, શનિવાર, સવારે : ૯.૩૦થી ૧૨.૩૦**

**ચરિત્રાત્મક સાહિત્ય**

વિભાગીય અધ્યક્ષ : શ્રી પ્રફુલ્લ રાવલ ‘ચરિત્રાત્મક સાહિત્ય : થોડો વિચાર, થોડો વિહાર’

વક્તા : શ્રી યોગેશ જોષી : ‘વૈજ્ઞાનિકોનાં ચરિત્રો’
શ્રી મુનિકુમાર પંડ્યા
‘સામાજિક અને રાજકીય ચરિત્રો’
શ્રી સંધ્યા ભટ્ટ
‘સંગીતકાર અને કલાકારનાં ચરિત્રો’

સંચાલન : શ્રી ઉષા ઉપાધ્યાય

**બેઠક બીજી : તા. ૨૬-૧૨-૧૫, શનિવાર, બપોરે ૩-૦૦થી ૬-૦૦**

**વિવેચન-સંશોધન**

વિભાગીય અધ્યક્ષ : શ્રી અનિલા દલાલ : ‘કવિતામાં તત્ત્વબોધ’

વક્તાઓ : શ્રી સેજલ શાહ
‘ગુજરાતી વિવેચન અને આંતરકૃતિગત વાચનની ભૂમિકા’
શ્રી દીપક રાવલ
‘ભીલોનું ભારત : નિખાઈલ બક્ષ્તિનની વિચારણાના સંદર્ભમાં’
શ્રી દલપત પઢિયાર
‘ગુજરાતના સંતસાહિત્યનું સંશોધન : સ્થાન અને સ્થિતિ’
સંચાલન : શ્રી કીર્તિદા શાહ

**બેઠક ત્રીજી : તા. ૨૬-૧૨-૧૫, શનિવાર, રાત્રે ૮-૩૦થી ૧૦-૩૦**

**આસ્વાદ : કચ્છના પરિવેશની કૃતિઓનું વાચિકમ્**

વિભાગીય અધ્યક્ષ : શ્રી વીનેશ અંતાણી
'કચ્છ : અફાટની આરાધનાનો પ્રદેશ'

વાચિકમ્ : શ્રી અદિતિ દેસાઈ અને અન્ય

સંચાલન : શ્રી નીતિન વડગામા

**બેઠક ચોથી : તા. ૨૭-૧૨-૧૫, રવિવાર, સવારે ૮.૦૦થી ૯-૩૦**

**ગુજરાતી ભાષાનું સંવર્ધન અને શિક્ષણ**

વિભાગીય અધ્યક્ષ : શ્રી મનસુખ સલ્લા
'સમાજ અને સંસ્કૃતિના સંવર્ધનમાં ભાષાશિક્ષણનો ફાળો'

વક્તાઓ : શ્રી ભદ્રાયુ વછરાજાની
'ગુજરાતી અને અંગ્રેજી ભાષાનું સ્થાન - વાલી અને સમાજના ખ્યાલોની યથાર્થતા'
શ્રી પી. જી. પટેલ
'માતૃભાષાનું અધ્યાપન - નવા આયામો'

સંચાલન : શ્રી રાજેન્દ્ર પટેલ

**બેઠક પાંચમી : તા.૨૭-૧૨-૧૫ રવિવાર, સવારે ૯.૩૦થી ૧૧-૩૦**

**પ્રદેશવિશેષ અને સાહિત્ય : કચ્છ**

વિભાગીય અધ્યક્ષ : શ્રી ધીરેન્દ્ર મહેતા
'પ્રદેશવિશેષ અને સાહિત્ય'

વક્તાઓ : શ્રી કીર્તિ ખત્રી
'કચ્છનો ઇતિહાસ અને સાહિત્ય'
શ્રી દર્શના ધોળકિયા
'કચ્છીયત' : 'કચ્છ'ના સર્જકોની વિશિષ્ટ ઓળખ'
શ્રી કાંતિ માલસતર
'ગુજરાતી સાહિત્યમાં કચ્છપ્રદેશની છબી'
શ્રી વિશન નાગડા
'કચ્છી-સિંધી-ગુજરાતી ભાષાસાહિત્ય : પરિબળો, પારસ્પરિક પ્રભાવ અને પરિણામ - કેટલાક સંકેતો'

સંચાલન : શ્રી રવીન્દ્ર પારેખ

**બેઠક છઠ્ઠી : તા. ૨૭-૧૨-૧૫, રવિવારે, બપોરે ૧૧-૩૦થી... અધિવેશન સમાપન બેઠક**

- ગુજરાતી સાહિત્ય પરિષદનું ખુલ્લું અધિવેશન અને સમાપન બેઠક
- ઠરાવો : પ્રતિભાવો અને આભારવિધિ
- આભારદર્શન (પરિષદ અને યજમાન સંસ્થા)
- બપોરના ભોજન પછી અધિવેશન સમાપ્ત થશે.

નોંધ :- અધિવેશનમાં ભાગ લેવા ઇચ્છતા પ્રતિનિધિઓએ ભોજન-ઉતારા શુલ્ક રૂ. ૩૦૦/- તથા પ્રતિનિધિ શુલ્ક રૂ. ૨૦૦/- ભરવાના રહેશે. કુલ રૂ.૫૦૦/- થશે. વિદ્યાર્થીઓએ ૫૦ ટકા રકમ ભરવાની રહેશે (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે.) ભોજન-ઉતારા અને પ્રતિનિધિ શુલ્ક તા. ૧૫-૧૨-૨૦૧૫ સુધીમાં પરિષદ કાર્યાલય, અમદાવાદમાં ભરી દેવાથી વ્યવસ્થા સરળ થશે. ત્યારબાદ સ્વીકારવામાં આવશે નહીં.

- વ્યવસ્થામાં સહાયભૂત થવા ઉપરની તારીખ સુધીમાં આપની ડેલિગેટ ફી ભરાઈ જાય તે ઇચ્છનીય છે. ત્યારબાદ સ્થળ પર ભરનારે દોઢો ચાર્જ ચૂકવવાનો રહેશે. ડેલિગેટોને તેમના ઉતારાની વ્યવસ્થા ૨૫-૧૨-૨૦૧૫ના રોજ સવારે ફાળવવામાં આવશે.

## ગુજરાતી સાહિત્ય અકાદમીની સ્વાયત્તતા અંગે

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ઉપરોક્ત અકાદમીની સ્વાયત્તતા અંગે જે અસહકારના ચાર મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા છે તે આદેશાત્મક નથી બલકે કેવળ સૂચનો છે અને તેના અમલનો અધિકાર દરેક વ્યક્તિના સ્વાતંત્ર્ય પર છોડાયેલો છે તેની નોંધ લેવા વિનંતી છે.

**નિરંજન ભગત,** ટ્રસ્ટી

**ધીરુ પરીખ** પ્રમુખ

**ગુજરાતી સાહિત્ય પરિષદ**

### સુધારો

નોંધ : 'પરબ' નવેમ્બર ૨૦૧૫માં પ્રગટ થયેલા હેમંત ધોરડાની ચાર ગઝલોમાં છંદવિધાન અનુક્રમે નીચે મુજબ વાંચવા વિનંતી :

૧. ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગાલગા

૨. ગાલગાગા/લલગાગા લલગાગા લલગાગા ગાગા/લલગા

૩. ગાગાલ લગાગાલ લગાગાલ લગાગા

૪. લલગાલગા લલગાલગા લલગાલગા લલગાલગા

**'પરબ' વાર્ષિકસૂચિ : ૨૦૧૫ આગામી અંકમાં પ્રગટ થશે તેની નોંધ લેવા વિનંતી**

# પત્રસેતુ

## નરસિંહની રચનામાં આવતો 'રાંડ' શબ્દ

ગુજરાતી સાહિત્ય પરિષદ આયોજિત 'આપણો સાહિત્યવારસો' અંતર્ગત ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રવિવારે મારે જૂનાગઢની રૂપાયતન સંસ્થામાં જવાનું થયું, ત્યારે તે સંસ્થાએ કવિશ્રી ઉર્વીશ વસાવડાસંકલિત નરસિંહ મહેતાની સમગ્ર કવિતા 'શબ્દવેદ' (૨૦૧૪) ભેટ આપ્યો. શિવલાલ જેસલપુરાસંપાદિત 'નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ' (૧૯૮૧) પછીનું આ બીજું સમૃદ્ધ પ્રકાશન છે. જેસલપુરાને અનુસરી ઉર્વીશે પણ 'શબ્દકોશ' આપ્યો છે, પણ 'હારસમેનાં' ૫૧ પદમાંથી ઉર્વીશે ૪૪મું પદ દૂર કરીને પાછળ પ્રકીર્ણમાં મૂક્યું છે અને તે પદની પ્રથમ પંક્તિમાં 'કો કહેશે : મહા રાંડનો, મહા વળતો કુજાત રે' એવી વાચના જેસલપુરા મુજબ મૂકી છે. જેસલપુરાએ પોતાના શબ્દકોશમાં 'રાંડ' શબ્દ મૂક્યો નથી, તેમ ઉર્વીશ પણ મૂકતા નથી, પરંતુ ઉર્વીશ 'મેં ગ્રહ્યો હાથ નરસિંહના શબ્દનો' (પ્રસ્તાવના)માં 'હારમાળાના પદોમાં એક જગ્યાએ નરસિંહ, ભગવાનને 'મહા રાંડનો' એવું સંબોધન કરે છે, જે સામાન્ય સમજણ મુજબ નરસિંહ પ્રયોજે એવી ભાષા નથી.' (પૃ. ૫) એવી નોંધ મૂકી નરસિંહ કતૃત્વ અંગે શંકા ઊભી કરે છે.

હા, નરસિંહની ઘણી રચનાઓ, રચનાની પંક્તિઓ અને પંક્તિના શબ્દ વિશે શંકા જાય તેવું છે, પણ અહીં 'રાંડ' શબ્દ 'સાંડ' કે 'સંડ'નો લિપિદોષ જણાય છે. 'સંડ'માં 'સ'નો વચલો લીટો લહિયાથી રહી ગયો હોય અથવા શાહીના કારણે લખાયો ન હોય તો 'રાંડ' વાંચી શકાય છે. મૂળમાં 'મહા સંડ' એટલે 'મોટો આખલો' 'વીરતામાં' તેમજ 'કામૂકતામાં' – આવી અર્થછાયા અહીં પકડી શકાય છે. 'મહા બળતો' પણ 'મહા બળિયો' લાગે છે. ભાયાણીસાહેબે આ ચર્ચા કરી છે. 'રણછોડ' એટલે 'રણ છોડીને ભાગી જનાર' નહિ, પણ રણમાં 'સાંડ' – શૌંડ રણ જીતવામાં 'આખલો - શૂરવીર' એવો અર્થ છે.

'શબ્દવેદ'માં કવિશ્રી ઉર્વીશ વસાવડાએ ઘણાં સ્થળે અલ્પવિરામ, વિરામ મૂકીને તેમજ 'રાંડ' જેવા અશુદ્ધ શબ્દ ઉપર આપણું ધ્યાન દોરીને એક મહત્ સેવા કરી છે.

**નરોત્તમ પલાણ**
(પોરબંદર)

□

તંત્રીશ્રી : 'પરબ'

શિરીષ પંચાલે ભોળાભાઈ પટેલના ઉ.જો. વિશેના પુસ્તક નિમિત્તે જે કંઈ વિચારો (જૂન, ૨૦૧૫) પ્રગટ કર્યા છે તે મનનીય છે. ઉ.જો. કે સુ.જો. બંને, આપણા અને

એકબીજાના, સમકાલીન હોવા છતાં અને હવે બંને સદ્‌ગત થયા હોવા છતાં તેમનાં અધિકૃત જીવનચરિત્રો આપણી પાસે નથી ! સુ.જો.ના સમગ્ર સાહિત્યનો પ્રકલ્પ ગુજરાત સાહિત્ય અકાદમીએ શિરીષભાઈને સોંપ્યો, તે કદાચ પૂરો થયો છે. ઉમાશંકરનું સમગ્ર સાહિત્ય સળંગ રીતે ઉપલબ્ધ નથી જે વાત પણ નોંધનીય છે.

ઉમાશંકર વિશે ભોળાભાઈ પટેલ એમ લખે કે ‘‘વીસમી સદીમાં એકસો વર્ષ દરમિયાન ગુજરાતી ભાષામાં ઉમાશંકર જેવા સર્વતોમુખી અને સમગ્રદર્શી સાહિત્યકાર બીજા કોઈ નથી’’ ત્યારે સમીક્ષકને ભોળાભાઈનો દૃષ્ટિકોણ પક્ષપાતી લાગતો નથી. પોતાનો તો ઠીક સૌના સૂરને તેઓ ભોળાભાઈની પ્રશંસા સાથે મેળવવા સુધ્ધાં તત્પર બને છે ! મારા નમ્ર મતે, એક રીતે ઉમાશંકરનું મૂલ્ય ઊંચું છે તો બીજી રીતે સુ.જો.નું ઊંચું છે. તરત પ્રશ્ન પુછાવો જોઈએ કે રીતો કઈ છે ? : ઉ.જો.એ જાહેરજીવનની સક્રિયતા સાથે સાહિત્યની સાધના કરી, મૂલ્યોની સાધના કરી. જાહેર પદો પર હોવાના તેમને લાભો પણ મળ્યા. સુ.જો. એકદંડિયા મહેલમાં રહ્યા રહ્યા સાધના કરતા રહ્યા. અપવાદ રૂપે પણ કોઈ સંસ્થાઓ સાથે ન જોડાયા. છ-છ વાર જુદાં જુદાં સાહિત્યિક સામયિકો ઊભાં કર્યા વિના તેમને ન ચાલ્યું. વળી, તે ચલાવવામાં તેમણે કોઈ સમાધાનો કર્યાં હોય એવું જાણ્યું નથી, તે બહુ મોટી વાત છે.

ઉ.જો. અને સુ.જો.ને સામસામે મૂકીને તપાસવાનો અભિગમ તો ગુજરાતમાં ઘણાએ દાખવ્યો છે, જે મારો અહીં નથી. બેને સાથે મૂકીને તપાસવાનો અભિગમ શિરીષભાઈનો છે તે જ મારો છે. પણ ઉમાશંકરને સુ.જો.થી સહેજ વધારે ઊંચા મુકાય તેમાં મને કંઈક વાંધો પડે છે. બંનેએ પોતાનું સમગ્ર જીવન અધ્યાપન અને સાહિત્યને અર્પણ કર્યું એમ કહીએ ત્યારે સુ.જો. થોડા માર્ક વધારે લઈ જાય છે, કારણ તેમણે ‘ફૂલો સાથે વાત કરવાનો સમય’ જાહેરજીવનને આપ્યો નથી ! કેરિયરની રીતે સુ.જો. એ જે સહન કર્યું તેની બળતરા અંગત ધોરણે અભિવ્યક્ત થતી હતી પણ તે જાહેર અભિવ્યક્તિમાં કદાચ પરિણમી નહોતી.

શિરીષભાઈની સમીક્ષા ઉમાશંકરના ગ્રંથ વિશેની જ છે, પરંતુ તેમાં ઉમાશંકરના જે કેટલાક અભિપ્રાયો નોંધવામાં આવ્યા છે તેમાં સુ.જો. વિશેના પ્રમુખ તરીકે તરી આવે છે ત્યારે સરખામણી, ઉચ્ચાવચતા વગેરેના સંદર્ભો વાચકના માનસપટ પર આવ્યા વિના રહેવાના નથી.

લાંબે ગાળે હવે આપણે બંનેનું ઉચિત મૂલ્ય આંકતા થયા છીએ ત્યારે ‘સુ.જો. સ્કૂલ’ના પ્રમુખ શિષ્ય ઉ.જો.ને કંઈક થોડા વધુ ઉચ્ચાસને સ્થાપવા પ્રવૃત્ત થાય છે ત્યારે મારા વિચારો ટૂંકમાં પ્રગટ કર્યા વિના મારાથી ન રહેવાયું.

**ડંકેશ ઓઝા**

(અડાલજ)

18

# આ અંકના લેખકો

**અશ્વિની બાપટ** : ૧૯/બી, ગાર્ડન વ્યૂ, ૧૪, અમૃતવન કૉમ્પ્લેક્સ, યશોધામ સ્કૂલ માર્ગ, દિંડોશી, ગોરેગાંવ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૬૩
**ઇલા નાયક** : ૧૬, સંસ્કારભારતી સોસાયટી, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩
**કિશોર જીકાદરા** : ૧૪૨, સર્વોદયનગર, સેક્ટર-૩૦, ગાંધીનગર-૩૮૨૦૩૦
**ડંકેશ ઓઝા** : ૬, સ્વાગત સિટી, મુ. પો. અડાલજ, જિ. ગાંધીનગર-૩૮૨૪૨૧
**ધીરુ પરીખ** : વિજયપાર્ક, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
**નટવર પટેલ** : એચ-૫૦૩, નિશાન રેસિડન્સી, શુકનસિટી પાસે, આનંદ પાર્ટી પ્લૉટ રોડ, ન્યૂ રાણીપ, અમદાવાદ-૩૮૨૪૭૦
**નરોત્તમ પલાણ** : 'દર્શન', ૩, વાડી પ્લોટ, પોરબંદર-૩૬૦૫૭૫
**નિરંજન ભગત** : ૨૩, જલદર્શન ફ્લૅટ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯
**નીતિન વડગામા** : 'તાંદુલ', ૨, સ્વાતિ સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫
**પન્ના ત્રિવેદી** : આસિ. પ્રોફેસર, ગુજરાતી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭
**પીયૂષ ઠક્કર** : બળવંત પારેખ સેન્ટર, સી/૩૦૨, સિદ્ધિ વિનાયક કૉમ્પ્લેક્ષ, રેલવે સ્ટેશન પાછળ, ફ્રામજી રોડ, વડોદરા-૩૯૦૦૦૭
**પૂર્વી ઉપાધ્યાય** : 'ગીતાંજલિ', સેતુબંધ સોસાયટી, મહિલા કૉલેજ પાછળ, રાજકોટ-૩૬૦૦૦૭
**પ્રફુલ્લ રાવલ** : ૩, રાજમહેલ ફ્લૅટ, આઈઓસી કૉલોની રોડ, વીરમગામ-૩૮૨૧૫૦
**પ્રવીણ દરજી** : 'વાગીશા', ફુવારા પાસે, રાજમહેલ રોડ, લુણાવાડા-૩૮૯૨૩૦, જિ. મહીસાગર
**ભાવિન ગોપાણી** : ૧, પલ્લવ એપાર્ટમેન્ટ, કૈલાસનાથ સોસાયટી, ભૈરવનાથ રોડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૨૮
**મનોહર ત્રિવેદી** : ૧૪, પ્રકૃતિ હોમ્સ, ૦૭ ક્લબ પાસે, સરખેજ-બોપલ રોડ, શેલા ગામ રોડ, એસ. પી. રિંગ રોડ, અમદાવાદ
**મયંક પટેલ** : ૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી, ઇસરો સામે, સૅટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫
**મહેન્દ્ર જોશી** : કે/૪૦૪, સફલ પરિસર-૨, સોબો સેન્ટર પાસે, એસ.પી. રિંગ રોડ, બોપલ (સાઉથ), અમદાવાદ-૩૮૦૦૫૮
**યોગેન્દ્ર વ્યાસ** : ૩૪૭, સરસ્વતીનગર, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫
**રજનીકુમાર પંડ્યા** : બી/૩, જીએફ-૧૧, આકાંક્ષા ફ્લૅટ, જયમાલા રોડ, મણિનગર-ઇસનપુર રોડ, અમદાવાદ-૩૮૦૦૫૦
**રમણીક સોમેશ્વર** : 'રમ્ય', સી/૨, સંસ્કૃત ટેનામેન્ટ્સ, સી. એસ. વિદ્યાલય સામે, પારસ બંગલા પાછળ, સુભાનપુરા, વડોદરા-૩૯૦૦૨૩
**રમેશ કોઠારી** : ૧૦૨, ઇલાક્ષી એપાર્ટમેન્ટ, મુક્તજીવન શાળા પાસે, દક્ષિણી સોસાયટી વિસ્તાર, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮
રમેશ પટેલ : 'પ્રાંજલ' ૩૦, આનંદ વાટિકા સોસાયટી, સરિતા-સાગર રોડ, સરદાર પુલ પાસે, અડાજણ રોડ, સુરત-૩૯૫૦૦૯
**રસીલા કડીઆ** : ૮, જયમા સોસાયટી, માનસી ક્રૉસ રોડ પાસે, સૅટેલાઇટ કૉમ્પ્લેક્સ પાછળ, સૅટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫
**રાધેશ્યામ શર્મા** : ૨૫, ભુલાભાઈ પાર્ક, ગીતામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
**હિમાંશી શેલત** : ૧૮, મણિબાગ, અબ્રામા, વલસાડ-૩૯૬૦૦૧

## રંગદ્વાર પ્રકાશન

G-૧૫, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન નંબર : ૦૭૯-૨૭૯૧૩૩૪૪, વેબસાઇટ : http//www.rangdwar.com

### કાવ્યસંગ્રહો

| | | |
|---|---|---|
| લાલ લીલી જાંબલી | ભરત વિંઝુડો | 100 |
| સૌરભ | નલીન રાવળ | 50 |
| ધરાધામ | રઘુવીર ચૌધરી | 100 |
| પ્રેમની પાંખે, ફાધર શેખર | અનુ. રેમંડ ચૌહાણ | 120 |
| કવિ દ્વય | જશવંત દેસાઈ-હેમંત દેસાઈ | 100 |
| ઝાંખુ ઝીણું તેજ ખર્યું રે... | શૈલેશ ટેવાણી | 100 |
| ઈથરના સમુદ્ર | મહેન્દ્ર જોશી | 100 |
| બીજી બાજુ હજુ મેં જોઈ નથી | લલિત ત્રિવેદી | 100 |
| કબૂતર, પતંગ અને દર્પણ | રાજેન્દ્ર પટેલ | 90 |
| હવાનાં રૂપ | યાકૂબ પરમાર | 80 |
| મંથન | પ્રદીપ ખાંડવાલા | 200 |
| ભણે તુકો (મરાઠી અભંગો) | અનુ. અરુણા જોડાજા | 130 |
| બચાવનામું | રઘુવીર ચૌધરી | 80 |
| રોજેરોજની કવિતા | સં. નટુભાઈ જી. શાહ | 250 |
| સામે કાંઠે તેડાં | દલપત પઢિયાર | 80 |
| શ્રી પુરાંત જણસે | રાજેન્દ્ર પટેલ | 90 |
| અંદર બહાર એકાકાર | લલિત ત્રિવેદી | 80 |
| ભિન્ન ષડ્જ | હરિશ્ચંદ્ર જોશી | 80 |
| રાગાધીનમ્ | સંજુવાળા | 80 |

# કવિ શ્રી સુન્દરમ્‌ના નવા કાવ્યસંગ્રહો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પલ્લવિતા | ૧૯૯૫ | ૮+૩૫૬ | રૂ. ૧૬૦ |
| ૨. | મહાનદ | ૧૯૯૫ | ૭+૧૯૩ | રૂ. ૮૦ |
| ૩. | પ્રભુ-પદ | ૧૯૯૭ | ૧૩+૪૪૧ | રૂ. ૨૨૫ |
| ૪. | અગમ નિગમા | ૧૯૯૭ | ૧૧+૨૯૨ | રૂ. ૧૫૦ |
| ૫. | પ્રિયાંકા | ૧૯૯૭ | ૧૧+૩૬૭ | રૂ. ૧૫૦ |
| ૬. | નિત્યશ્લોક | ૧૯૯૭ | ૧૨+૧૮૮ | રૂ. ૧૦૦ |
| ૭. | નયા પૈસા | ૧૯૯૮ | ૧૩+૩૩૩ | રૂ. ૧૭૫ |
| ૮. | વરદા | ૧૯૯૮ | ૧૯+૫૨૯ | રૂ. ૨૫૦ |
| ૯. | ચક્રદૂત | ૧૯૯૯ | ૯+૨૫૯ | રૂ. ૧૨૫ |
| ૧૦. | લોકલીલા | ૨૦૦૦ | ૧૩+૨૫૨ | રૂ. ૧૦૦ |
| ૧૧. | દક્ષિણા-૧ | ૨૦૦૨ | ૧૭+૩૨૩ | રૂ. ૫૦ |
| ૧૨. | મનની મર્મર | ૨૦૦૩ | ૧૦+૩૮૭ | રૂ. ૫૦ |
| ૧૩. | ધ્રુવયાત્રા | ૨૦૦૩ | ૧૨+૩૪૫ | રૂ. ૫૦ |
| ૧૪. | ધ્રુવચિત્ત | ૨૦૦૪ | ૧૭+૨૭૪ | રૂ. ૫૦ |
| ૧૫. | ધ્રુવપદે | ૨૦૦૪ | ૧૧+૨૫૩ | રૂ. ૫૦ |
| ૧૬. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૧ | ૨૦૦૫ | ૧૬+૩૨૦ | રૂ. ૨૦૦ |
| ૧૭. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૨ | ૨૦૦૫ | ૧૬+૩૭૦ | રૂ. ૨૦૦ |
| ૧૮. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૩ | ૨૦૦૬ | ૩૨+૩૧૭ | રૂ. ૨૫૦ |
| ૧૯. | મંગળા-માંગલિકા | ૨૦૦૭ | ૨૮+૨૩૮ | રૂ. ૧૫૦ |
| ૨૦. | તું ક્યાં... હું ક્યાં !? | ૨૦૦૮ | ૨૮+૩૦૫ | રૂ. ૨૫૦ |
| ૨૧. | સ્વાગતમ્‌ ગીતવાહીને | ૨૦૦૯ | ૧૬+૨૦૭ | રૂ. ૧૫૦ |
| ૨૨. | ‘સાવિત્રી’ના કાવ્યખંડો<br>(અનુવાદ : શ્રી અરવિન્દના મહાકાવ્ય Savitriમાંથી, મૂળ અંગ્રેજી સાથે.) | ૧૯૯૫ | ૨૪+૪૭૩ | રૂ. ૩૦૦ |
| ૨૩. | દક્ષિણા-૨<br>(અનુવાદ : શ્રી અરવિન્દના Last Poems, More Poems, Collected Poemsમાંથી, મૂળ અંગ્રેજી સાથે.) | ૨૦૦૨ | ૧૮+૬૭૬ | રૂ. ૫૦ |

***આ તમામ સંગ્રહોનાં પ્રાપ્તિસ્થાન :***

૧. ગ્રંથવિહાર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯

૨. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧

સાહિત્યનાં અધ્યાપન નિમિત્તે કેટલુંક વિવેચન થતું રહ્યું. સિદ્ધાંતચર્ચા સ્વરૂપનું પણ લખ્યું છે તેમ છતાં મારાં લખાણો ગ્રંથસમીક્ષા સ્વરૂપનાં વધારે રહ્યાં છે. વિવેચનનાં ઇતિહાસને જોતાં સમજાય છે કે શું પશ્ચિમમાં કે શું આપણે ત્યાં વિવેચનની મોટા પાયે પ્રવૃત્તિ તો અધ્યાપકીય વ્યવસાયની આડપેદાશ રૂપે જ થતી આવી છે.

**– રમેશ ઓઝા**

લયની જાળવણી માટે કૃષિકાર કે શિક્ષક જેવો વ્યવસાય બીજો ન હોઈ શકે. માણસને ઉમદા વ્યવસાય મળે તો ઘણી સમસ્યાઓ ટળી જાય છે. સમસ્યા એટલે જ ખોરવાયેલો લય. અહંકાર લય ખોરવે છે. અહંકારી માણસો પોતે દુ:ખી થાય છે અને આસપાસ સૌને દુ:ખી કરે છે. દગો લય તોડે છે.

**– ગુણવંત શાહ**

માણસની સંપૂર્ણ ભાવના જે શબ્દ પાછળ હોય, તે શબ્દમાં શક્તિ આવે છે. માણસના હૃદયની ભાવના, તેના જીવનની પ્રતીતિ વ્યાપક અને ઉદાત્ત હશે, અને તેનો આશય ભવ્ય ને સુંદર હશે, તો તેની વાણીમાં તેનું તેજ પ્રગટ થશે.

**– દાદા ધર્માધિકારી**

ગ્રંથસંગ્રહ વાચનપ્રેમમાંથી પેદા થાય છે. જુદા જુદા વિષયના દુર્લભ ગ્રંથોનો સંગ્રહ ધનસંગ્રહ કરતાં પણ વધુ મહત્ત્વનો હોય છે. કોઈનું ઘર જોવા જાઓ તો ત્યાં પુસ્તકાલય કેવું છે તે પણ જોવું. તેના આધારે તમે તેનું વ્યક્તિત્વ જાણી શકો.

**– સ્વામી સચ્ચિદાનંદ**

બધા તત્ત્વજ્ઞાનનો વિચાર જીવનની દૃષ્ટિએ કરો. પાંડિત્ય માટે અધ્યયન કરવામાં ફાયદો નથી.

**– વિનોબા**

સ્થાનસમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

એસોસિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ, દેવમણિ કૉલેજ, વિસાવદર

# અરુણોદય પ્રકાશન

પુસ્તક પ્રકાશક, પ્રસારક અને પ્રચારક

૨૦૨, હર્ષ, કૉમ્પ્લૅક્સ, ખત્રીપોળ સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

ફોન : ૨૨૧૧૪૧૦૮ - email : arunodayprakashan@yahoo.co.in

## તાજેતરનાં તદ્દન નવાં પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| પી. ખરસાણીનો વેશ | જીવનચરિત્ર | પ્રફુલ્લ ખરસાણી | ૮૦૦ |
| શિલ્પ સમીપે | સ્થાપત્ય પરિચય | કનુ સૂચક | ૫૦૦ |
| જ્ઞાન પરબ (જનરલ નૉલેજ ૨૦૧૫) | જનરલ નૉલેજ | સં. બંસીધર શુક્લ | ૨૦૦ |
| અમરવાણી | ચૂંટેલાં પ્રવચનો | સં. બંસીધર શુક્લ | ૨૬૦ |
| રૂપાન્તર | સાહિત્ય-સિનેમા | અમૃત ગંગર | ૩૨૫ |
| નવલકથા : સ્વરૂપ ને વૈવિધ્ય | સ્વરૂપ-વિવેચન | સં. શિરીષ પંચાલ | ૬૨૫ |
| આત્મકથા | સ્વરૂપ-વિવેચન | સતીશ વ્યાસ | ૧૦૦ |
| ટૂંકી વાર્તા | સ્વરૂપ-વિવેચન | વિજય શાસ્ત્રી | ૧૨૦ |
| મેં. ગણદેવીનો ગલો | દ્વિઅંકી | સતીશ વ્યાસ | ૭૦ |
| લાભશંકર ઠાકરના આદર્શ એકાંકી | એકાંકી સંગ્રહ | સં. સતીશ વ્યાસ | ૧૦૦ |
| પદચિહ્ન | સુવિચાર | સં. મહેન્દ્ર શાહ | ૧૪૫ |
| પરસખા પરમેશ્વરને | ઈશ્વરને પ્રાર્થના | નીલમ દોશી | ૮૦ |
| સાદ સાંભળીએ સર્જનહારનો | ઈશ્વરના પત્રો | નીલમ દોશી | ૧૦૦ |
| જીવન ઝરૂખેથી | પ્રેરણાત્મક | નીલમ દોશી | ૧૪૦ |
| ૪૦૧ પ્રશ્નોત્તરમાં સકળ જ્ઞાન | સવાલ-જવાબ | સં. બંસીધર શુક્લ | ૨૦૦ |
| બોમદિલા | નવલકથા | અનુ. પ્રતિભા દવે | ૧૬૫ |
| સિદ્ધાર્થ | નવલકથા | અનુ. કમલ સિંધા | ૧૦૦ |
| ચિત્રલેખા | નવલકથા | અનુ. અલકેશ પટેલ | ૧૦૦ |
| નોખી માટીના માનવો | ચરિત્રો | અંકિત દેસાઈ | ૧૦૦ |
| ગુજરાતના ઘડવૈયા (ભાગ-૨) | ચરિત્રો | મકરંદ મહેતા | ૩૨૫ |
| શબ્દે શબ્દે રણકાર | પ્રેરણાત્મક | હેતા ભૂષણ | ૬૦ |
| શબ્દે શબ્દે શણગાર | પ્રેરણાત્મક | હેતા ભૂષણ | ૬૦ |
| ચેતનાનો ઉજાસ | પ્રેરણાત્મક | કાન્તિ ભટ્ટ | ૧૩૫ |
| ચેતનાનો વૈભવ | પ્રેરણાત્મક | કાન્તિ ભટ્ટ | ૧૩૫ |
| પ્રેરણાના પારિજાત | પ્રેરણાત્મક | કાન્તિ ભટ્ટ | ૧૦૦ |
| મહાભારતની પ્રસંગકથાઓ | પ્રસંગો | જિતેન્દ્ર દવે | ૧૩૦ |
| માનવ અને પર્યાવરણ | પર્યાવરણ | ડૉ. એન. જી. દીક્ષિત | ૧૭૫ |
| આપત્તિ વ્યવસ્થાપન | ડિઝાસ્ટર મૅનેજમેન્ટ | ” | ૯૫ |
| દેશ પરદેશની લોકકથાઓ | લોકકથાઓ | પવનકુમાર જૈન | ૧૧૫ |
| નાની અમથી મોટી વાતો | પ્રેરણાત્મક | નરેન્દ્ર પટેલ | ૯૫ |
| ભારતીય સંસ્કૃતિના સર્જકો | ચરિત્રાત્મક | દિનકર જોષી | ૧૩૦ |
| મહિમા : વિશેષ દિન – પ્રસંગ-વ્યક્તિનો | સામાન્ય જ્ઞાન | બંસીધર શુક્લ | ૧૫૦ |

## આપણાં સુખ-દુઃખ તુલનાનાં !

વિચાર કરતાં એમ લાગે કે આ તુલનાશક્તિની તો કેવી ખૂબી છે !

મનમાં એક વિચાર ચાલતો હતો, મોં મલકાતું હતું. પોતાની જાતને મોટી સમજતો હતો, સુખી માનતો હતો. અચાનક જ કાંઈ યાદ આવ્યું; તેની સાથે સરખામણી થવી શરૂ થઈ. મોં પડી ગયું ! સુખ રાખ થઈ ઊડી ગયું. દુઃખના વિચારોથી મન હવે કડવું થઈ ગયું. મનમાં પીડા ઊપડી. અજંપો થયો. દેહમાં વેદના થઈ આવી... એવામાં બીજું કંઈ યાદ આવ્યું. કોઈકે આવી વધુ દુઃખી માણસની વાત કરી. એ સાંભળી મનને સારું લાગ્યું ! પેલી વેદના ઓસરવા લાગી.

શું છે આ ? તુલનાની આ તે કેવી તાકાત ?

મેળામાં મહાલવા એક માણસ જતો હતો. મસ્તીભરી ચાલ હતી અને ગળામાંથી ગીતોના સૂર રેલાતા હતા. એવામાં રસ્તે ઉતાવળે ચાલતા માણસોના પગ પર નજર પડી. અનેક નર-નારીને એ જાત જાતનાં પગરખાં પહેરીને જતાં જોયાં. રે નસીબ ! મસ્તીનાં ગીતો વરાળ થઈ ઊડી ગયાં ! હાય રે ! મારા પગમાં કાંઈ નહીં ? હું ઉઘાડપગો ! અટકી ગયો. મોળો પડી ગયો. દુઃખી દુઃખી થઈ ગયો ! આગળ વધતાં, ચકડોળ પાસે એક ઠેલણગાડીમાં સૂતેલો માણસ જોયો. આને તો પગ જ ન હતા ! તેને જોયો અને થયું : હાશ ! મને પગ તો છે ! મલકાયો. મનને ઘેરી વળેલો વિષાદ દૂર થયો.

આપણે, આપણાં સુખ-દુઃખને કશીયે સરખામણી વિના તેના સ્વરૂપને પામીએ અને સ્વીકારીએ તો કેવું સારું ? જ્યારે તુલના કરીએ છીએ ત્યારે જ ઉપાધિ આવે છે ! આમ, આપણાં સુખ-દુઃખ વાસ્તવિક છે જ નહીં. કશી તુલના વિના જ જો સુખ-દુઃખનો વિચાર કરીએ તો કેવું સારું. અરે ! આપણે કોઈને સારા કે ખોટા કહીએ છીએ એ પણ અન્યની સરખામણીએ જ ને ?

હવે, તુલનાના કશા વળગણ વિના વિચારવાની ટેવ પાડવા જેવી છે.

તુલના બધે ખપની નથી.

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**


*સ્થાનસમર્પિત*

# વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

અમદાવાદ

## ધ્યેયની સ્પષ્ટતા ગતિને સાર્થક કરે છે

આપણે કાંઈ ને કાંઈ પુરુષાર્થ તો રોજ કરતા જ રહીએ છીએ, પણ એ પુરુષાર્થની સફળતાની આધારશિલા છે : ધ્યેયની સ્પષ્ટતા.

આપણું ધ્યેય સ્પષ્ટ હોય તો જ, તેને સામે રાખીને કરેલી ગતિ સાર્થક બને છે; એ ગતિ પ્રગતિમાં રૂપાંતર પામે છે. ધ્યેયની સ્પષ્ટતા અને તે પછી, તે માટેના પુરુષાર્થનું સાતત્ય જરૂરી છે. આ સરળ નથી. તેમાં વિઘ્ન આવે તોપણ તે ધ્યેયનો વિકલ્પ ન સ્વીકારવો. ધ્યેયપ્રાપ્તિની તીવ્રતા એ વિઘ્નોને વિખેરી નાખે છે; ઓળંગી જવાનું બળ આપે છે.

માટે, ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં સુધી અવિરામપણે મંડ્યા રહેવું તે સિદ્ધિની પૂર્વશરત છે.

ગામ જવા નીકળ્યા, પણ થોડું ચાલીને જો બીજી દિશાના ગામે જવા વિચાર્યું, એટલે વિઘ્ન શરૂ ! તેથી ધ્યેયની સ્પષ્ટતાની જેમ નિશ્ચલતા પણ તેટલી જ જરૂરી છે. તેમાં ચંચળતા ન ચાલે. નિર્ણય લેતાં પહેલાં 'આ કે તે' વિકલ્પ ભલે શોધ્યા કરીએ – એ ચાલે. પણ પછી નહીં.

તે નિર્ણય પછી તબક્કો ગતિનો આવે છે. ગતિ જ પ્રગતિનું રૂપ લે છે અને ધાર્યા ગામ અને ઠામ પહોંચાય છે. માત્ર ચાલવાથી ગામ નથી પહોંચાતું, પણ જે ગામ જવું છે તે ગામની દિશામાં ચાલવાથી તે ગામ પહોંચાય છે – જરૂર પહોંચાય છે.

ધ્યેયની સ્પષ્ટતા ગતિને સાર્થક કરે છે.

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**

: સ્થાનસમર્પિત :

**નિમેષભાઈ ડગલી**

**એમ. બી. ટ્રેડિશનલ પ્રિન્ટ્સ પ્રા. લિમિટેડ**

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,

આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૩૨૯૦૬૬૫૫

# ગ્રંથવિહાર

ગુજરાતી સાહિત્ય પરિષદ, 'ટાઇમ્સ' પાછળ, નદી કિનારે, આશ્રમ માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૯

## સાહિત્ય અકાદમી, દિલ્હીના કેટલાંક પ્રકાશનો

| | |
|---|---|
| અમે બોલીએ છીએ (૨૦૦૯) શાંતિલાલ આચાર્ય | રૂ. ૩૦૦ |
| અનાર્યનાં અડપલાં અને બીજા લેખો (૨૦૦૭) જ. એ. સંજાણા | ૧૩૦ |
| આત્માની માતૃભાષા (૨૦૧૧) સંપા. યોગેશ જોષી | ૨૫૦ |
| ભાષાશાસ્ત્રની કેડીએ (૨૦૦૧) ઊર્મિ દેસાઈ | ૧૭૫ |
| ભાષાવિમર્શ લેખસંચય (૨૦૧૧) સંપા. હર્ષવદન ત્રિવેદી | ૧૪૦ |
| ધ્વન્યાલોક : આનંદવર્ધનનો ધ્વનિવિચાર (૨૦૦૫) નગીનદાસ પારેખ | ૨૨૦ |
| ગુજરાતી સાહિત્યકોશ : ખંડ ૧ : મધ્યકાળ (૧૮૮૯) સંપા. જયંત કોઠારી | ૪૦૦ |
| ગુજરાતી સાહિત્યનો દસમો દાયકો (૨૦૦૩) સં. ભોળાભાઈ પટેલ | ૯૦ |
| ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ ૧ (૨૦૧૫) ઈ. સ. ૧૧૫૦-૧૪૫૦ | ૨૧૦ |
| ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ ૨ ખંડ ૧ (૨૦૧૫) ઈ. સ. ૧૪૫૦-૧૬૫૦ | ૨૮૦ |
| ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ ૨ : ખંડ ૨ (૨૦૧૫) ઈ. સ. ૧૬૫૦-૧૮૫૦ | |
| ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ ૩ (૨૦૧૧) દલપતરામથી કલાપી | ૪૨૦ |
| ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ ૪ (૨૦૧૧) ન્હાનાલાલથી મેઘાણી | ૩૯૦ |
| ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ ૫ (૨૦૧૧) ઈ. સ. ૧૮૯૫-૧૯૩૫ | ૩૨૫ |
| ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ ૬ (૨૦૧૧) ઈ. સ. ૧૮૯૫-૧૯૩૫ | ૪૭૦ |
| ગુજરાતી લેખિકાસૂચિ : ૧૯૦૦થી ૨૦૦૮ (૨૦૦૯) સંપા. દીપ્તિ શાહ | ૯૦ |
| ગુજરાતી ટૂંકી વાર્તાકોશ (૨૦૦૮) સં. ચંદ્રકાન્ત ટોપીવાલા | ૭૫ |
| જ્ઞાનસત્ર : વ્યાખ્યાનો : માંડવી ૨૦૦૬ (૨૦૦૯) સં. પ્રફુલ્લ રાવલ ૧૫૦ | |
| મધ્યકાલીન કૃતિસૂચિ (૨૦૦૪) સં. કીર્તિદા શાહ | ૨૪૦ |
| મધ્યકાલીન કાવ્યશાસ્ત્ર (૨૦૧૨) ધીરુ પરીખ | ૧૦૦ |
| પરબસૂચિ (૨૦૦૭) સં. ઇતુભાઈ કુરકુટિયા | ૨૬૦ |
| પન્નાલાલ પટેલની વાર્તાસૃષ્ટિમાં (૨૦૧૨) સં. પારુલ દેસાઈ | ૧૫૦ |
| રવીન્દ્ર સંચયિતા (૨૦૧૨) સં. અનિલા દલાલ | ૪૬૦ |
| રવીન્દ્ર વિવેચન (૨૦૧૨) સં. નિરંજન ભગત | ૨૦૦ |
| સંસ્કૃતિ સંદર્ભ (૨૦૦૬) સં. રઘુવીર ચૌધરી | ૨૫૦ |
| સાહિત્ય અને પત્રકારત્વ (૧૯૯૯) સં. કુમારપાળ દેસાઈ | ૧૩૦ |
| સામયિક લેખસૂચિ : ૨૦૦૬-૨૦૧૦ (૨૦૧૧) સં. કિશોર વ્યાસ | ૨૦૦ |
| ઉમાશંકરનો વાગ્વૈભવ : ખંડ ૧, ૨, ૩ (૨૦૦૮) ચંદ્રકાન્ત શેઠ | ૫૯૦ |
| વિશિષ્ટ સાહિત્યસંજ્ઞાકોશ (૨૦૦૩) ચંદ્રકાન્ત ટોપીવાળા | ૩૫ |

## પાર્શ્વ પબ્લિકેશન

૧૦૨, નંદન કૉમ્પ્લેક્ષ, મીઠાખળી ગામ રેલવે ફાટક પાસે,
મીઠાખળી, અમદાવાદ-૩૮૦ ૦૦૬. (PH. ૦૭૯-૨૬૪૨૪૮૦૦)

પાર્શ્વ પબ્લિકેશન સહર્ષ રજૂ કરે છે
ચન્દ્રકાન્ત ટોપીવાળાનાં ત્રણ પ્રકાશનો :

**'પત્રવાસરિકા અને થોડુંક લલિત' (૨૦૧૫)**

ડેમા સાઈઝ, કિંમત : ૧૮૦

(અંગતતાના સ્પર્શ સાથે પત્રશૈલી અને રોજનીશી રૂપે લખાયેલાં પ્રાયોગિક વિવેચનો અને 'મારા આતમરામ' અનુસંધાને રચાયેલાં આત્મલેખનોનો સંચય)

**'રચનાવલી' (૨૦૧૫, દ્વિતીય આવૃત્તિ)**

ડબલ ક્રાઉન સાઈઝ, કિંમત : ૬૭૫

(સંક્ષેપના આદર્શ સાથે ભારતીય અને વિશ્વસાહિત્યની જાણીતી રચનાઓમાં સુગમ પ્રવેશ આપતા ગ્રંથનું પુનઃપ્રકાશન)

**આધુનિક પાશ્ચાત્ય સાહિત્યવિચાર (૨૦૧૫)**

ડબલ ક્રાઉન સાઈઝ, કિંમત : ૫૦૦

(ગુજરાતી સંશોધન-વિવેચનની બે તેજસ્વી પ્રતિભા હેમન્ત દવે અને હર્ષવદન ત્રિવેદી દ્વારા પશ્ચિમની વિવેચન વિચારણા પરના ચન્દ્રકાન્ત ટોપીવાળાના લેખોનો સંપાદિત ગ્રંથ)

**પાર્શ્વ દ્વારા પ્રકાશિત ચન્દ્રકાન્ત ટોપીવાળાનાં અન્ય પુસ્તકો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | રમણીય સંક્રમણ | ૨૮૫ | ૯. | બહુસંવાદ | ૧૬૦ |
| ૨. | પ્રતિભાનું કવચ | ૧૬૦ | ૧૦. | સુરેશ જોષી | ૬૦ |
| ૩. | સાક્ષીભાષ્ય | ૧૭૫ | ૧૧. | મધ્યમાલા | ૧૫૦ |
| ૪. | મારો આતમરામ | ૧૫૦ | ૧૨. | કામાખ્યા | ૧૦૦ |
| ૫. | અપરિચિત અ અપરિચિત બ | ૧૫૦ | ૧૩. | દલપતરામનાં શ્રેષ્ઠકાવ્યો | ૧૦૦ |
| ૬. | લઘુ સિદ્ધાન્તવહી | ૨૦૦ | ૧૪. | આવાગમન | ૧૦૦ |
| ૭. | આછાંદસમીમાંસા | ૭૦ | ૧૫. | પક્ષીતીર્થ/વિવૃત | ૮૦ |
| ૮. | સહવર્તી/પરિવર્તી | ૧૮૦ | ૧૬. | ધ રેવન-કાવ્ય રચના | ૨૫ |


DR. FIXIT
WATERPROOFING EXPERT
ઘર તો બનાવ્યું,
પણ ડૉ. ફિક્સિટ ન લગાવ્યું !!
ડૉ. ફિક્સિટ લગાવો,
ઘરને વૉટરપ્રૂફ બનાવો !!
Dr. Fixit Pidiproof LW+
Dr. Fixit Pidicrete URP
Dr. Fixit Pidifin 2K
નવા પ્લાસ્ટર અને કોંક્રીટ માટે
નાની અગાસી માટે
બાથરૂમ અને કિચન માટે
1800 209 5504
info@drfixit.co.in
www.drfixit.co.in